
# ધર્મનું અંજન કર્મનું મંજન

યાને

# ષોડશક ભાવાનુવાદ

અનુવાદક :
દક્ષિણકેશરી પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી
વિજયસ્થૂલભદ્રસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન
મુનિશ્રી કલ્પયશવિજયજી મ. સા.



ॐ अ र्हं न मः

શ્રી આત્મ-કમલ-લબ્ધિ-વિક્રમસૂરીશ્વરજી

ગુ રુ ભ્યો ન મઃ

# ધર્મનું અંજન—કર્મનું મંજન

યાને

## ષોડશક ભાવાનુવાદ

અનુવાદક

દક્ષિણકેસરી પ.પૂ. આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજયસ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.ના
વિનયી શિષ્યરત્ન મુનિભગવંત
શ્રી કલ્પયશવિજયજી મહારાજ સાહેબ.

પ્રેરક

પ્રવચનપ્રભાવક, પોશિનાતીર્થોદ્ધારક, દક્ષિણકેસરી, પરમ પૂજ્ય
આચાર્ય ભગવંત શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ. સા.

-: પ્રકાશક :-
શ્રી જૈન શ્વે. મૂ. પૂ. મંદિર ટ્રસ્ટ
ગાંધીનગર, બેંગલોર-૫૬૦૦૦૯

-: દ્રવ્ય સહાયક :-
શ્રી જૈન શ્વે. મૂ. પૂ. ટ્રસ્ટ,
ગાંધીનગર. બેંગલોર-૫૬૦૦૦૯
શ્રી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ,
રાંદેર રોડ, સુરત
શ્રી જ્ઞાનખાતા તરફથી.

-: પ્રાપ્તિસ્થાન :-
શ્રી આણંદજી મંગલજીની પેઢી
કોઠારી વાડો, મુ. ઈડર (સાબરકાંઠા)

-: મુદ્રક :-
ભરત પ્રિન્ટરી, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ,
અમદાવાદ-૧ * ✆ :- ૩૮૭૯૬૪

# એક મીઠી વાત

પરમકૃપાળુ સર્વજ્ઞભગવંત દ્વારા આગમ શાસ્ત્રોનું રહસ્ય જાણી અન્યને સમ્યગ્જ્ઞાનનો બોધ કરાવવો, આનું નામ છે જ્ઞાનદાન...

૧૪૪૪ ગ્રંથોના રચયિતા પરમગીતાર્થ જ્ઞાનૈશ્વર્યના સ્વામી **પૂજ્યપાદ્શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ**, મિથ્યાત્વના રંગે રંગાયેલા, પોતાના આત્માના ઘોર મિથ્યાત્વના બંધન તોડી, શ્રી જિનેશ્વરપ્રણીત શાસ્ત્રોમાં રસ તરબોળ બની, શાસ્ત્રોનું ગહન અધ્યયન કરી, શ્રુત સાહિત્યનું દાન કરી, અનેક આત્માઓને સમ્યગ્જ્ઞાની બનાવ્યા છે....

આવા મહાપુરુષ દ્વારા વહાવેલી શ્રુતગંગામાં "લલિતવિસ્તરા" નામના મહાન ગ્રન્થે "ઉપમિતિ ભવપ્રપંચકથાના" બેજોડ રચયિતા, શ્રી સિદ્ધર્ષિગણિમહારાજા જેવા મહાપુરુષને પણ, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનનો યથાર્થ બોધ કરાવી, જિનશાસનના પરમ શ્રદ્ધેય મહાપુરુષ બનાવ્યા હતા.

પરમ કરુણાનિધાન **પૂ. પાદ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ** શ્રુતોપાસનાના ફળસ્વરૂપ, **યૌગિકગ્રન્થમાં** યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિન્દુ વગેરે... **આગમિકગ્રંથોમાં** શ્રીદશવૈકાલિકસૂત્ર ઉપર ટીકા, પંચવસ્તુ, તત્ત્વાર્થાધિગમસૂત્રટીકા વગેરે...... **દાર્શનિકગ્રન્થોમાં** ષડ્દર્શન-સમુચ્ચય, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, સન્મતિતર્ક વગેરે... **પ્રકરણગ્રન્થોમાં** અષ્ટકજી, ષોડશકજી, વિંશતિવિંશિકા, પંચાશકજી વગેરે... **કથાગ્રન્થમાં** સમરાઈચ્ચકહા વગેરે અનેક ગ્રન્થોની રચના દ્વારા આગમ ગ્રન્થોની

ગરજ સારી છે, એટલુંજ નહિ, કિંતુ અનેક આત્માઓના મિથ્યાત્વના ઘોર અંધકારને ભેદી, સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્દર્શનના દીપને પ્રજ્વલિત કર્યા છે....

જિનશાસનના રહસ્યોને સુગમ રીતે સમજવા માટે જ્ઞાનના દ્વાર ખોલી, પૂર્ણતાના શિખરે પહોંચવા માટે, સમ્યગ્જ્ઞાનના સોપાન નિર્માણ કર્યા છે....

આવા અનેક પ્રભાવક ગ્રન્થોમાં ષોડશક પ્રકરણ પણ આત્માને પરમાત્મા બનવા માટે સાચું માર્ગદર્શન આપતો મહાન ગ્રન્થ છે.

ધર્મપરીક્ષા, ધર્મલક્ષણ, ધર્મદેશના, જિનમંદિરનિર્માણ, જિનબિંબનિર્માણ, પૂજા સ્વરૂપ, પૂજા વિધાન જેવા અનેક વિષયોથી, આત્માને સાત્ત્વિક સાધક બનાવવા ષોડશક પ્રકરણ ગ્રન્થ પણ એક સુંદર પ્રેરણા આપે છે.....

પૂજ્યપાદે સાચા ધર્મની વ્યાખ્યા માર્મિકતા સાથે, ગંભીરતાપૂર્વક કરી છે.... ધર્મ કોને કહેવાય ? ધર્મી આત્મામાં કેવા ગુણો હોવા જોઇએ ? બાહ્ય ક્રિયાઓની સાથે, આત્મામાં બતાવેલા પાંચ ગુણોથી આત્મા ધર્મી બને છે....

**"औदार्यं दाक्षिण्यं, पापजुगुप्साथ निर्मलोबोधः ॥**
**लिंगानि धर्मसिद्धेः, प्रायेण जनप्रियत्वं च ॥**

ધર્મી આત્માની વ્યાખ્યા સાથે, આવશ્યક ગુણોની વ્યાખ્યા કરતાં, મહર્ષિએ પાંચ ગુણોનું સુંદર વર્ણન કર્યું છે.....

(૧) ઉદારતા.
(૨) દાક્ષિણ્યતા.
(૩) પાપ પ્રત્યે જુગુપ્સા.
(૪) સમ્યગ્જ્ઞાનનો બોધ.

(૫) લોકપ્રિયતા.


આ પાંચ ગુણોથી સુશોભિત ધર્માત્મા, ધર્મની સુવાસ ચોતરફ ફેલાવી, ધર્મતત્ત્વની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે....

સંસ્કૃતભાષામાં અજ્ઞ આત્માઓ પણ, ષોડશક પ્રકરણમાં રહેલા, શાસ્ત્રોક્ત રહસ્યોને પૂર્ણરૂપે યથાર્થ જાણી, આત્મકલ્યાણ કરી શકે, તેના માટે **મુનિરાજશ્રી કલ્પયશવિ.**એ ષોડશકપ્રકરણ ગ્રન્થનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાનો સુંદર અને પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે.

મુનિરાજમાં સ્વાભાવિક કવિત્વશક્તિ તો છે જ, સાથે આવા કઠીન ગ્રન્થનું, સરળરૂપે સામાન્ય બોધવાળા પણ સમજી શકે, તદર્થે ગુર્જરભાષામાં અનુવાદનું ભગીરથ કાર્ય કરી, શ્રુતજ્ઞાનની આરાધના કરી છે. એઓશ્રીની આવી મહાન સાધના આરાધના, મોક્ષાર્થી, શ્રુતાર્થી આત્માઓ, પઠન-પાઠન દ્વારા સફળ કરશે જ તથા આ ગ્રન્થના પઠન-પાઠન દ્વારા રત્નત્રયીને નિર્મળ બનાવી સ્વ-પર કલ્યાણ સાથે પરમાત્મદશાને શીઘ્ર વરે એ જ મંગળ અભિલાષા.....

-આ. શ્રી સ્થૂલભદ્રસૂરિ.

# અંતર વીણા



**श्रोत्रं श्रुतेनैव न कुण्डलेन, दानेन पाणिर्न तु कङ्कणेन ।**
**विभाति कायः खलु सज्जनानाम्, परोपकारेण न चंदनेन ।**

સજ્જન પુરુષો-મહાપુરુષોએ જે કાંઇ શક્તિ પ્રાપ્ત કરી છે તેના વડે તેઓ પરોપકાર જ કરનાર હોય છે. આવા જ એક નિશાંત બુદ્ધિના ધણી, જગત પર પરોપકાર કરનાર, ૧૪૪૪ ગ્રંથના રચયિતા યાકિનીમહત્તરાસૂનુ **પૂજ્યપાદ શ્રીમદ્ વિજયહરિભદ્રસૂરીશ્વરજી મ.સા.** વિક્રમની પાંચમી શતાબ્દિ (મતાંતરે ૮મી સદી)માં થઇ ગયા.

તે મહા પ્રકાંડ વિદ્વાન પૂજ્યશ્રીને એક વિચારધારા સ્ફુરી કે-

બુદ્ધિ મલી પણ બુદ્ધિનો ઉપયોગ કરી જાણ્યો નહીં,
તે બુદ્ધિ શા કામની ?
પુણ્ય મલ્યું પણ પુણ્યનો સદ્ઉપયોગ કીધો નહિ,
તે પુણ્ય શા કામનું ?
માનવ થયો પણ માનવતા સાધી નહિ,
તે માનવ શા કામનો ?
શક્તિ મલી પણ શક્તિથી લક્ષ્યને સાધ્યું નહિ,
તે શક્તિ શા કામની ?

કેવો સુંદર ભાવ ! શક્તિ મલી પણ શક્તિથી લક્ષ્યને સાધ્યું નહિ, લક્ષ્ય હતું મોક્ષ એને સાધવા પરોપકાર ગુણ પહેલાં જ જોઇએ. પરાર્થરસિકતા :- પરોપકાર ગુણ વિના શક્તિ હોવા છતાં સાધ્ય સાધી શકાય નહિ.

કહ્યું છે કે :-

**परोपकाराय फलन्ति वृक्षाः,**
**परोपकाराय वहन्ति नद्यः,**
**परोपकाराय विभाति सूर्यः,**
**परोपकाराय सतां विभूतयः ॥**

એ બધા જ નિઃસ્વાર્થ પરોપકાર કરનારા છે. તેથી જ દુનિયા તેઓને માનથી જુએ છે. તો હુ માનવ બની પરોપકાર કરી લક્ષ્યને કેમ ન સાધી લઉં ?

કેવો ઉમદા વિચાર.... વાહ ! આ જ વિચારે તેઓશ્રીએ વિવિધ વિષયોને આવરી લેતા ૧૬-૧૬ શ્લોકનાં ૧૬ પ્રકરણોની રચના કરી. જેમાં બાલજીવોની દૃષ્ટિ શુદ્ધ-વિશુદ્ધ બને તે માટે તેમાં ધર્મનું અંજન ભર્યું છે અને તે અંજન કર્મનું મંજન કરવા સામર્થ્ય ધરાવે છે. તેથી આ પુસ્તકનું નામ

**' ધર્મનું અંજન કર્મનું મંજન**
**યાને**
**ષોડશક- ભાવાનુવાદ. '**
રાખેલ છે.

આ પુસ્તકમાં જે ભાવાનુવાદ કર્યો છે તેમાં મારું કશું જ નથી. હું કંઇ વિદ્વાન કે લેખક કાંઇ જ નથી પરંતુ પરમોપકારી સંસાર તારક દક્ષિણકેશરી **પૂ. ગુરુ ભ. આ. શ્રી. વિ. સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા**ની અમૃતદૃષ્ટિથી કાંઇક ચંચુપાત યા બાળકની જેમ છબછબીયા કરવા પ્રયત્ન કર્યો છે.

એમાં પણ બાળકને આનંદ તો આવે ને !! તેમ મને પણ આ ષોડશકનું વાંચન કરતાં અપૂર્વ આનંદ આવ્યો અને છબછબીયા કરતાં ભાવાનુવાદ ગોઠવાઇ ગયો.

“ **એક મીઠી વાત**” લખી આપી અસીમ કૃપા વરસાવનાર પૂ. ગુરુદેવશ્રીનો મહાન ઉપકાર શે ભૂલાય ?

ભાવાનુવાદને નજર તળે લઇ પ્રેસથી માંડી બાઈન્ડીંગ સુધીના સંપૂર્ણ કાર્યમાં માર્ગદર્શન આપનાર પૂ. આ. ભ. શ્રી ભદ્રસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જિનચન્દ્રવિજયજી મ. સા.ના શિષ્યરત્ન વંદનીય **પૂજ્ય મુનિશ્રી મુનિચંદ્રવિજયજી મ.સા.**એ પણ મહાન ઉપકાર કર્યો છે. સાથે સાથે **તપસ્વી મુનિશ્રી અમીતયશવિજયજી**એ પણ અથથી ઈતિ સુધી દૃષ્ટિપથમાં લાવી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું છે. તેમને પણ આ તકે કેમ વીસરી શકાય ! ! !

વળી “ **મન મોર બોલે** ” લખી ગ્રંથના માહાત્મ્ય પર સુંદર પ્રકાશ પાડ્યો છે.

અંતમાં ધર્મતત્ત્વને અંતરમાં ઉતારી સહુ પરમસુખનાં ભોક્તા બનો. **એ જ અભ્યર્થના.**

લી. ગુરુપાદપદ્મરેણુ
**મુનિશ્રી કલ્પયશવિજય.**

# મન મોર બોલે.....

ચોરાશી લાખ યોનિરૂપ સંસારમાં ભટકતા જીવોને પરમઆધારરૂપ પરમાત્મા અરિહંતદેવનું શાસન છે. તે શાસન દ્વાદશાંગીમય છે- એ દ્વાદશાંગીના અધ્યયનનો અધિકાર મુનિભગવંતોનો છે. અને શ્રાવક-શ્રાવિકાને શ્રવણનો અધિકાર છે. એ દ્વાદશાંગીના ગૂઢ ભાવોને સમજાવવા માટે શ્રુતધર મહાપુરુષોએ અનેક નિર્યુક્તિઓ ભાષ્યો-ચૂર્ણિઓ-ટીકાઓ-અવચૂરી વગેરેની રચના કરી તથા બાલજીવોના ઉપકાર માટે આગમોના રહસ્યોને પ્રગટ કરતા અનેક પ્રકરણ ગ્રંથોની રચના કરી જેમાં યાકિની મહત્તરાસૂનુ ભવવિરહાંક પદાન્વિત ૧૪૪૪ ગ્રંથના રચયિતા પ.પૂ.હરિભદ્રસૂરીશ્વરજી મ.સા.એ અનેક પ્રકરણગ્રંથોની રચના કરી છે. જેવા કે યોગદષ્ટિસમુચ્ચય,-યોગબિંદુ-ધર્મસંગ્રહણી-પંચાશક-વિંશતિવિંશિકા-અષ્ટકજી-શાસ્ત્રવાર્તાસમુચ્ચય-ષડ્દર્શનસમુચ્ચય-ષોડશક-લઘુસંગ્રહણી-સમરાઈચ્ચકહા-ધૂર્તાખ્યાન-પંચવસ્તુ-ધર્મબિંદુ-સંસારદાવા-લગ્નશુદ્ધિ-સન્મતિતર્ક વગેરે અનેક ગ્રંથોની રચના કરી છે. જેમાં ષોડશક નામના ગ્રંથમાં ધર્મની પરીક્ષા-ધર્મની દેશનાનું સ્વરૂપ-ધર્મના લક્ષણ-ધર્મેચ્છુકનું સ્વરૂપ-લોકોત્તર તત્ત્વનું સ્વરૂપ-જિનભવન નિર્માણનું સ્વરૂપ-જિનબિંબ નિર્માણનું સ્વરૂપ-જિનબિંબ પ્રતિષ્ઠાનું સ્વરૂપ-જિનપૂજાનું સ્વરૂપ-સદ્ અનુષ્ઠાનનું સ્વરૂપ-શ્રુતજ્ઞાનપ્રાપ્તિરૂપ લિંગનું સ્વરૂપ-દીક્ષાધિકારીનું સ્વરૂપ-દીક્ષામાં કરણીય આચારનું સ્વરૂપ-યોગનું સ્વરૂપ-ધ્યાનનું સ્વરૂપ-અને ધ્યાનદ્વારા પ્રાપ્તવ્ય ધ્યેયનું સ્વરૂપ-આ પ્રમાણે સોળ વિષયો પર સોળ સોળ શ્લોકમાં તે તે વિષયોનું વિશિષ્ટ રીતે જે સ્વરૂપ બતાવવામાં આવ્યું

છે તે જૈનેતરદર્શનમાં તો નહિ પણ જૈન શાસનના ગ્રંથોમાં પણ ભાગ્યે જ કોઈક ગ્રંથોમાં જોવામાં આવે છે. એ સ્વરૂપ બાહ્ય પ્રવૃત્તિરૂપે શી રીતે હોય છે અને અભ્યંતર વૃત્તિરૂપે પરિણામ સ્વરૂપે કેવા પ્રકારનું હોય છે.


આ ગ્રંથનાં રચયિતા પ.પૂ.હરિભદ્રસૂરી મ.સા વિક્રમની પાંચમી શતાબ્દિમાં અને મતાંતરે ૮મી સદીમાં થયેલ છે તેઓશ્રી સંસારી અવસ્થામાં ચિત્તોડના રાણાના મહાવિદ્વાન રાજપુરોહિત હતા- અને પોતાની વિદ્વત્તાનું એટલું અભિમાન હતું કે પોતે નિયમ કરેલ કે જે વ્યક્તિનું બોલેલું હું પોતે ન સમજી શકું તો તેનો શિષ્ય થઇ જાઉં- એક વખત રાત્રિના સમયે સાધ્વીજી મ.ના ઉપાશ્રયેથી નિકળતા સાધ્વીજી મ. સ્વાધ્યાય કરતી વખતે "ચક્કીદુગં હરિપણગં" ગાથા બોલ્યા-તે સમજ ન પડતાં-પોતે સાધ્વીજી મ. પાસે જઈ પૂછતા- સાધ્વીજી મહારાજે આચાર્ય મહારાજ પાસે મોકલ્યા. ત્યાં આચાર્ય મહારાજ પાસે ઉપદેશ સાંભળી શિષ્યત્વ સ્વીકારી સંયમ ગ્રહણ કર્યું- જિનાગમોનો અભ્યાસ કરી- પોતાના સંસારી બે ભાણેજોને ઉપદેશ આપી દીક્ષા આપી. બેય ભાણેજો પણ તીક્ષ્ણ બુદ્ધિના કારણે અભ્યાસમાં આગળ વધતા વધતા એક વખત ગુરુમહારાજ પાસેથી રજા લઇ બૌદ્ધદર્શનનો અભ્યાસ કરતા હતા પણ, બૌદ્ધોને ખબર પડતાં તેઓએ બંને મુનિઓને મારી નાખ્યા. આથી અતિ સંતપ્ત થયેલ હરિભદ્રસૂરિ મહારાજ વિદ્યાદ્વારા બૌદ્ધોને આકર્ષી ઉકળતા તેલમાં નાખી દેવા તૈયાર થયા. ત્યારે યાકિની મહત્તરા સાધ્વીજી મહારાજે જઈ આ અયોગ્ય થઇ રહ્યું છે એમ ચેતવતા પોતે અકાર્યથી પાછા ફર્યા અને તેના પ્રાયાશ્ચિત્તરૂપે ૧૪૪૪ ગ્રંથની રચના કરી. પ્રભાવક ચરિત્રના આધારે અંબાદેવીની પ્રેરણાથી ૧૪૪૪ ગ્રંથોની રચના કરી હતી- પૂજ્યપાદશ્રીએ નવીન ગ્રંથો ઉપરાંત આગમસાહિત્ય ઉપર અનેક ટીકાઓની રચના

પણ કરી છે. પૂજ્યશ્રીના ગ્રંથોએ જિનશાસનમાં આગમ તુલ્ય માન્યતા પ્રાપ્ત કરી છે.

આ ગ્રંથ પર એના ભાવોને સ્પષ્ટ કરવા માટે પ.પૂ. યશોભદ્રસૂરીશ્વરજી મ.સા.''સુગમાર્થ કલ્પના'' નામની ટીકા રચી છે. તેઓશ્રી બાબતનો વિશેષ કોઇ પરિચય પ્રાપ્ત થતો નથી. બીજી ટીકા ન્યાયવિશારદ-ન્યાયાચાર્ય ઉપા. શ્રી યશોવિજયજી મ.સા.એ યોગદીપિકા નામની સંક્ષિપ્ત ટીકા રચી છે-આ બંને ટીકાઓ ગ્રંથના ભાવને સમજવા માટે ખૂબ જ સહાયક બને છે.

આ ગ્રંથ ઉપર અનેક મહાત્માઓના પ્રવચનો પ્રગટ થયેલા છે. અને પૂ.મુનિવર્યશ્રી કલ્પયશ વિ.મ. પોતે જ્યારે ષોડશક ગ્રંથ વાંચતા હતા. ત્યારે એની જે નોંધ કરી હતી તેમાં સુધારો વધારો કરી બે ટીકાઓના ભાવનો યત્કિંચિત્ સમાવેશ કરવાપૂર્વક આખું લખાણ તૈયાર કર્યું છે. જે ગ્રંથના ભાવોને સમજવા માટે અલ્પજ્ઞ જીવોને સહાય રૂપ બનશે. આ ગ્રંથનો અભ્યાસ કરી સર્વે જીવો પોતાના કર્મોનો અંત કરી મોક્ષ સુખને વરો એ જ શુભ કામના.

**દ. પ. પૂ. ગુરુદેવ શ્રી સ્થૂલભદ્રસૂ. મ. સા.નો શિષ્ય**
**મુનિ. અમિતયશવિ.**



# ગુંજન પ્રકાશકનું...

**काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमतां ।**
**व्यसनेन च मूर्खाणां निद्रया कलहेन वा ॥**
**यथा तानं विना रागो, यथा मानं विना नृपः ।**
**यथा दानं विना नागस्था ज्ञानं विना नरः ॥**

તાલ વિનાનો રાગ, માન વિનાનો રાજા, દાન (મદ) વિનાનો હાથી, જેમ શોભતો નથી તેમ જ્ઞાન વિનાનો માનવી પણ શોભતો નથી. તેથી સદ્જ્ઞાનની ખાસ આવશ્યકતા છે. કાલનું નિર્ગમન કરવા બુદ્ધિમાન પુરુષો, શાસ્ત્રાધ્યયન, ચિંતન, મનન અને શાસ્ત્રલેખનમાં જ રમી રહ્યા હોય છે. આવા જ એક પરહિતચિંતક, અદ્વિતીયજ્ઞાની યાકિની મહત્તરાસૂનુ પૂ.પાદ શ્રીમદ્ વિજયહરિભદ્રસૂરીશ્વરજીએ શાસ્ત્રપરિશીલન દ્વારા ષોડશક પ્રકરણની સુંદર રચના કરી જીવનની પળોને ધન્યાતિધન્ય બનાવી.

આ ષોડશક પ્રકરણનું વાંચન કરતાં[૨] કરેલી નોંધ પરથી પૂ. મુનિવર્યશ્રી કલ્પયશવિજયજી મ.સાહેબે કરેલ ભાવાનુવાદને પુસ્તક રૂપે પ્રગટ કરતાં અમો ગૌરવ સાથે આનંદ અનુભવીએ છીએ.

આ પૂર્વે પૂ.મુનિભગવંતશ્રી રચિત **"ઉગમતે સવાર મોર કરે ટહુકાર"** એ પુસ્તક તેઓશ્રીનાં સંવત, ૨૦૪૬નાં અપૂર્વ અનુમોદનીય ચાતુર્માસ દરમ્યાન પ્રગટ કરવાની તક મલી હતી. તેની પણ અમો ભાવવાહી અનુમોદના કરીએ છીએ.

આ પુસ્તક માટે **એક મીઠી વાત** લખી આપી પરમ ઉપકાર કરનાર દક્ષિણકેસરી શ્રી નાકોડા-અવંતિ ૧૦૮ પાર્શ્વનાથ તીર્થ સ્થાપક પ. પૂ. શ્રીમદ્વિજય આ.દેવ શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.નાં ચરણોમાં ઝૂકી[૨] કૃતાર્થતા અનુભવીએ

છીએ.

પ્રેસ મેટર બનાવવામાં સહાયક બનનાર શાહ ભુરમલ વીરચંદ 'પ્રાગ્વાટ પરમાર' કૈલાસનગર (સીરોહી) વાલા તેમજ ગાંધીનગર (બેંગલોર) શ્રી ભેદા ખીંઅશી ઠાકરશી જૈન પાઠશાળાનાં અધ્યાપક મહોદય શ્રી રાજેન્દ્ર સી. શાહ (ભાવનગરવાળા) આદિ અન્ય સહાયકોને પણ ભાવપુષ્પોદ્વારા સન્માનીયે છીએ.

પુસ્તકનાં કાર્યને સંપૂર્ણ કરી આપનાર 'ભરત પ્રિન્ટરી' નો આભાર માનીએ છીએ.

આ પુસ્તક-પ્રકાશનમાં અમારી સાથે શ્રી જૈન શ્વે.મૂ.સંઘ-રાંદેરરોડ, (સુરત) તરફથી પણ જ્ઞાનખાતાની રકમ પ્રાપ્ત થઈ છે તેનો સાદર સ્વીકાર કરતાં ધન્યવાદ અર્પીએ છીએ.

પશુ થઈ માનવ જગતમાં ફરે છે,
સમય તો ક્ષણે ક્ષણે હંમેશા સરે છે,
સૂરજ ઉગે છે અને આથમે છે,
જીવનમહીંથી દિવસ, એકેક ખરે છે.


જીવનમાંથી ચાલ્યા જતાં દિવસો અને લાખેણી અણમોલ પળોને; આવા સુંદર પુસ્તકોના વાંચન, મનન અને ચિંતન દ્વારા સ્વજીવન ધન્ય બનાવી પરમપદનાં સહુ ભોક્તા બનો....

એજ અભ્યર્થના.....

લી:-
**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંદિર ટ્રસ્ટ**
ગાંધીનગર, બેંગલોર - ૫૬૦૦૦૯.

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષયદર્શન | પેજ |
|---|---|---|
| ૧ | ધર્મપરીક્ષા ષોડશક | ૦૧-૦૭ |
| ૨ | દેશના ષોડશક | ૦૮-૧૨ |
| ૩ | ધર્મલક્ષણ ષોડશક | ૧૩-૧૯ |
| ૪ | ધર્મેચ્છુલિંગ ષોડશક | ૨૦-૨૬ |
| ૫ | લોકોત્તરતત્ત્વપ્રાપ્તિ ષોડશક | ૨૭-૩૨ |
| ૬ | જિનમંદિર નિર્માણ ષોડશક | ૩૩-૩૮ |
| ૭ | જિનબિંબ નિર્માણવિધિ ષોડશક | ૩૯-૪૩ |
| ૮ | પ્રતિષ્ઠાવિધિષોડશક | ૪૪-૪૮ |
| ૯ | પૂજાસ્વરૂપ ષોડશક | ૪૯-૫૩ |
| ૧૦ | પૂજાફલ ષોડશક | ૫૪-૫૮ |
| ૧૧ | શ્રુતજ્ઞાનલિંગ ષોડશક | ૫૯-૬૪ |
| ૧૨ | દીક્ષાધિકાર ષોડશક | ૬૫-૭૦ |
| ૧૩ | ગુરુવિનય ષોડશક | ૭૧-૭૭ |
| ૧૪ | યોગભેદ ષોડશક | ૭૮-૮૨ |
| ૧૫ | ધ્યેયસ્વરૂપ ષોડશક | ૮૩-૮૭ |
| ૧૬ | શમરસ ષોડશક | ૮૮-૯૩ |
| ૧૭ | હારિભદ્રી વાણી | ૯૪-૯૬ |



જન્મ :- વિ. સં. ૧૯૯૦ ફા. શુ. ૧૫
દીક્ષા :- વિ. સં. ૨૦૦૭ વૈ. શુ. ૬
ગણીપદ :- વિ. સં. ૨૦૨૮ વૈ. શુ. ૬
પંન્યાસપદ :- વિ. સં. ૨૦૩૧ મ. શુ. ૧૨
આચાર્યપદ :- વિ. સં. ૨૦૪૩ પો. વ. ૧

**પૂ. આ. શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી.**
←

પ્રકૃષ્ટ પુણ્યના સ્વામિ પૂજ્ય ગુરુદેવ !

આપશ્રીએ બાલવયમાં સંયમ ગ્રહી તપ, ત્યાગ અને જ્ઞાનાભ્યાસમાં લીન બની જીવનની નિર્મલતાને પ્રાપ્ત કરતાં જિનશાસનમાં આજ તૃતીય (આચાર્ય) પદે જાતિરત્નની જેમ શોભી રહ્યા છો.

આપની પુણ્ય પ્રતિભા ચઉદિશે પ્રકાશ ફેલાવી રહી છે. આપની પ્રશાંત મુદ્રા, વાત્સલ્યતા, ગંભીરતાદિ ગુણ સમૂહ સ્હેજે આકર્ષી રહ્યો છે.

અમદાવાદ મહાસુખનગરમાં આપશ્રીની પ્રેરણાથી મંદિરાદિ ધર્મસ્થાનકોની સ્થાપનામાં યત્કીંચિત્ લાભ મલ્યો તેની અનુમોદના કરીએ છીએ.

અમારા વતન ઇડરગઢ પર આવેલ તીર્થનો વિકાસ તેમજ બેંગ્લોર નજીક મહાન તીર્થની સ્થાપના આપની પરમ કૃપાનું તેમજ પ્રેરણાનું ફળ છે. વળી અમારા પરિવાર પર પૂજ્યોની કૃપાધારાને અસ્ખલિત વહાવતાં પ્રેરણાનાં પીયૂષ પાઇ રહ્યા છો એજ રીતે કૃપા ધારાને નિરંતર વહાવતા રહો. એજ...... મંગલ યાચના સહ

**મહેતા મહેન્દ્રકુમાર પોપટલાલ ઇડરવાળાની**
કોટીશઃ વંદના
અમદાવાદ.... મંગલપાર્ક પાલડી.

# શુદ્ધિપત્રક

| પેજ | ગાથા | પંક્તિ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૮ | ૫ | ૨-૩ | (મિથ્યાત્વી) જીવોને અપવાદ નથી ત્યાં અપવાદની ભ્રાંતિ થાય છે. |
| ૨૯ | ૬ | ૨ | શું અન્યથા થાય ? ન થાય. |
| ૨૯ | ૯ | ૨૧ | બને તે સદનુષ્ઠાનનો હેતુ |
| ૫૪ | ૧ | ૨૧ | ઉચિતક્રમથી ઉત્પન્ન પ્રશાંત. |
| ૫૮ | ૧૪ | ૩ | અચિકિત્સ્ય |
| ૬૩ | ૧૨ | ૨૧ | વિપર્યય |
| ૮૦ | ૭ | ૬ | ઉત્થાનમાં એટલે કે ચિત્ત |
| ૮૧ | ૧૦ | ૧ | (રોગ)માં એટલે કે સદંતર અનુષ્ઠાન છોડવામાં |
| ૮૧ | ૧૦ | ૪ | અભાવવાળું બને છે. |
| ૮૪ | ૫ | ૩ | પરિણત |
| ૮૭ | ૧૪ | ૪ | જેવું અને નિર્મલ |
| ૯૦ | ૯ | ૨૧ | એકજ આત્મ (પુરુષ) તત્ત્વ છે. |
| ૯૩ | ૧૬ | ૮ | હિત |

॥श्री॥

# श्री षोडशक प्रकरणम्

## ધર્મપરીક્ષા ષોડશક -૧

**प्रणिपत्य जिनं वीरं सद्धर्मपरीक्षकादिभावानाम् ।**
**लिङ्गादि भेदतः खलु वक्ष्ये किञ्चित्समासेन ॥ १ ॥**

શ્રી મહાવીરસ્વામી ભગવંતને નમસ્કાર કરીને સદ્ધર્મ પરીક્ષકાદિ-ભાવોને લિંગાદિ(આચાર-વેષ)ના ભેદોથી કંઇક સંક્ષેપમાં કહીશ- કહું છું....૧

**बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।**
**आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन ॥ २ ॥**

ધર્મ પરીક્ષક ત્રણ જાતના છે.

(૧) બાળ, (૨) મધ્યમ, (૩) પંડિત.

**બાળ:-** મુખ્યત્વે કરીને બાહ્યાકાર (વેષ)ને જુએ છે.

**મધ્યમ:-** મુખ્યત્વે કરીને આચારને જુએ છે.

**પંડિત:-** આગમતત્ત્વને જુએ છે. કારણ કે ધર્મ-અધર્મની વ્યવસ્થા આગમથી થાય છે....૨

**बालो ह्यसदारम्भो मध्यमबुद्धिस्तु मध्यमाचारः ।**
**ज्ञेय इह तत्त्वमार्गे बुधस्तु मार्गानुसारी यः ॥ ३ ॥**

**બાળ:-**

૧. આગમમાં નિષેધેલ કાર્ય કરનારો :-

દા. ત. મંદિરમાં પ્રભુદર્શન, ગુણકિર્તનમાં મગ્ન રહેવું. આડું-અવળું જોવું નહિ. આડી-અવળી વાતો આદિ ન કરવું જોઈએ, છતાં કરે. સામાયિક, પ્રતિક્રમણ, પૌષધાદિ કરતાં આડી-અવળી વાત ન કરવી જોઈએ, છતાં કરે.

૨. આગમમાં જે ન હોય તે કરે:-

દા.ત. સાક્ષાત્ સાધુની અષ્ટપ્રકારી પૂજા કહી ન હોવા છતાં કરે તે. ડોળી આદિની પ્રવૃત્તિ કરે તે.

ત્રણ જાતનાં પાત્ર બતાવેલ છે. માટીનું, તુંબીનું અને કાષ્ઠપાત્ર. તે છોડી અન્ય સાધનો (બીજા પ્રકારનાં) વાપરે. દા.ત. પ્લાસ્ટિક, રબ્બર,ધાતુ વિગેરેના.

૩. નાશ પામી ગયું હોય તેનો આરંભ કરે:-

આગમમાં જે કહ્યું હોય, જે પ્રવૃત્તિ ચાલતી અટકી ગઈ હોય, તે આચરવું, તેનું નામ નાશ પામેલાનો આરંભ.

**મધ્યમ :-**

ગુરુ લાઘવ (લાભ-નુકશાન)નો વિચાર કર્યા વિના કાર્ય કરનારો, સૂત્રમાં જેવું જોવા મળે તેવું કરનારો. અર્થાત્ ઊંડા અર્થને નહીં વિચારનારો, દીર્ઘદૃષ્ટિ વિનાનો.

દા.ત. "ભાદરવા મહિને મીઠું ગુણકારી કહ્યું છે," એમ સાંભળી મીઠું ફાકવા (ખાવા) માંડે.

દૃષ્ટાંત :- દયા, દાન, કરવું સારું માની પાણી ભરવા ગયેલી ડોશીમાએ તૃષાથી પીડાતા વાછરડાને ગળામાં દોરડું નાખી, તરસ છીપાવવા કૂવામાં ઉતાર્યું, નિરાંતે જેટલું પાણી પીવું હોય તેટલું પીવે તેમ

વિચારીને પાણીનું દાન કર્યું, પણ તે વાછરડાના મોત માટે થયું. ઊંડો વિચાર કર્યા વિનાનું ( તે દયા, દાન) વાસ્તવિક ન કહેવાય.

**પંડિત :-** મોક્ષમાર્ગમાં જ્ઞાનાદિત્રયને અનુસરનારો (તત્ત્વમાર્ગે ચાલનારો.)

વ્યાખ્યા :- આત્મા અને કર્મના ભેદને જાણી કર્મના નાશ માટે જ્ઞાનાદિ રત્નત્રયીની સાધના કરનારો (તત્ત્વમાર્ગે ચાલનારો.)

દા.ત :- સુકોશલમુનિ, ઝાંઝરીયામુનિ, ખંધકમુનિ વિ....૩

**बाह्यं लिङ्गमसारं तत्प्रतिबद्धा न धर्मनिष्पत्तिः ।**
**धारयति कार्यवशतो यस्माच्च विडम्बकोऽप्येतत् ॥४ ॥**

બાહ્યલિંગ (વેષ, આચાર વિ...) અસાર છે. તેનાથી કોઈ ધર્મની નિષ્પત્તિ (સિદ્ધિ-પ્રાપ્તિ) થતી નથી.વિડંબક (બહુરૂપી) પણ પોતાના ધાર્યા મુજબની સિદ્ધિ માટે વેશ ધારણ કરે છે.

દા.ત. :- વિનયરત્ને ઉદાયીરાજાનો નાશ કરવા માટે જેમ વેશ ધારણ કર્યો હતો. તેના આંતરભાવ જુદા અને બાહ્યલિંગ (વેશ-આચાર) જુદાં હતાં....૪

**बाह्यग्रन्थत्यागान्न चारु नत्वत्र तदितरस्यापि ।**
**कञ्चुकमात्रत्यागान्न हि भुजगो निर्विषो भवति ।।५ ।।**

ધન-ધાન્ય વિગેરેરૂપ બાહ્યલિંગના ત્યાગમાત્રથી તેનામાં (બાહ્યલિંગમાં) સારાપણું આવતું નથી. સારાપણું લાવવા માટે લિંગ સાથે ભાવ પણ જોઈએ. કારણકે કેટલાક મનુષ્યો, તિર્યંચો પણ (ધન-ધાન્ય છોડવારૂપ) એવો ત્યાગ કરે છે. જેમ કે કાંચળી ઉતારવા માત્રથી સાપ ઝેર વિનાનો થતો નથી. સંસારનો ત્યાગ કરે, સાધુનો વેશ પહેરે, આચાર પણ સુંદર રીતે પાળે. પરંતુ દેવલોકાદિના સુખ માટે કરે. તે ધર્મ ધર્મરૂપે બનતો નથી. સંસારના બાહ્યવેશનો ત્યાગ કર્યો પણ સંસારના સુખરૂપ રાગનું ઝેર ગયું નહિ.

**સારાંશ :-** બાહ્યવેશની સાથે ભાવ પણ (સંસારનું ઝેર ઉતારે તેવા) સારા જોઈએ.

દા. ત. :- અષાઢાભૂતિ નાટક કરતાં કેવળજ્ઞાન પામ્યા, ઇલાચીપુત્ર, બાહુબલિજી, મેતારજમુનિ, ગજસુકુમાલમુનિ વિગેરે....૫

**मिथ्याचारफलमिदं ह्यपरैरपि गीतमशुभभावस्य ।**
**सूत्रेऽप्यविकलमेतत्प्रोक्तममेध्योत्करस्यापि ॥ ६ ॥**

બીજા ધર્મવાળાઓએ પણ કહ્યું છે કે, આ બાહ્યલિંગ (વેષ) છે તે મિથ્યાચારનું કાર્ય છે. અર્થાત્ બાહ્યલિંગને ધરનારો મિથ્યાચારવાળો છે, અશુભ ભાવમાં રહેતો હોવાથી બાહ્યલિંગ (વેષ) મિથ્યાચાર (વિશિષ્ટ ભાવશૂન્ય આચાર)નું ફળ છે.

મિથ્યાચાર :- (માયાવી) બહારથી ઇંદ્રિયોનો સંયમ કરનારો, અંતરમાં ઇંદ્રિયોનાં વિષયોની... (સુખની) ઇચ્છા કરનારો. આપણા આગમમાં કહ્યું છે કે, સંપૂર્ણ બાહ્યલિંગ (વેષ) વિષ્ટાના ઉકરડા જેવું છે. અર્થાત્ તે કોઇ કાર્યની સિદ્ધિ માટે ઉપયોગી નથી. ઉલ્ટું દુ:ખને આપનાર છે....૬

**वृत्तं चारित्रं खल्वसदारम्भविनिवृत्तिमत्तच्च ।**
**सदनुष्टानं प्रोक्तं कार्ये हेतूपचारेण ॥७॥**

**મધ્યમ બુદ્ધિવાળો-વૃત્ત** (ચારિત્ર)ને વિચારે છે. નિષેધરૂપ અને વિધેયરૂપ ચારિત્ર છે, પાપ કરવું નહિ તે નિષેધરૂપ છે અને સદ્નુષ્ઠાન આચરવું તે વિધેય છે.(નિવૃત્તિ-પ્રવૃત્તિ)એ જ ચારિત્ર છે. વળી અસદારંભ છોડવો તે નિવૃત્તિમય ચારિત્ર છે. તે જ સદનુષ્ઠાન છે. કાર્યમાં કારણનો ઉપચાર છે. તેથી અસદનુષ્ઠાનની નિવૃત્તિ એ જ ચારિત્ર કહેવાય છે, તે જ સદનુષ્ઠાન છે....૭

**परिशुद्धमिदं नियमादान्तरपरिणामतः सुपरिशुद्धात् ।**
**अन्यदतोऽन्यस्मादपि बुधविज्ञेयं त्वचारुतया ॥ ८ ॥**

**સદનુષ્ઠાનના બે પ્રકાર છે. (૧) શુદ્ધ અને (૨) અશુદ્ધ.** જ્યાં આત્માના પરિણામ શુદ્ધ હોય તે શુદ્ધ, અને અશુદ્ધ હોય તે અશુદ્ધ અનુષ્ઠાન કહેવાય છે.

**શુદ્ધ** :-જે અનુષ્ઠાન પાછળ સમ્યક્દર્શન અને સમ્યક્-જ્ઞાનની પરિણતી હોય તે શુદ્ધ અનુષ્ઠાન.

**અશુદ્ધ** :- લાભ, પૂજા, પ્રસિદ્ધિ માટે કરાતું અનુષ્ઠાન અશુદ્ધ છે. (તે) પંડિત પુરુષો વડે શુધ્ધાશુધ્ધ જાણી શકાય છે. ૮

**गुरुदोषारम्भितया तेष्वकरणयत्नतो निपुणधीभिः ।**
**सन्निन्दादेश्च तथा ज्ञायत एतन्नियोगेन ॥ ९ ॥**

અશુદ્ધ અનુષ્ઠાનની કેવી રીતે ખબર પડે ?

પ્રવચનનો ઉપઘાત વિગેરે મોટા દોષ લગાડવાથી અને નાના દોષ ન લગાડવાથી. એટલે કે મોટા દોષ લગાડતો હોય અને નાના દોષ લાગવા દેતો ન હોય, સાધુ-સાધ્વીની નિંદા કરતો હોય. આવાં લક્ષણોથી ખબર પડે છે. નિપુણ બુદ્ધિવાળાઓ આ કારણ વડે અશુદ્ધ અનુષ્ઠાન જાણે છે-કહે છે. ૯

**आगमतत्त्वं ज्ञेयं तद्दष्टेष्टाविरूद्धवाक्यतया ।**
**उत्सर्गादिसमन्वितमलमैदम्पर्य्यशुद्धं च ॥ १० ॥**

**બુધપુરુષ** :- આગમતત્ત્વની પરીક્ષા કરે છે.

**આગમતત્ત્વ**:- દૃષ્ટ તથા ઈષ્ટ વિરુદ્ધ ન હોય તેવા વાક્યવાળું, જેમાં ઉત્સર્ગ અને અપવાદ બંને વાતો હોય, અને વળી જેમાં ભાવ શુદ્ધ હોય, તે આગમતત્ત્વ કહેવાય છે.

**દૃષ્ટ વિરૂદ્ધ વાક્ય :-** આપણી નજર સમક્ષ જગત દેખાય છે તેવું નથી. એવું પ્રતિપાદન કરનાર શાસ્ત્ર તે દૃષ્ટવિરૂદ્ધ શાસ્ત્ર કહેવાય.

જેમકે બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે. જગત નજર સામે હોવા છતાં, તે નથી તેમ કહેવું, તે દૃષ્ટવિરુદ્ધ શાસ્ત્ર છે.

**ઈષ્ટ વિરૂદ્ધ વાક્ય:-** આ જીવને સુખ ગમે છે, તેમ છતાં કેટલાંક દર્શનકારો મોક્ષમાં સુખ-દુ:ખ નથી તેમ કહે છે. તેથી તો મોક્ષ મેળવવા માટે કોઈ પુરૂષાર્થ ન કરે તે ઈષ્ટવિરૂદ્ધ વાક્ય કહેવાય.

ઉત્સર્ગ એટલે સામાન્ય, નિયમ જેમકે હિંસા ન કરવી, અપવાદ એટલે વિશેષ, નિયમ જેમાં બિમારી વિગેરે કારણ હોય. ઐદંપર્યય એટલે ભાવાર્થ. ૧૦.

**आत्मास्ति स परिणामी बद्धः सत्कर्मणा विचित्रेण ।**
**मुक्तश्च तद्वियोगाद्धिंसाहिंसादि तद्धेतुः ॥ ११ ॥**

**આગમતત્ત્વ :-** (૧) આત્મા છે. (૨) પરિણામે નિત્યં છે. (૩) વિચિત્ર પ્રકારના કર્મથી બંધાયેલો છે. (૪) કર્મ વિયોગે મોક્ષ થાય છે.

(૧) આત્મા છે. (૨) નિત્ય છે. (૩) કર્મનો કર્તા છે. (૪) કર્મનો ભોક્તા છે. (૫) મોક્ષ છે. (૬) મોક્ષનો ઉપાય છે.

હિંસા વિગેરે પાંચ કર્મબંધનાં કારણ છે. (પ્રાણાતિપાતાદિ પાંચ) અહિંસા વિગેરે પાંચ મોક્ષનાં કારણો છે. આ આગમતત્ત્વ કહેવાય છે....૧૧.

**परलोकविधौ मानं वचनं तदतीन्द्रियार्थदृग्व्यक्तम् ।**
**सर्वमिदमनादि स्यादैदम्पर्य्यस्य शुद्धिरिति ॥ १२ ॥**

ઐદંપર્યાય (તાત્પર્ય-આગમસાર-ભાવાર્થ)ની શુદ્ધિ:- પરલોકનાં કર્તવ્યોમાં જિનવચન પ્રમાણ છે. તે વચન અતીન્દ્રિય અર્થને જોનાર જિનનું છે. આ વચનપ્રવાહની અપેક્ષાએ અનાદિ છે. ભરતક્ષેત્રની અપેક્ષાએ સાદિસાંત છે. મહાવિદેહની અપેક્ષાએ અનાદિ અનંત છે.

ઉપરની બતાવેલી બધી વાતો જેમાં હોય, તે શાસ્ત્ર ભાવાર્થ શુદ્ધ કહેવાય છે... ૧૨

**बालादिभावमेवं सम्यग्विज्ञाय देहिनां गुरुणा ।**
**सद्धर्मदेशनापि हि कर्त्तव्या तदनुसारेण ॥ १३ ॥**

બાળ-મધ્યમ-પંડિતને ઉપકાર થાય તેવી દેશના દેવી.

**બાળને** બાહ્ય લિંગ-વેષ-લોચ વિગેરેની દેશના આપવી.

**મધ્યમ**ને આચારપ્રધાન દેશના આપવી.

**પંડિત**ને આગમપ્રધાનની દેશના આપવી... ૧૩

**यद्भाषितं मुनीन्द्रैः पापं खलु देशना परस्थाने ।**
**उन्मार्गनयनमेतद्भवगहने दारुणविपाकम् ॥ १४ ॥**

બાળને યોગ્ય દેશના મધ્યમ અથવા પંડિતને આપવી તે પરસ્થાન- દેશના કહેવાય, તેને આગમના અભ્યાસીઓ પાપદેશના કહે છે. તેનાથી જીવો ઉન્માર્ગી બને અને સંસારમાં તેનો દારુણ વિપાક પામે- ભોગવે....૧૪.

**हितमपि वायोरौषधमहितं तच्छ्लेष्मणो यथात्यन्तम् ।**
**सद्धर्मदेशनौषधमेवं बालाद्यपेक्षमिति ॥ १५ ॥**

દા. ત. વાયુવાળાને ઘી હિતકારી છે. પરંતુ કફવાળાને તે અત્યંત અહિતકારી છે.પિત્તવાળાને સાકર ગુણકારી છે, પણ કફવાળાને નુકશાનકારી છે. આ રીતે ઔષધની જેમ બાળ-મધ્યમ-પંડિતની અપેક્ષાએ દેશના સમજવી. ૧૫.

**एतद्विज्ञायैवं यथार्ह ( थोचितं ) शुद्धभावसम्पन्नः ।**
**विधिवदिह यः प्रयुङ्क्ते करोत्यसौ नियमतोबोधिम् ॥१६ ॥१ ॥**

આ રીતે જાણીને વિધિપૂર્વક શુદ્ધ ભાવ પામેલા ગુરુ યથોચિત્ત દેશના આપે તો તે દેશનાથી અવશ્ય સમ્યક્દર્શન પ્રાપ્ત થાય છે. ૧૬

**: इति प्रथमं षोडशकम्**

**बालादीनामेषां यथोचितं तद्विदो विधिर्गीतः ।**
**सद्धर्मदेशनायामयमिह सिद्धान्ततत्त्वज्ञैः ॥ १ ॥**

સિદ્ધાંતના જાણકાર પુરુષો વડે સદ્ધર્મની દેશનામાં આ પ્રમાણે વિધિ કહી છે. તે બાળાદિનાં સ્વરૂપને જાણનારો દેશનાદાતા બાલાદિને યોગ્ય દેશના આપે....૧.

**बाह्याचरणप्रधाना कर्त्तव्या देशनेह बालस्य ।**
**स्वयमपि च तदाचारस्तदग्रतो नियमतः सेव्यः ॥ २ ॥**

બાલની આગળ બાહ્યાચાર પ્રધાન દેશના કરવી જોઈએ અને તે આચારનું પાલન જાતે પણ કરવું જોઈએ. ઉપદેશક આચરણ ન કરે, તો તેને (બાલને) ખોટી શંકા થવાથી શ્રોતાને મિથ્યાત્વની વૃદ્ધિનો પ્રસંગ આવે. ૨.

**सम्यग्लोचविधानं ह्यनुपानत्कत्वमथ धरा शय्या ।**
**प्रहरद्वयं रजन्यां स्वापः शीतोष्णसहनं च ॥ ३ ॥**
**षष्टाष्ठमादिरूपं चित्रं बाह्यं तपो महाकष्टम् ।**
**अल्पोपकरणसन्धारणं च तच्छुद्धता चैव ॥ ४ ॥**
**गुर्वी पिण्डविशुद्धिश्चित्रा द्रव्याद्यभिग्रहाश्चैव ।**
**विकृतीनां सन्त्यागस्तथैकसिक्थादिपारणकम् ॥ ५ ॥**
**अनियतविहारकल्पः कायोत्सर्गादिकरणमनिशं च ।**
**इत्यादि बाह्यमुच्चैः कथनीयं भवति बालस्य ॥ ६ ॥**

બાલને દેશના નીચે પ્રમાણે આપવી:-

૧. સાધુઓનો લોચ, ૨. પાદત્રાણનો ત્યાગ, ૩. ભૂમિશયન,

૪. રાત્રીના બીજા અને ત્રીજા પહોરમાં નિદ્રા, ૫. પહેલા અને ચોથા પ્રહરમાં સ્વાધ્યાય, ૬. અનુકૂળ, પ્રતિકૂળ (શીત-ઉષ્ણ આદિ) ઉપસર્ગ સહવાં, ૭. છટ્ઠ-અઠ્ઠમ આદિ વિવિધ પ્રકારનાં તપ કરવાં, ૮. મહાકષ્ટ સહવાં, ૯. અલ્પ ઉપકરણ રાખવાં (અલ્પ પરિગ્રહ) અને તેની શુદ્ધિ રાખવી, (નિર્દોષ લેવાં), ૧૦. મોટી પિંડવિશુદ્ધિ (આધાકર્માદિ મોટા દોષોનો ત્યાગ)નું પાલન કરવું, ૧૧. દ્રવ્ય, ક્ષેત્ર, કાળનાં જુદાં જુદાં અભિગ્રહ કરવાં, ૧૨. વિગઈનો ત્યાગ, ૧૩. એક સિક્થ (કોળીયો) પારણામાં ઉણોદરી, ૧૪. અનિયત (એક ક્ષેત્રમાં નહિ) વિહાર, ૧૫. કાયોત્સર્ગ કરવો, ૧૬. ઉપાશ્રયની પ્રતિલેખના-પ્રમાર્જના કરવી, ૧૭. કાળગ્રહણ લેવા વિગેરે સાધુ આચારની વાત કરવી. ઈત્યાદિ બાહ્યાચાર બાલકને સારી રીતે સમજાવવો જોઈએ. જેથી કરીને તે દેવાદિ તત્ત્વોમાં શ્રદ્ધાવાળો બને. ૩ થી ૬.

**मध्यमबुद्धेस्त्वीर्यासमितिप्रभृति त्रिकोटिपरिशुद्धम् ।**
**आद्यन्तमध्ययोगैर्हितदं खलु साधुसद्वृत्तम् ॥ ७ ॥**

**મધ્યમ બુદ્ધિવાળાને** કેવી દેશના આપવી તે કહે છે :-

૧. ઈર્યાસમિતિ આદિ અષ્ટ પ્રવચન માતાનું જેમાં વર્ણન હોય.
૨. રાગ-દ્વેષ અને મોહ (અજ્ઞાન) વિ. દોષથી જે રહિત હોય અથવા એ ત્રણથી સાધુ સામાચારીનું વર્ણન જેમાં શુદ્ધ હોય.
૩. હનન (મારવું), પચન (પકાવવું), ક્રયણ (ખરીદવું) આ ત્રણ દોષથી મુક્ત આહારનું જેમાં વર્ણન હોય.
૪. કષ-છેદ-તાપથી શુદ્ધ અથવા કરવું, કરાવવું અને અનુમોદવું. એ ત્રણ કોટિ(રીત)થી શુદ્ધ સાધુધર્મનું જેમાં વર્ણન હોય, તેવી દેશના મધ્યમ બુદ્ધિવાળાને દઆપવી કહી છે. અથવા એવો દેશનાવિધિ કહ્યો છે.

સાધુનો આચાર પ્રારંભ, મધ્યમ અને અંતઅવસ્થામાં હિતકારી છે.
૧. પ્રથમ અવસ્થામાં અધ્યયન. ૨. વચલી અવસ્થામાં અર્થશ્રવણ.
૩. છેલ્લી અવસ્થામાં ધર્મધ્યાનાદિ, ભાવના (કાઉસ્સગ્ગ) આદિ....૭

**अष्टौ साधुभिरनिशं मातर इव मातरः प्रवचनस्य ।
नियमेन न मोक्तव्याः परमं कल्याणमिच्छद्भिः ॥ ८ ॥**

પરમ કલ્યાણને ઈચ્છનારા સાધુઓએ હંમેશા અષ્ટપ્રવચનમાતાને માતાની જેમ નિયમા છોડવી નહિ.

**વિશેષાર્થ** :- અષ્ટપ્રવચન માતાના પાલનથી શરીર નિર્મળ થાય છે, આત્મા નિમર્ળ થાય છે, ચારિત્ર પરિપુષ્ટ બને છે, અતિચારથી મલીન થયેલું ચારિત્ર શુદ્ધ થાય છે.

જેવી રીતે માતાથી બાલકનો જન્મ થાય છે, માતા બાળકને પુષ્ટ કરે છે, ખામી દૂર કરવાનો પ્રયત્ન કરે છે, જેમ માતા વગર બાળક ન જીવે, તેવી રીતે અષ્ટપ્રવચન માતા વગર ચરિત્રરૂપી બાળક રહી શકતું નથી..૮

**एतत्सचिवस्य सदा साधोर्न्नियमान्न भवभयं भवति ।
भवति च हितमत्यन्तं फलदं विधिनाऽऽगमग्रहणम् ॥ ९ ॥**

આ અષ્ટપ્રવચન માતાનું પાલન કરનાર સાધુને સંસારનો ભય નિયમા હોતો નથી અને વિધિપૂવર્ક આગમ ગ્રહણ કરવાથી (ભાવિમાં પણ) કલ્યાણકારી ફળ પ્રાપ્ત થાય છે. ૯.

**गुरुपारतन्त्र्यमेव च तद्बहुमानात्सदाशयानुगतम् ।
परमगुरुप्राप्तेरिह बीजं तस्माच्च मोक्ष इति ॥ १० ॥**

આગમ ગ્રહણ કરવામાં ગુરુને પરાધીન રહેવું પડે છે. ગુરુનું બહુમાન કરવું. આ ગુરુ મને સંસાર સાગરથી તારનારા છે. કલ્યાણકારી છે. તેવો ભાવ રાખવો જોઈએ. આ રીતે આ ભવમાં ગુરુનું બહુમાન કરવાથી બીજા જન્મમાં તેવા પ્રકારના પુન્યથી સર્વજ્ઞનું દર્શન થાય છે. અને તેથી આત્માનો મોક્ષ થાય છે.માટે સાધુએ હંમેશા ગુરુને પરતંત્ર રહેવું જોઈએ.

આગમ ગ્રહણ વિધિમાં સૂત્ર અને અર્થગ્રહણની વિધિના બે પ્રકાર છે.

સૂત્ર ચાર પ્રકારના છે. (૧) આવશ્યકાદિ, (૨) ઉત્કાલિક, (૩) કાલિક, (૪) અંગપ્રવિષ્ટ, (દ્વાદશાંગી).

**કાલિકસૂત્ર** :-કાળગ્રહણ લઈને પહેલી અને ચોથી પોરિસીમાં ભણવું તે.

**ઉત્કાલિકસૂત્ર** :- ગમે તે પોરિસીમાં ભણી શકાય છે, આ રીતે બાર વર્ષ સૂત્ર ભણવાનું, ત્યારબાદ અર્થગ્રહણવિધિ, અર્થ ભણવાની જગ્યાએ કાજો લેવો. ગુરુ માટે આસન મૂકવું, સ્થાપનાચાર્ય મૂકવાના, માંડલી આકારે બેસવું, વિનય અને બહુમાનપૂર્વક અર્થ ગ્રહણ કરવો.

## સૂત્રાર્થ કોની પાસે ગ્રહણ કરવો ?

૧. જે મોક્ષાભિલાષી હોય, સંસારનો જેને ભય હોય, જે ગીતાર્થ હોય, જે રાગ-દ્વેષમાં ખેંચાતા ન હોય, જે દેશ, કાળ અને ભાવ જાણતા હોય, વળી જે શુદ્ધ પ્રરૂપક હોય તેની પાસે ભણવું. ૧૦.

**इत्यादि साधुवृत्तं मध्यमबुद्धेः सदा समाख्येयम् ।**
**आगमतत्त्वं तु परं बुधस्य भावप्रधानं तु ॥ ११ ॥**

આ રીતે મધ્યમ બુદ્ધિવાળાને હંમેશા સાધુનો આચાર કહેવો જોઈએ, જેમાં ભાવપ્રધાન (પદાર્થસાર) હોય તેવું આગમતત્ત્વ બુધ (પંડિત) પુરુષોને કહેવું જોઈએ. ૧૧.

**वचनाराधनया खलु धर्मस्तद्बाधया त्वधर्म इति ।**
**इदमत्र धर्मगुह्यं सर्वस्वं चैतदेवास्य ॥ १२ ॥**

આગમની આરાધનાથી શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મની આરાધના થાય છે અને વિરાધનાથી અધર્મ થાય છે, આજ ધર્મનું રહસ્ય છે. તે જ આગમવચનનો સાર છે, તે જ આગમવચન વિધિ અને નિષેધરૂપ છે.૧૨

**यस्मात्प्रवर्त्तकं भुवि निवर्त्तकं चान्तरात्मनो वचनम् ।**
**धर्मश्चैतत्संस्थो मौनीन्द्रं चैतदिह परमम् ॥ १३ ॥**

કારણ કે આ જગતમાં ભવ્ય લોકોને સ્વાધ્યાય વિગેરેનું વિધાન કરવામાં અને હિંસાદિથી નિવૃત્ત કરવામાં અંતરાત્માનું (આગમરૂપ) વચન જ કારણરૂપ છે, ધર્મ એ પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ છે. તે ધર્મ આગમ-વચનમાં જ રહેલો છે. માટે પરમાત્માનું (સર્વજ્ઞનું) આગમ જ જગતમાં પ્રધાન છે....૧૩.

**अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।**
**हृदयस्थिते च तस्मिन्नियमात्सर्वार्थसंसिद्धिः ॥ १४ ॥**

સ્વાધ્યાય આદિ કરવું તે વિધિ છે. હિંસાદિથી નિવૃત્ત થવું તે નિષેધ છે. આ આગમવચન મનમાં વસી જાય તો પરમાર્થથી સર્વજ્ઞ ભગવંત જ હૃદયમાં વસ્યા છે. અને જો તે વસી જાય તો નિયમા સર્વ અર્થની પ્રાપ્તિ થઈ છે તેમ માનવું....૧૪.

**चिन्तामणिः परोऽसौ तेनैव भवति समरसापत्तिः ।**
**सैवेह योगिमाता निर्वाणफलप्रदा प्रोक्ता ॥ १५ ॥**

કારણ કે આ પરમાત્મા શ્રેષ્ઠ ચિંતામણી છે અને આ રીતે પરમાત્માની સાથે સમરસભાવ થાય છે. તે યોગિઓની માતા છે. આમ તે નિર્વાણ ફલને આપનાર છે. ભગવંતના સ્વરૂપનો ઉપયોગ તે ભગવંત સ્વરૂપ હોવાથી શ્રેષ્ઠ કોટીનું ધ્યાન છે. તે ભગવાન હું છું તેવી રીતે મનમાં એકીભાવ થાય છે. તેનાથી સમ્યક્ત્વાદિ ગુણો પ્રગટ થાય છે અને મોક્ષ થાય છે....૧૫.

**इति यः कथयति धर्मं विज्ञायौचित्ययोगमनघमतिः ।**
**जनयति स एनमतुलं श्रोतृषु निर्वाणफलदमलम् ॥१६ ॥**

બાલાદિનો વિચાર કરીને આ રીતે જે ગુરુ ધર્મોપદેશ આપે છે તે શ્રોતાવર્ગના હૃદયમાં ઉચિત વ્યવહાર (વ્યાપાર),નિર્દોષ બુદ્ધિ અને અતુલ (અત્યંત સુંદર) ધર્મ ઉત્પન્ન (સ્થાપન) કરે છે. અને તેને તે ધર્મ જલ્દીથી મોક્ષફલને આપનાર બને છે. ૧૬

**:- इति द्वीतिय षोडशकम् :-**

# ધર્મલક્ષણ ષોડશક-3

**अस्य स्वलक्षणमिदं धर्मस्य बुधैः सदैव विज्ञेयम् ।**
**सर्वागमपरिशुद्धं यदादिमध्यान्तकल्याणम् ॥ १ ॥**

**ધર્મનું લક્ષણ શું ?** બધા આગમોમાં કહેલી વાતથી યુક્તિ સંગત હોય. જેનો આદિ, મધ્યમ, અંત, કલ્યાણકર હોય. તેને બુદ્ધિમાન પુરુષોએ (પંડિતોએ) ધર્મનું લક્ષણ જાણવું. ૧.

**धर्मश्चित्तप्रभवो यतः क्रियाधिकरणाश्रयं कार्यम् ।**
**मलविगमेनैतत्खलु पुष्ट्यादिमदेष विज्ञेयः ॥ २ ॥**

ધર્મ ચિત્તમાં ઉત્પન્ન થાય છે. વિધેય અને નિષેધરૂપ આચરણ (ધર્મક્રિયા) કરવાથી, રાગ-દ્વેષરૂપ મળ જવાથી થતી પુષ્ટિ અને શુદ્ધિ જેમાં હોય તે ધર્મ કહેવાય છે. (અભવ્યાદિમાં માર્ગાનુસારી ધર્મ હોવા છતાં તત્ત્વરૂપે ધર્મ નથી, કારણકે તે રાગ-દ્વેષ રૂપ મળથી રહિત પુષ્ટિ અને શુદ્ધિ વગરનો ધર્મ છે.)

દા.ત.:- ૧.કાલસૌકરિક:-કૂવામાં પાડા ન માર્યા પણ કલ્પનાથીમાર્યા.
૨. કપિલાદાસી :- દાન આપ્યું પણ મનથી નહિ. (બળાત્કારે).
૩. વિનયરત્ન:- વિનય કર્યો પણ રાગ-દ્વેષનાં પોષણરૂપ.૨.

**रागादयो मलाः खल्वागमसद्योगतो विगम एषाम् ।**
**तदयं क्रियात एव हि पुष्टिः शुद्धिश्च चित्तस्य ॥ ३ ॥**

**મેલ ક્યો અને કોનો ?**

રાગ-દ્વેષ અને મોહ એજ ચિત્તનો મેલ છે. બાહ્ય મેલ શરીરનો, કપડાંનો કે કોઈ વસ્તુનો કહેવાય છે. સમ્યક્ જાણકારીપૂર્વક કરેલી ક્રિયાથી મેલ જાય છે. (શાસ્ત્રમાં કહેલ વિધિ, પ્રતિષેધપૂર્વકની ક્રિયા) અને તેથી ચિત્તની શુદ્ધિ અને પુષ્ટિ થાય છે. ૩.

पुष्टिः पुण्योपचयः शुद्धिः पापक्षयेण निर्मलता ।
अनुबन्धिनि द्वयेऽस्मिन् क्रमेण मुक्तिः परा ज्ञेया ॥ ४ ॥

**પુષ્ટિ** કોને કહેવાય ? **શુદ્ધિ** કોને કહેવાય ? તેનું લક્ષણ કહે છે.

વધતા પુન્યનો સંચય તે પુષ્ટિ.

સમ્યક્જ્ઞાનાદિ ગુણનાશક ઘાતિકર્મનાં નાશથી થતી નિર્મલતા તે શુદ્ધિ. આ પાપકર્મનો જેટલો નાશ વધુ તેટલી શુદ્ધિ વધુ. આ પુષ્ટિ અને શુદ્ધિનો સતત અનુબંધ (પ્રવાહ) રહેવાથી અનુક્રમે જીવ સર્વ કર્મનો ક્ષય કરી મુક્તિ સુખને પામે છે. ૪.

**न प्रणिधानाद्याशयसंविद्यतिरेकतोऽनुबन्धि तत् ।**
**भिन्नग्रन्थेर्निर्म्मलबोधवतः स्यादियं च परा ॥ ५ ॥**

**પુષ્ટિ** અને **શુદ્ધિ** કેવી રીતે થાય ?

પ્રણિધાન વિગેરે બાબતની જાણકારી વગર પુષ્ટિ અને શુદ્ધિનો અનુબંધ હોતો નથી. જેને ગ્રંથી ભેદી છે, તેવા નિર્મળ બોધવાળાને જ શ્રેષ્ઠ અનુબંધ હોય છે. ૫.

**प्रणिधिप्रवृत्तिविघ्नजयसिद्धिविनियोगभेदतः प्रायः ।**
**धर्म्मज्ञैराख्यातः शुभाशयः पञ्चधाऽत्र विधौ ॥ ६ ॥**

**પ્રણિધાન**ની સંખ્યા કેટલી છે ? પાંચ છે.

૧. પ્રણિધિ, ૨. પ્રવૃત્તિ, ૩.વિઘ્નજય, ૪.સિદ્ધિ અને ૫. વિનિયોગ. આ પાંચ ભેદે (પ્રકારે) શુભ પરિણામ મોટે ભાગે શાસ્ત્રમાં ધર્મને જાણનારાઓએ કહ્યા છે. આ બે (પુષ્ટિ અને શુદ્ધિ) પ્રણિધાન વિના થતી નથી.૬

**प्रणिधानं तत्समये स्थितिमत्तदधः कृपानुगं चैव ।**
**निरवद्यवस्तुविषयं परार्थनिष्पत्तिसारं च ॥ ७ ॥**

પ્રણિધિ- 'પ્રણિધાન' કોને કહેવાય ?

ધર્મ કરતાં પ્રતિજ્ઞા કરવી, સ્થિરત્વ પ્રાપ્ત કરવું- અવિચલ રહેવું.

દા. ત. ૧. નવકારવાળી નિશ્ચલ થઈને ગણીશ. પછી તે સંસ્કારરૂપ બની જાય, વારંવાર ગોખવું ન પડે. ૨. પોતાના કરતાં ઓછો ધર્મ કરનાર કે ધર્મ ન કરનાર ઉપર કરૂણાવાળો રહે. ૩. દ્વેષ ન કરે, ૪. નિરવદ્ય વ્યાપાર કરે, ૫. સાવદ્ય વ્યાપારનો પરિહાર કરે, ૬. પરાર્થ રસિકતા. (પરોપકારિતા) તેને પ્રણિધાન કહેવાય છે. ૭.

અર્થ :- નિરવદ્ય-પાપરહિત, સાવદ્ય-પાપ યુક્ત, પરિહાર-ત્યાગ.

**तत्रैव तु प्रवृत्तिः शुभसारोपायसङ्गतात्यन्तम् ।**
**अधिकृतयत्नातिशयादौत्सुक्यविवर्जिता चैव ॥८ ॥**

'પ્રવૃત્તિ' કોને કહેવાય, તે કહે છે :-

શુભ અને સાર ઉપાય વડે કરીને અત્યન્ત પ્રયત્નશીલ રહેવું. ઉત્સુક્તા (ઉતાવળપણું)ન રાખવી. ધીરજ-પૂર્વકની ક્રિયા, અશક્ય-અકાળ પ્રવૃત્તિનો ત્યાગ તે ધર્મપ્રવૃત્તિ કહેવાય છે.

દા. ત. ચૈત્યવંદનની ક્રિયાનો આશય. (પરિણામ) અથવા ક્રિયામાં પ્રયત્ન.

(હેતુશુદ્ધ, સ્વરૂપશુદ્ધ, અનુબંધશુદ્ધ.)

**હેતુશુદ્ધ**:- ક્રિયાનું લક્ષ શુદ્ધ હોવું તે,

**સ્વરૂપશુદ્ધ**:- શુદ્ધ ઉચ્ચાર (સૂત્રોચ્ચાર) સ્વરૂપ પ્રવૃત્તિ, અથવા અશુદ્ધ ઉચ્ચારની નિવૃત્તિ. દા. ત. બંગલા- બગલા, રંજ- રજ, આંટો- આટો, અધીયતામ્ ને બદલે અંધીયતામ્.

**અનુબંધશુદ્ધ**:- અર્થના ચિંતનસહ બોલવું તે. અર્થ ચિંતનમાં ઉત્તરોત્તર શુભ ફળ મળે છે. દા. ત. નવકાર ગણતી વખતે (સ્ત્રી આદિનો) મલિન હેતુ દૂર કરીને ગણવો તે હેતુશુદ્ધ. ગણવામાં અક્ષરની શુદ્ધિ જાળવવી

તે સ્વરૂપશુદ્ધ પ્રવૃત્તિ. નવકાર ગણતાં અર્થની ચિંતવના સાથેની જે પ્રવૃત્તિ કરે તે અનુબંધશુદ્ધ પ્રવૃત્તિ કહેવાય. કારણ જે શુભ ક્રિયામાં મન લાગે તે ક્રિયા અનુબંધશુદ્ધ કહેવાય.

નવકાર ગણતાં મલીન આશય સ્ત્રી આદિની ઇચ્છા કરવી, દુશ્મન આદિનું બુરૂં ચિંતવવું, વળી તામસ અને રાજસ ચિત્તથી પ્રેરાઇને નવકાર આદિ ગણવું તે હેતુઅશુદ્ધ પ્રવૃત્તિ.

**૧. તામસ** :- કોઇનું ખૂન કરવું.

**૨. રાજસ** :- સ્ત્રી આદિનું સુખ ઇચ્છવું.

**૩. સાત્ત્વિક** :- ચિત્તથી હેતુશુદ્ધ ક્રિયા થાય છે. (મલીન આશય વિનાની ક્રિયા) કાયા અને વચનથી સ્વરૂપ પ્રવૃત્તિ થાય અને મનથી અનુબંધ પ્રવૃત્તિ થાય. અશકય (ફળ પ્રાપ્ત વિનાની) પ્રવૃત્તિ તે રેતીમાંથી તેલ કાઢવું, બાવળ પાસેથી કેરી કે આંબા પાસેથી અકાળે કેરીની ઇચ્છા, વાછરડા વિનાની ગાયમાંથી દૂધ કાઢવું.

**અકાળ પ્રવૃત્તિ** :- સમયનું કામ સમયે ન કરવું તે. સમય પ્રાપ્ત થયે ગોચરીએ ન જવું, સવારનું પ્રતિક્રમણ સાંજે કરવું, સાંજનું સવારે કરવું.૮

**विघ्नजयस्त्रिविधः खलु विज्ञेयो हीनमध्यमोत्कृष्टः ।**
**मार्ग इह कण्टकज्वरमोहजयसमः प्रवृत्तिफलः ॥९ ॥**

**વિઘ્નજયઃ**- તે ત્રણ પ્રકારે છે. ૧. જઘન્ય, ૨. મધ્યમ, ૩. ઉત્કૃષ્ટ.

**૧. જઘન્યવિઘ્નઃ**- કાંટાસમાન શીતોષ્ણાદિ પરિષહનો જય કરવો તે, દુઃખ જલ્દી જાય.

**૨.મધ્યમવિઘ્નઃ**- જ્વર સમાન, શરીરમાં વ્યાધિ જવામાં વિલંબ થાય, વૈદ્ય ઔષધ આદિથી દૂર કરવું, સમતા રાખી ધર્મ પ્રવૃત્તિ કરવી તે મધ્યમ.

**૩.ઉત્કૃષ્ટવિઘ્નઃ**- દિક્મોહ દિશાનો ભ્રમ, ઉંધે રસ્તે જવું.

બેંગલોરની ગાડીને બદલે અમદાવાદની ગાડીમાં બેસે. વારંવાર કહેવાથી મોહ જાય. એટલે કે મિથ્યાત્વ દૂર થતાં, સમ્યક્ત્વને પામતાં (ભ્રમ દૂર થતાં) માર્ગમાં આવે તે. દુષ્કરતાએ (મહામુશ્કેલીએ) કેટલાકને (તે સત્યમાર્ગ) પ્રાપ્ત થાય છે. કેટલાકને નથી થતો, તે ઉત્કૃષ્ટ વિઘ્નજય. શુદ્ધ ભાવનાઓ વડે ત્રણે વિઘ્નનો જય કરવો તે વિઘ્નજય....૯.

**सिद्धिस्तत्तद्धर्मस्थानावाप्तिरिह तात्त्विकी ज्ञेया ।**
**अधिके विनयादियुता हीने च दयादिगुणसारा ॥ १० ॥**

સિદ્ધિ કોને કહેવાય છે તે કહે છેઃ-

તે તે ધર્મની પ્રાપ્તિ તે તાત્ત્વિકસિદ્ધિ જાણવી.

૧. અહિંસાધર્મની પ્રાપ્તિ થાય ત્યારે પાસે આવેલાં. (નોળીયા સાપ જેવા)ને પણ હિંસાની બુદ્ધિ ન થાય.
૨. સત્યધર્મની પ્રાપ્તિ થાય ત્યારે પાસે આવેલાને જૂઠનો વિચાર ન આવે.
૩. અસ્તેયઃ- પાસે આવેલાને ચોરીનો વિચાર ન આવે.
૪. બ્રહ્મચર્યઃ- પાસે આવેલાને અબ્રહ્મનો વિચાર ન આવે.
૫. અપરિગ્રહઃ- પાસે આવેલાને પરિગ્રહની ઇચ્છા ન થાય.

આ ગુણની સિદ્ધિ થયા પછી પોતાનાથી અધિક ગુણવાળાનો વિનય-બહુમાનાદિ કરે અને પોતાનાથી હીન ગુણવાળા ઉપર દયાવાળો, કરૂણાવાળો અને મધ્યસ્થભાવવાળો રહે. મધ્યમ હોય તો તેના ઉપર કરેલો ઉપકાર સફળ બને....૧૦.

**सिद्धेश्चोत्तरकार्यं विनियोगोऽवन्ध्यमेतदेतस्मिन् ।**
**सत्यद्वयसम्पत्त्या सुन्दरमिति तत्परं यावत् ॥ ११ ॥**

**વિનિયોગ :-**

સિદ્ધિ પછીનું કાર્ય પોતાને મળેલું બીજાને આપી પોતાનાં જેવો

કરવો. અર્થાત્ દાન દેનારો બને, તે સિદ્ધિનું ઉત્તર કાર્ય છે. (પોતાને થયેલી સિદ્ધિ બીજાને આપે. દા. ત. એક દીપક હજાર દીપક પ્રગટાવે તેમ) અહિંસાદિ ધર્મ જેને આપવામાં આવે તેને નિશ્ચયે કરી અવન્ધ્ય (નિષ્ફલ ન જાય તેવું) ફલ આપનારું થાય છે.

અન્વય સંપત્તિ અને અવિચ્છેદ સંપત્તિ વડે આગળ કહેલું ધર્મસ્થાન આત્માને મોક્ષ ન મળે ત્યાં સુધી જેને તે (અહિંસાદિરૂપ) ધર્મ ગ્રહણ કર્યો છે તેને તે હિતકારી બને છે.

**અન્વય સંપત્તિઃ-** પ્રાપ્ત થયેલો ધર્મ, નાશ થવા છતાં પણ સોનાના દાગીનાની જેમ દાગીનાનો નાશ થવા છતાં સોનું કાયમ રહે છે, તેવી રીતે અહિંસા વિગેરે ધર્મનો વિનિયોગનો ભંગ થવા છતાં તેના સંસ્કાર ફરીથી પણ જાગૃત થાય છે. અહિંસાદિ લક્ષણરૂપ ધર્મસ્થાનની સિદ્ધિ થવાથી ભાવિમાં તેનું ફળ નિષ્ફળ જતું નથી, અનેક જન્મો સુધી (સુવર્ણ ઘટ ન્યાયથી) તેનાં સંસ્કાર તૂર્ત જ ઊભા થાય છે. ઉત્તરોત્તર પરોપકાર યુક્ત ધર્મ દ્વારા તીર્થંકરપણાની ઋદ્ધિ પ્રાપ્ત થાય છે. દા. ત. જ્ઞાનાદિ ગુણ આપવા, આ વાત જિણાણં જાવયાણં... આ ચાર પદથી પોતે રાગાદિ જીત્યા, બીજાને જિતાડ્યા, પોતે તર્યા બીજાંને તાર્યા, પોતે જ્ઞાની થયા બીજાને જ્ઞાની બનાવ્યા, પોતે મુક્ત થયા બીજાને મુક્ત બનાવ્યાં. (આ રીતે વિનિયોગ કરવાથી તીર્થ અવિચ્છિન્નપણે લાંબા ગાળા સુધી ટકે છે.) આ બધું ક્રિયારૂપ હોવા છતાં પણ પરિણામરૂપ સમજવાના. આશય એટલે ભાવ, અને ભાવ એટલે પરિણામ. ૧૧

**आशयभेदा एते सर्वेऽपि हि तत्त्वतोऽवगन्तव्याः ।**
**भावोयमनेन विना चेष्टा द्रव्यक्रिया तुच्छा ॥ १२ ॥**

આ આશય (પ્રણિધાનાદિ) ભેદો તત્ત્વથી જાણવાં જોઇએ. એજ આશયભેદો જ ભાવ (ધર્મનો સાર) છે. એ શુભ ભાવ વિનાની મન-

વચન અને કાયાની પ્રવૃત્તિ (ક્રિયા) તુચ્છ નિસ્સાર (ફળ નહિ આપનારી) માત્ર દ્રવ્યક્રિયા બને છે....૧૨

**अस्माच्च सानुबन्धाच्छुद्ध्यन्तोऽवाप्यते द्रुतं क्रमशः।**
**एतदिह धर्मतत्त्वं परमो योगो विमुक्तिरसः ॥ १३ ॥**

આ પાંચ આશય (પ્રણિધાનાદિ) રૂપ ભાવના સાનુબંધ (પરંપરા)થી ક્રમશઃ જલ્દી જલ્દી કર્મક્ષય દ્વારા આંતર શુદ્ધિને પ્રાપ્ત કરે છે, એ જ સિદ્ધિ અને ધર્મનું મુખ્ય તત્ત્વ છે, પરમ યોગ છે અને મુક્તિનો સ્વાદ છે. ૧૩

**अमृतरसास्वादज्ञः कुभक्तरसलालितोऽपि बहुकालम् ।**
**त्यक्त्वा तत्क्षणमेनं वाञ्छत्युच्चैरमृतमेव ॥ १४ ॥**

અમૃતરસના સ્વાદને જાણનારો (ચાખનારો) લાંબા કાળથી ખરાબ ભોજનની ટેવવાળો હોય તો પણ તે ક્ષણવારમાં છોડી દે છે અને અમૃતરસની ઝંખના કરે છે. ૧૪.

**एवं त्वपूर्वकरणात्सम्यक्त्वामृतरसज्ञ इह जीवः ।**
**चिरकालासेवितमपि न जातु बहुमन्यते पापम् ॥ १५ ॥**

એ પ્રમાણે અપૂર્વ પરિણામનાં કારણે સમ્યક્ત્વરૂપ અમૃતરસને જાણનારો (ચાખનારો) આ જીવ લાંબા કાળથી સેવેલા ખરાબ ભોજન જેવાં પાપનું ક્યારેય પણ બહુમાન ન કરે. (આદરથી આચરે નહિ)૧૫.

**यद्यपि कर्मनियोगात् करोति तत्तदपि भावशून्यमलम् ।**
**अत एव धर्मयोगात् क्षिप्रं तत्सिद्धिमाप्नोति ॥१६ ॥ ३ ॥**

જો કે કર્મનાં વશથી તે તે પાપો આચરે તો પણ તે ભાવ શૂન્યપણે આચરે છે, આથી આ પાપના અનાદરથી અને ધર્મનાં યોગથી તે સિદ્ધિ (મુક્તિ)ને પ્રાપ્ત કરે છે.. ૧૬

:- इति तृतीयं प्रकरणम् :-

卐

# ધર્મેચ્છુલિંગ ષોડશક-૪

**सिद्धस्य चास्य सम्यग्लिङ्गान्येतानि धर्मतत्त्वस्य ।**
**विहितानि तत्त्वविद्भिः सुखावबोधाय भव्यानाम् ॥ १ ॥**

ધર્મનું લક્ષણ કહ્યું. હવે તેના લક્ષણોને વિસ્તારથી કહે છે. શાસ્ત્રમાં કહેલા ધર્મ તત્ત્વની સિદ્ધિનાં સમ્યક્લક્ષણો ભવ્ય જીવો સુખપૂર્વક જાણી શકે, તે માટે તત્ત્વને જાણનારા (તાત્ત્વિક) પુરુષોએ જે ધર્મના લક્ષણો કહ્યાં છે. તે ધર્મનાં લક્ષણોને કહે છે....૧

**औदार्यं दाक्षिण्यं पापजुगुप्साथ निर्मलो बोधः ।**
**लिङ्गानि धर्मसिद्धेः प्रायेण जनप्रियत्वं च ॥ २ ॥**

૧. ઔદાર્ય, ૨. દાક્ષિણ્ય, ૩. પાપ જુગુપ્સા, ૪. નિર્મળબોધ. અને ૫. જનપ્રિયતા (લોકપ્રિયતા) આદિ ધર્મની નિષ્પત્તિ માટેના (પ્રાયઃ બહુલતયા) લક્ષણ છે....૨

**औदार्यं कार्पण्यत्यागाद्विज्ञेयमाशयमहत्त्वम् ।**
**गुरुदीनादिष्वौचित्त्यवृत्ति कार्ये तदत्यन्तम् ॥ ३ ॥**

**ઔદાર્ય** :- કૃપણતાનો ત્યાગ, તુચ્છવૃત્તિનો ત્યાગ, ઉદારતા, અસંકુચિત ( વિશાળ ) મન, માતા-પિતા - કલાચાર્ય - જ્ઞાતિવૃદ્ધ, ધર્મદાતાદિ પર ઔચિત્ય, દીન-અંધ-ભિખારી આદિ પર દાનાદિ ઔચિત્ય કરવું તે ઔદાર્ય...૩.

**दाक्षिण्यं परकृत्येष्वपि योगपरः शुभाशयो ज्ञेयः ।**
**गाम्भीर्यधैर्यसचिवो मात्सर्यविघातकृत्परमः ॥ ४ ॥**

દાક્ષિણ્ય :- બીજાનાં કાર્યમાં ઉત્સાહયુક્ત, શુભાશય (શુભ અધ્યવસાય) વાલા, ગાંભીર્ય, ધૈર્ય (ભયમાં પણ ધીરતા), સ્થિરતા

(કાર્ય લાંબુ નિકલે તો પણ ન કંટાળે) ઈર્ષ્યારહિતપણું, સહિષ્ણુતાદિ ગુણોમાં શુભ ચિત્તવાળા બનવું તે દાક્ષિણ્ય. ૪.

**पापजुगुप्सा तु तथा सम्यक्परिशुद्धचेतसा सततम् ।**
**पापोद्वेगोऽकरणं तदचिन्ता चेत्यनुक्रमतः ॥ ५ ॥**

**પાપ જુગુપ્સા :-** પાપનો પરિહાર, મુખ, હાથના અભિનયથી દૂર, શુદ્ધ ચિત્ત, ભૂતકાળમાં કરેલા પાપની સતત નિંદા, વર્તમાનમાં અને ભવિષ્યમાં ન કરવાની ચિંતાવાળો, મન-વચન-કાયાના પાપયોગથી દૂર રહેવું. પાપના (અઢાર) પ્રકાર જાણી તેનાથી દૂર રહેવું. તે પાપ જુગુપ્સાના લક્ષણો છે. ૫.

**निर्मलबोधोऽप्येवं शुश्रूषाभावसंभवो ज्ञेयः ।**
**शमगर्भशास्त्रयोगाच्छ्रुतचिन्ताभावनासारः ॥ ६ ॥**

**નિર્મળ બોધ:-** પ્રશમરસથી યુક્ત, શાસ્ત્રની શુશ્રૂષા (ધર્મશ્રવણ) થી ઉત્પન્ન થયેલ શ્રુતસાર, ચિંતાસાર અને ભાવનાસાર રૂપ ત્રણ પ્રકારે નિર્મળબોધ થાય છે.

**શ્રુતસાર-** સાંભળવાથી ઉત્પન્ન થતું જ્ઞાન.

**ચિંતાસાર-**ચિંતન દ્વારા ઉત્પન્ન થતું જ્ઞાન.

**ભાવનાસાર-** આત્મભાવમાં એકરૂપ થતું જ્ઞાન. ૬.

**युक्तं जनप्रियत्वं शुद्धं तद्धर्मसिद्धिफलदमलम् ।**
**धर्मप्रशंसनादेर्बीजाधानादिभावेन ॥ ७ ॥**

ધર્મ પ્રશંસા આદિ દ્વારા સમ્યક્ત્વ બીજ વગેરેની પ્રાપ્તિ થાય છે. અને તે દ્વારા શુદ્ધ (રાગ-દ્વેષ રહિત) ધર્મ પ્રાપ્ત થતો હોવાથી જનપ્રિયતા ઉપાદેય છે. ૭.

**आरोग्ये सति यद्वद् व्याधिविकारा भवन्ति नो पुंसाम् ।**
**तद्वद्धर्मारोग्ये पापविकारा अपि ज्ञेयाः ॥ ८ ॥**

ધર્મતત્ત્વ એટલે શું ?

આરોગ્યવાળા મનુષ્યને રોગ થતો નથી, તેમ ધર્મ આરોગ્ય પ્રાપ્ત થયે પાપ વિકારો થતાં નથી. પાપ વિકારો જેને થતાં નથી, તે ધર્મ તત્ત્વવાળો છે એમ જાણવું. ૮.

**तन्नास्य विषयतृष्णा प्रभवत्युच्चैर्न दृष्टिसम्मोहः ।**
**अरुचिर्न धर्मपथ्ये न च पापा क्रोधकण्डूतिः ॥ ९ ॥**

ધર્મતત્ત્વવાલા તે પુરુષને પાપરૂપ અતિવિષય, તૃષ્ણા, અતિદૃષ્ટિ સંમોહ, ધર્મમાર્ગમાં અતિઅરુચી, અને અતિ ક્રોધની ખણજ ઉત્પન્ન થતી નથી. ૯

**गम्यागम्यविभागं त्यक्त्वा सर्वत्र वर्त्तते जन्तुः ।**
**विषयेष्ववितृप्तात्मा यतो भृशं विषयतृष्णेयम् ॥ १० ॥**

વિષયતૃષ્ણા :- લોકમાં પ્રસિદ્ધ શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શ એ પાંચ ઇન્દ્રિયના વિષયમાં (આચરણીય કે અનાચરણીયમાં) વિવેક વગરની ક્રિયા (પ્રવૃત્તિ)કરવી, ગમ્ય-અગમ્ય-પેય-અપેય-ભક્ષ્ય-અભક્ષ્યનો વિવેક (વિભાગ)ન કરવોઃ અતૃપ્ત રહેવું, અત્યંત અભિલાષા રાખવી. પાણી પીવાં યોગ્ય છે, દારૂ પીવા યોગ્ય નથી. છતાં દારૂને તરસ છીપાવવાં પીએ. તેવી રીતે ભોગમાં લુબ્ધ બનવું. સારાસારના વિવેક વગરનાં બનવું. મા-બેન-પત્નીના વિવેક વગરની પ્રવૃત્તિને વિષયતૃષ્ણા કહી છે. ૧૦

**गुणतस्तुल्ये तत्त्वे संज्ञाभेदागमान्यथादृष्टिः ।**
**भवति यतोऽसावधमो दोषः खलु दृष्टिसंमोहः ॥ ११ ॥**

ગુણથી સમાન તત્ત્વમાં સંજ્ઞા (નામ) ભેદથી આગમ વિષયમાં ઉલ્ટી દૃષ્ટિ રાખવી (થવી) તે દૃષ્ટિસંમોહ છે. આ દોષ અધમદોષ કહેવાય છે.

વિશેષાર્થ:- આગમ વિષયમાં ઉલ્ટી દૃષ્ટિ તે દૃષ્ટિ સંમોહ છે. સંજ્ઞા (નામ) ભેદથી જુદું માનવું. હિંસા ન કરવી. અહિંસા પાળવી, હિંસા ન કરવી તેવું કહેનારને ખોટો કહેવો તે દૃષ્ટિ સંમોહ છે.

આરંભ સરખા હોવા છતાં એક ક્ષેત્ર-ઘર વિ.નો આરંભ કરે છે. તેમાં તેનું ફલ પોતે (જાતે) ભોગવવાની ઇચ્છા રાખે છે. તેથી તે દૃષ્ટિ સંમોહ છે. બીજો જિન ચૈત્ય બનાવે છે. તેથી તેના રક્ષણ માટે કોઇએ આપેલ ભેટમાં ક્ષેત્ર-ઘર-દુકાન-સુવર્ણ વિ.નો શાસ્ત્રીય રીતે આરંભ કરે છે તે દૃષ્ટિ સંમોહ નથી. કારણ કે ત્યાં પોતાની અને બીજાના કલ્યાણની ભાવના છે. ત્યાં સ્વાર્થનો ત્યાગ છે તેથી તે દૃષ્ટિ સંમોહ નથી.

યજ્ઞ કરનારો ધર્મ કરે છે. પરંતુ તેમાં હિંસા છે. વળી તેના ફળને જાતે ભોગવવાની ઇચ્છાવાળો છે. માટે તે દૃષ્ટિ સંમોહ છે.

જિન ચૈત્યાદિ અને તેના રક્ષણ માટે ક્ષેત્રાદિનો આરંભ કરનાર એક પ્રકારે આરંભનો ત્યાગી બને છે. કારણ કે બીજાને સંસારનાં આરંભથી નિવૃત્ત કરે છે.

શાસ્ત્રની દૃષ્ટિથી કરે છે. તેથી તે શુભ પરિણામવાળો છે. તે કારણ ત્યાં દૃષ્ટિ સંમોહ નથી. ૧૧

**धर्मश्रवणेऽवज्ञा तत्त्वरसास्वादविमुखता चैव ।**
**धार्मिकसत्त्वासत्तिश्च धर्मपथ्येऽरुचेर्लिङ्गम् ॥ १२ ॥**

ધર્મમાર્ગમાં અરુચિના લિંગ (લક્ષણ) કહે છે.

૧. ધર્મશ્રવણની અવજ્ઞા (ઉપેક્ષા).

૨. તત્ત્વરસના આસ્વાદમાં વિમુખતા (અરુચિ).

૩. ધાર્મિક જીવોનાં સંપર્કનો અભાવ.

આ ધર્મ પથ્યમાં અરુચિના લક્ષણો છે.

**વિષેશાર્થ** : (૧) ધર્મશ્રવણમાં અવજ્ઞા (ઉપેક્ષા) મામુલી કાર્ય માટે પૂજા, વ્યાખ્યાન શ્રવણાદિ છોડી દેવું. દા.ત. એક રૂપિયાની શોધમાં (મેળવવા માટે) ધર્મશ્રવણ છોડી દેવું, પૂજાદિ ધર્મપ્રવૃત્તિ છોડી દેવી, ધર્મને યોગ્ય વસ્તુનાં શ્રવણમાં અનાદર. દા.ત. એક ડૉક્ટર બે કલાક પૂજા કરે છે. ગુરુભગવંતે જોયું અને આનંદ સાથે અનુમોદના કરતાં કહ્યું કે, પાંચ મિનિટ ઉપર ગુરુ ભગવંતને વંદન કરવા કે ધર્મશ્રવણ (વ્યાખ્યાન)માં કેમ નથી આવતા ? સાહેબ, લગ્નને દશ વર્ષ થયાં, પણ પુત્ર નથી, પૂજાથી

પુત્ર થશે, તે આશાએ પૂજા કરું છું. હાં...! જો તમારા વાસક્ષેપથી થાય તો આવવા તૈયાર છું. ગુરુ ભગવંતની વાતમાં અવજ્ઞા-ઉપેક્ષા કરી, ધર્મ કાર્યમાં અનાદર થયો, સંસારનાં પદાર્થ માટે થતો ધર્મ મુક્તિને આપનાર ધર્મનો અનાદર કરે છે. ઔષધ સત્યરૂપે પરિણમતું નથી. (ગુણકારી બનતું નથી.)

(૨) તત્ત્વ રસના સ્વાદથી વિમુખ :- તત્ત્વની વાત આવે ત્યારે ઝોંકા આવે, કથા-જોક્સ વિ. આવે તેમાં રસ આવે. તત્ત્વના શ્રવણ સમયે (વ્યાખ્યાનમાં) નવકારવાળી ગણો, વાતો વિ. ચાલે તે ઉપેક્ષા તથા તત્ત્વની અરુચિ બતાવે છે.

(૩) ધર્મી જીવોનો સંગ ન કરવો :- ધર્મીજન હોટલ, નાટક, સિનેમા, કંદમૂળ, રાત્રી ભોજનનો ત્યાગી, વિલાસનાં સાધનોથી વિમુખ બનાવનાર હોવાથી તેનો સંપર્ક (સંયોગ) કરવામાં પાછો પડે અથવા કરે નહિ.

ઉપર બતાવેલા એ ત્રણે તત્ત્વો ધર્મથી વિમુખ બનાવનારા તત્ત્વો છે. ૧૨

सत्येतरदोषश्रुतिभावादन्तर्बहिश्च यत्स्फुरणम् ।
अविचार्य कार्यतत्त्वं तच्चिह्नं क्रोधकण्डूतेः ॥ १३ ॥

**ક્રોધરૂપ પાપની ખંજવાળ :-**

સાચાં કે ખોટાં દોષો સાંભળવાથી અને બાહ્યપરિણામ. (અભ્યંતર પરિણામ તે અન્તઃ- પરિણામ અને બાહ્યપરિણામ તે અપ્રસન્નતાદિરૂપે સ્ફુરણ (દેખાવું) અવિચાર્ય (વિચાર્યા વિના) કાર્ય કરવું તેં ક્રોધરૂપ પાપની ખંજવાળનું લક્ષણ છે. (તે લાગે સારું પણ ધર્મને આવવા ન દે.) દા.ત. કેવો મેં તેને દબાવ્યો, ફરી માથું ઉંચું કરે જ નહિ . ઠીક તે તો તે દાવનો જ હતો. વિગેરે...૧૩.

एते पापविकारा न प्रभवन्त्यस्य धीमतः सततम् ।
धर्मामृतप्रभावाद्भवन्ति मैत्र्यादयश्च गुणाः ॥ १४ ॥

ઉપર જણાવેલા વિષય તૃષ્ણાદિ પાપ વિકારો જેની બુદ્ધિમાં ઉત્પન્ન થતાં નથી. તેનામાં ધર્મ અમૃતનાં પ્રભાવથી મૈત્ર્યાદિ ગુણો પેદા થાય છે....૧૪.

परहितचिन्ता मैत्री परदुःखविनाशिनी तथा करुणा ।
परसुखतुष्टिर्मुदिता परदोषोपेक्षणमुपेक्षा ॥ १५

(૧) **મૈત્રી** :- બીજાનાં હિતની-કલ્યાણની ભાવના (ઇચ્છા) તે મૈત્રીભાવ.

(૨) **પ્રમોદ** :- બીજાનાં સુખમાં આનંદ થવો અને ગુણગ્રાહીપણું આવવું તે. (ગુણગ્રાહી બનવું)

(૩) **કરુણા** :- બીજાનાં દુઃખને દૂર કરવાની ભાવના તે કરૂણાભાવ.

(બીમારની સેવા ન કરવી પણ સારા થવા માટેનો જાપ કરવો તે કરૂણા ન કહેવાય.)

(૪) **માધ્યસ્થ :-** બીજાનાં અવગુણ અવિનયાદિ દૂર કરવા અશક્ય લાગે ત્યારે ઉપેક્ષા ભાવ રાખવો, જો દૂર કરી શકાય તેમ હોય તો ઉપેક્ષા ન કરવી તે માધ્યસ્થ્યભાવ...૧૫

**एतजिनप्रणीतं लिङ्गं खलु धर्मसिद्धिमज्जन्तोः ।**
**पुण्यादिसिद्धिसिद्धेः सिद्धं सद्धेतुभावेन ॥१६ ॥४ ॥**

જિનેશ્વર ભગવંતે કહેલા ઔદાર્ય વિગેરે લક્ષણો ધર્મ સિદ્ધિવાળા (જેને સારી રીતે પરિણમ્યો છે તેવા) પ્રાણીઓનાં છે, તે લક્ષણો તે જીવોને પુણ્યનાં ઉપાયોની સિદ્ધિથી સિદ્ધ (પ્રાપ્ત) થાય છે.

**પુણ્યના ઉપાય :-**

(૧) **પ્રાણીઓ પર દયા :- તપ :-** હિંસા વિના આહાર થતો નથી.

(૨) **વૈરાગ્ય :- ભાવ :-** વૈરાગ્ય વિના ભાવ કઠિન છે.

(૩) **વિધિપૂર્વક આપવું :- દાન :-** ૧. અભયદાન, ૨. સુપાત્રદાન, ૩. અનુકંપાદાન, ૪. ઉચિતદાન, ૫. કીર્તિદાન.

આ પાંચ મુખ્ય દાન છે.

વસ્ત્રદાન- અન્નદાન-જલદાન વિ. દુઃખી પર દયા લાવી અપાતું દાન તેને પણ દાન કહેવાય છે.

(૪) **સદાચારનું પાલન :- શીલ :-** વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવું તે.

આ ચાર પુણ્યોપાર્જનના ઉપાયો છે. ૧૬.

-: इति चतुर्थं प्रकरणम् :-

卐

# લોકોત્તર તત્ત્વપ્રાપ્તિ-૫.

**एवं सिद्धे धर्मे सामान्येनेह लिङ्गसंयुक्ते ।**
**नियमेन भवति पुंसां लोकोत्तरतत्त्वसम्प्राप्तिः ॥ १ ॥**

આ પ્રમાણે સામાન્યથી આગળ કહેલ રીતિ પ્રમાણે લક્ષણ સહિત ધર્મ સિદ્ધ (પ્રાપ્ત) થયે છતે જીવોને નિયમા લોકોત્તર તત્ત્વની પ્રાપ્તિ થાય છે....૧.

**आद्यं भावारोग्यं बीजं चैषा परस्य तस्यैव ।**
**अधिकारिणो नियोगाच्चरम इयं पुद्गलावर्त्ते ॥ २ ॥**

તે આ ધર્મથી ભાવ આરોગ્ય (મોક્ષની ઇચ્છા) અને સમ્યક્ત્વરૂપ બીજને લોકોત્તર તત્ત્વની પ્રાપ્તિનું બીજ) જીવ છેલ્લા પુદ્‌ગલ પરાવર્તકાળમાં પામે છે. ૨.

**વિશેષાર્થ** :- ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ, શ્વાસોશ્વાસ અને મન એ સાતના સર્વ પુદ્‌ગલોને ગ્રહણ કરવું તે. પુદ્‌ગલ પરાવર્ત કહેવાય છે. ગમે તે ધર્મમાં મોક્ષની ઇચ્છા માત્રથી કરાતો ધર્મ એક પુદ્‌ગલ પરાવર્ત કાળમાં છે. અર્ધપુદ્‌ગલ પરાવર્ત કાળ બાકી રહે ત્યારે તે જીવ સમ્યક્ત્વના અંકુરવાળો (સન્મુખ) બને છે. મોહનીયની ૭૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિમાંથી ૧ (એક) કોડાકોડી સાગરોપમની સ્થિતિ કરે ત્યારે સમ્યક્ત્વ પામે.૨.

**स भवति कालादेव प्राधान्येन सुकृतादिभावेऽपि ।**
**ज्वरशमनौषधसमयवदिति समयविदो विदुर्निपुणम् ॥ ३ ॥**

તેમાં અહિંયા કાળને પ્રાધાન્ય આપ્યું છે, પાણી, ખાતર, તડકો વિગેરે બધા કારણો હોવા છતાં કાળ પ્રાપ્ત થાય ત્યારે જ કેરી આવે છે.

તાવ આવતાં તુરંત દવા કરીએ તો તે ગુણને બદલે દોષ કરે છે, પણ સમવાનો સમય પાકે દવા કરીએ તો તે જાય છે, તેમ સિદ્ધાંતને જાણનારા કુશળ લોકો તે પ્રમાણે કહે છે.

**વિશેષાર્થ** :- ક્રોધ શાંત થયા પછી જેમ શિખામણ કામ લાગે છે, તેમ શાસ્ત્ર પણ ચરમાવર્તમાં આવેલાને ઉપયોગી બને છે....૩.

**नागमवचनं तदधः सम्यक्परिणमति नियम एषोऽत्र ।**
**शमनीयमिवाभिनवे ज्वरोदयेऽकाल इति कृत्वा ॥ ४ ॥**

ચરમાવર્ત કાળ પહેલાં તે જીવને આગમ વચન સારી રીતે પરિણમતાં નથી. નવો તાવ આવ્યો હોય ત્યારે તેને શમાવવા દવા આપવી તે નુકશાન કરનાર થાય છે. કારણ તેનો સમય પાક્યો ન હોવાને કારણે નુકશાન કરનાર બને છે....૪.

**आगमदीपेऽध्यारोपमण्डलं तत्त्वतोऽसदेव तथा ।**
**पश्यन्त्यपवादात्मकमविषय इह मन्दधीनयनाः ॥ ५ ॥**

આગમરૂપ દીપકમાં મંડળાકારની ભ્રાન્તિ વાસ્તવિક રીતે હોતી નથી, છતાં મંદબુદ્ધિવાળા (મિથ્યાત્વી) જીવો અપવાદ સ્વરૂપ આગમ વિષયને નિરર્થક રૂપે જુએ છે.

દા. ત. મંદ દ્રષ્ટિવાળો દીવાની જ્યોતને મંડળાકારે જુએ છે, તેવી રીતે આગમના વિષયોને ઉલ્ટી રીતે જુએ છે....૫.

**तत एवाविधिसेवादानादौ तत्प्रसिद्धफल एव ।**
**तत्तत्त्वदृशामेषा पापा कथमन्यथा भवति ॥ ६ ॥**

દાન-શીલ-તપ-ભાવના વિષયમાં અવિધિનું સેવન (અધ્યારોપરૂપ) જે થાય છે તે ભ્રાંતિથી જ થાય છે. આગમમાં દાન વિ.નું અવિધિ સેવન એ ભ્રાંતિના ફળરૂપે પ્રસિદ્ધ છે. તે અવિધિપૂર્વે

કરાતી ક્રિયાનું પાપ આગમનાં પરમાર્થને જાણનારા એવા તત્ત્વદષ્ટિવાળાઓને શું અન્યથા એટલે નિષ્ફળ થાય છે ? ન થાય.

સારાંશ :- અવિધિ સેવન (ક્રિયા)નું પાપ આગમના રહસ્યના જાણનારાને પણ અવશ્ય લાગે છે. ૬.

**येषामेषा तेषामागमवचनं न परिणतं सम्यक् ।**
**अमृतरसास्वादज्ञः को नाम विषे प्रवर्त्तेत ॥ ७ ॥**

જે પુરુષો દાનાદિ વિષયમાં અવિધિ કરે છે, તેઓને હેય, જ્ઞેય, ઉપાદેયરૂપ આગમ વચન સારી રીતે પરિણમ્યા નથી, માટે કરે છે, કારણ કે અમૃતનાં રસને જાણનારો ઝેરમાં મોઢું નાખતો નથી.

અવિધિ સેવા ઝેર છે,

આગમ વચન તે અમૃત છે....૭

**तस्माच्चरमे नियमादागमवचनमिह पुद्गलावर्त्ते ।**
**परिणमति तत्त्वतः खलु स चाधिकारी भवत्यस्याः ॥ ८ ॥**

તેથી ચરમ પુદ્‌ગલ પરાવર્તમાં આવેલા જીવને નિશ્ચયથી આગમવચન તત્ત્વથી પરિણમેલા હોય છે, અને તે જીવો તે લોકોત્તર તત્ત્વની સંપ્રાપ્તિના અધિકારી બને છે, ઉત્તરોત્તર વિશેષ પ્રકારે પરિણામ જાગતા રહે છે....૮.

**आगमवचनपरिणतिर्भवरोगसदौषधं यदनपायम् ।**
**तदिह परः सद्बोधः सदनुष्ठानस्य हेतुरिति ॥ ९ ॥**

આગમવચનની પરિણતિ ભવરોગનાં નાશ માટે નિર્દોષ ઔષધિ-રૂપ છે અને તે સદ્ જ્ઞાનનો હેતુ હોવાથી શ્રેષ્ઠ સમ્યગ્જ્ઞાન બને છે.

મિથ્યાદષ્ટિને અજ્ઞાનાવરણ હોય છે. અજ્ઞાનાવરણ જેટલું ઓછું તેટલું બાહ્યપદાર્થનું જ્ઞાન વધુ. દા. ત. વિજ્ઞાનવાદી વિગેરેનું અસદ્‌જ્ઞાન રોકનારૂં તે અજ્ઞાનાવરણ કહેવાય છે.

સમ્યગ્દષ્ટિને જ્ઞાનાવરણ હોય છે, તેના ક્ષયોપશમે તત્ત્વદષ્ટિ ખૂલતી જાય છે. આંતર પરિણામ વધતાં જાય છે.

મિથ્યાદષ્ટિને જ્ઞાનનો ભ્રમ સર્વવ્યાપી હોય છે. સત્યને માનવા ન દે તે મિથ્યાજ્ઞાન. સમ્યગ્દષ્ટિને જ્ઞાન એકદેશીય (સત્યપક્ષી) હોય છે, અસત્ય છોડાવી દે તે સમ્યગ્જ્ઞાન....૯

**दशसंज्ञाविष्कम्भणयोगे सत्यविकलं ह्यदो भवति ।**
**परहितनिरतस्य सदा गम्भीरोदारभावस्य ॥ १० ॥**

આહાર, નિદ્રા, ભય, મૈથુન, ક્રોધ, માન, માયા, લોભ, લોકસંજ્ઞા અને ઓઘસંજ્ઞા એ દશ સંજ્ઞાનો નિરોધ હંમેશા પરહિતમાં રત અને ગાંભીર્ય ઔદાર્ય ગુણવાળાને અખંડ એવું (સંપૂર્ણરીતે) અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે....૧૦

**सर्व्वज्ञवचनमागमवचनं यत्परिणते ततस्तस्मिन् ।**
**नासुलभमिदं सर्वं ह्युभयमलपरिक्षयात्पुंसाम् ॥ ११ ॥**

સર્વજ્ઞવચન એ આગમવચન છે, જે જે મનુષ્યને તે (આગમવચન) પ્રાપ્ત થયા છે, તેઓને ક્રિયામલ તથા ભાવમલ જવાથી આમાંનું કાંઇ જ દુર્લભ નથી. અર્થાત્ બધું જ સુલભ છે....૧૧

**विधिसेवा दानादौ सूत्रानुगता तु सा नियोगेन ।**
**गुरुपारतन्त्र्ययोगादौचित्याच्चैव सर्व्वत्र ॥ १२ ॥**

આગમમાં કહેલા પ્રમાણે થતી દાનાદિ ક્રિયા તે વિધિ સેવા છે, તે (વિધિ સેવા) ગુરુના પરતંત્રપણાથી અને ઔચિત્યાદિ ગુણોથી થાય છે. અભ્રાન્ત (શંકા વગરના) જ્ઞાનથી, અપવાદ, ઉત્સર્ગના જાણપણાથી તે ગુરુની આજ્ઞામાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવાથી પ્રાપ્ત થાય છે. દા. ત. ગુરુ-શિષ્યને રસ્તે ચાલતાં તૃષા લાગી, મિશ્ર દોષ યુક્ત પાણી મળ્યું, શિષ્યે

કહ્યું કે તે દોષિત છે, માટે નહિ લઉં, ગુરુએ સમજાવ્યું ન માન્યું ગુરુએ પીધું, આગળ ચાલ્યા. તૃષા વધી, નદી આવી પાણી પી લીધું. પ્રાણાતિપાત વ્રતનો ભંગ કર્યો, મહાવ્રત ફરીથી લેવા પડશે. મેં અચિત્ત પાણી પીધું હતું તેં સચિત્ત પીધું. સંભ્રાન્ત જ્ઞાન (ગુરુ આજ્ઞામાં શંકા) ન જોઈએ....૧૨.

**न्यायात्तं स्वल्पमपि हि भृत्यानुपरोधतो महादानम् ।**
**दीनतपस्व्यादौ गुर्वनुज्ञया दानमन्यत्तु ॥ १३ ॥**

દાન અને મહાદાન કોને કહેવાય તે કહે છે :- થોડું પણ ન્યાયથી ઉપાર્જેલ. (પોતાનાં પરંપરાગત ધંધાથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ક્ષુદ્ર, જે જાતિનો જે ધંધો હોય તેનાથી ઉપાર્જેલ તે.)

નોકર-ચાકર આદિ પોષણવર્ગની, સગાસ્નેહી સંબંધીની કાળજી લીધા પછીનું, દીન-તપસ્વી આદિને, માતા-પિતા કે કુળના વડીલ વિ.ની આજ્ઞા વડે અપાયેલું દાન મહાદાન છે. તેના સિવાયનું બીજું આપેલું દાન, તે દાન કહેવાય છે....૧૩

**देवगुणपरिज्ञानात्तद्भावानुगतमुत्तमं विधिना ।**
**स्यादादरादियुक्तं यत्तद्देवार्चनं चेष्टम् ॥ १४ ॥**

વીતરાગ દેવાદિના ગુણોની જાણકારીપૂર્વક અને આદર બહુમાનપૂર્વક જે પૂજા કરાય તે વીતરાગની પૂજા ઈષ્ટ (પ્રશંસનીય અને શુદ્ધ ફળ આપનારી) કહેવાય છે....૧૪

**एवं गुरुसेवादि च काले सद्योगविघ्नवर्जनया ।**
**इत्यादिकृत्यकरणं लोकोत्तरतत्त्वसम्प्राप्तिः ॥ १५ ॥**

ગુરુ, ધર્માચાર્યાદિની અવસરે સદ્‌યોગપૂર્વક સ્વાધ્યાય ધ્યાનાદિમાં પૂજનાદિ વિઘ્ન ન થાય તે રીતે આગમોક્ત રીતે સેવા કરવાથી લોકોત્તર તત્ત્વની સંપ્રાપ્તિ થાય છે. ૧૫.

**इतरेतरसापेक्षा त्वेषा पुनराप्तवचनपरिणत्या ।**
**भवति यथोदितनीत्या पुंसां पुण्यानुभावेन ॥१६ ॥५ ॥**

આપ્તપુરુષોનાં કહેલ વચનની પરિણતિથી પરસ્પર વિરોધી વાતને સાપેક્ષ બુદ્ધિથી જે વિચારે છે તે પુરુષોને, ઉપર કહેલી રીત પ્રમાણે પુણ્યવિપાકના ઉદયથી લોકોત્તર તત્ત્વની પ્રાપ્તિ થાય છે....૧૬.

-: इति पंचमं प्रकरणम् :-

卐

卐 卐

# જિનમંદિર નિર્માણ ષોડશક-૬

**अस्यां सत्यां नियमाद्विधिवज्जिनभवनकारणविधानम् ।**
**सिद्ध्यति परमफलमलं ह्यधिकार्यारम्भकत्त्वेन ॥ १ ॥**

પ્રાપ્ત થયેલ મોક્ષ માર્ગ (તત્ત્વ)ને આપનાર વિધિથી જિનેશ્વર ભગવંતનું મંદિર (ભવન) કરાવવું જોઈએ. જિનભવન બનાવવાની વિધિને જાણનાર યોગ્ય આત્મા ( અધિકારી ). જો તે જિનભવન બનાવે તો તેને પ્રકૃષ્ટ (શ્રેષ્ઠ) ફળ પ્રાપ્ત થાય છે. ૧

**न्यायार्ज्जितवित्तेशो मतिमान् स्फीताशयः सदाचारः ।**
**गुर्वादिमतो जिनभवनकारणस्याधिकारीति ॥ २ ॥**

જિનભવન બનાવનાર કેવો હોવો જોઈએ ?

ન્યાયથી મેળવેલા ધનવાળો, બુદ્ધિમાન, પ્રતિભાસંપન્ન, ધર્મપરિણામમાં વૃદ્ધિવાળો, સુંદર આચારવાળો, ગુર્વાદિ માતા-પિતા-રાજા- અમાત્યાદિ બધાંને માન્ય હોય, શાસ્ત્ર આજ્ઞાથી પણ યુક્ત હોય તે જિનભવન બનાવવાનો અધિકારી છે. ૨.

**कारणविधानमेतच्छुद्धा भूमिर्दलं च दार्वादि ।**
**भृतकानतिसन्धानं स्वाशयवृद्धिः समासेन॥ ३ ॥**

ભૂમિ આદિ કેવાં જોઈએ :-

જિનભવન બનાવવામાં શુદ્ધ ભૂમિ દલ-દારૂ (લાકડું) પથ્થર આદિ અને નોકરાદિને સંતોષ થાય (ઠગવાના નહિ), અને શુભ પરિણામની વૃદ્ધિ થાય વિ. કારણો જિનભવન બનાવવાના સંક્ષેપથી જાણવા. ૩.

(જિનભવન બનાવવા માટે ભૂમિ, દલ. દારૂ (લાકડું), પથ્થરાદિ શુદ્ધ-સુંદર જોઈએ. નોકરાદિને સંતોષ થાય તે રીતે મહેનતાણું આપવું

જોઈએ. (ઠગવા ન જોઈએ) પરિણામની શુદ્ધિ ઉત્તરોત્તર વધતી રહે. તે રીતે જિનભવન બનાવવાના કારણો સંક્ષેપ (ટૂંક)માં કહ્યા છે. અથવા સંક્ષેપમાં જાણવા)....૩

**शुद्धा तु वास्तुविद्याविहिता सन्न्यायतश्च योपात्ता ।**
**न परोपतापहेतुश्च सा जिनेन्द्रैः समाख्याता ॥ ४ ॥**

**શુદ્ધ ભૂમિ કેવી લેવી જોઈએ :-**

શુદ્ધ, વાસ્તુ વિદ્યા સહિત, બીજાને દુ:ખ આપ્યા વગર, ન્યાય દ્રવ્યથી અને નીતિપૂર્વક મેળવેલી, નજીકમાં રહેનારને સંતાપનું કારણ ન બને તે રીતે ભૂમિ લેવી એમ જિનેશ્વરે કહેલું છે....૪

**शास्त्रबहुमानतः खलु सच्चेष्टातश्च धर्मनिष्पत्तिः ।**
**परपीडात्यागेन च विपर्ययात्पापसिद्धिरेव ॥ ५ ॥**

**ધર્મની પ્રાપ્તિ કેવી રીતે થાય ? :-**

વાસ્તુ વિદ્યા (મંદિરાદિ બનાવવાની વિધિ જેમાં આવે છે તે) શાસ્ત્રના બહુમાનથી બીજાની ચિંતા કરવા (વડે) અને પરાભવ (ભય)ને તજીને (છોડવા વડે) ધર્મની સિદ્ધિ (નિષ્પત્તિ) થાય છે. તેથી વિરુદ્ધ વર્તન પાપનું કારણ બને છે. ૫.

**तत्रासन्नोऽपि जनोऽसम्बन्ध्यपि दानमानसत्कारैः ।**
**कुशलाशयवान् कार्यो नियमाद्बोध्यङ्गमयमस्य ॥ ६ ॥**

ધર્મ નિષ્પત્તિનું બીજું કારણ :-

જે દેશમાં આપણાં સગાં-સ્નેહી સંબંધી કોઈ ન હોય તો પણ ત્યાં જો જિનભવન બનાવવું હોય તો ત્યાંના બીજા (ઈતર) લોકોને અન્ન-પાન-વસ્ત્રાદિ દાનરૂપે આપી, તેઓનો સત્કાર કરવો. તેથી તેઓ આપનારને ધન્ય કહે અને જૈનધર્મ કેવો સુંદર છે. વિગેરે પ્રશંસા-અનુમોદના કરે. જૈન ધર્મ પર ઓવારી જાય. તેથી કરીને તે નિશ્ચયે

બોધિબીજ (સમ્યક્ત્વ)ને પમાડનાર (રોપનાર) એવા ઉચ્ચ આશય (પરિણામ)ને ધારનારો બને છે. અથવા ઉચ્ચ પરણિામમાં રમનારો બને છે....૬.

**दलमिष्टकादि तदपि च शुद्धं तत्कारिवर्गतः क्रीतम् ।**
**उचितक्रयेण यत्स्यादानीतं चैव विधिना तु ॥ ७ ॥**

શુદ્ધ દલ અને દારૂ કોને કહેવાય ? :-

ઈંટ-પથ્થર-લાકડું વિગેરે શુદ્ધ બનાવનાર વર્ગની પાસેથી ઉચિત દામ (કિંમત) આપીને અને મજૂર વિગેરેને દુઃખ ન થાય તે રીતે વિધિપૂર્વક લાવવું તે શુદ્ધ કહેવાય છે... ૭

**दार्वपि च शुद्धमिह यन्नानीतं देवताद्युपवनादेः ।**
**प्रगुणं सारवदभिनवमुच्चैर्ग्रन्थ्यादिरहितं च ॥ ८ ॥**

વળી આગળ કહે છે :-

લાકડું વિ. પણ દેવતા-તિર્યંચ- મનુષ્ય સંબંધી જંગલમાંથી વાંકુ નહિ પણ સુંદર, સ્થિર, નવું અને ગાંઠ વિગેરેથી રહિત લાવવું તે શુદ્ધ કહેવાય છે. ૮

**सर्वत्र शकुनपूर्वं ग्रहणादावत्र वर्त्तितव्यमिति ।**
**पूर्णकलशादिरूपश्चित्तोत्साहानुगः शकुनः ॥ ९ ॥**

વિધિ યુક્ત એટલે શું :-

તે માલ (લાકડું વિગેરે) ખરીદીને લાવતાં શુકન (પનિહારી, દહીં, ઘાસનો ભારો વિગેરે) જોવા તે બાહ્ય શુકન છે, ચિત્તનો ઉત્સાહ, ગુરુવચન વિગેરે અભ્યંતર શુકન છે. તેવા શુકન આદિ વિધિયુક્ત લાવવું તે કાર્યની સિદ્ધિ માટે બને છે. ૯

**भृतका अपि कर्त्तव्या य इह विशिष्टाः स्वभावतः केचित् ।**
**यूयमपि गोष्ठिका इह वचनेन सुखं तु ते स्थाप्याः ॥ १० ॥**

નોકરોને (કારીગરને) કેવી રીતે ખુશ રાખવાં:- મિષ્ટ ભાષા બોલવા વડે જેમ કે તમે પણ મંદિર બનાવવામાં સહાયક છો. વિગેરે માનપૂર્વક સારાં શબ્દોથી તેમનો સત્કાર કરવો. ૧૦

**अतिसन्धानं चैषां कर्त्तव्यं न खलु धर्म्ममित्राणाम् ।**
**न व्याजादिह धर्मो भवति तु शुद्धाशयादेव ॥ ११ ॥**

ધર્મમિત્ર (ધર્મમાં સહાયક હોવાથી) નોકરોને ઠગવા નહિ, શુભ કાર્યમાં ઠગવાથી સાચો ધર્મ થતો નથી, શુભ કાર્યમાં શુભ પરિણામ રાખવા જોઈએ, તે જ સાચો ધર્મ છે....૧૧.

**देवोद्देशेनैतद्गृहिणां कर्तव्यमित्यलं शुद्धः ।**
**अनिदानः खलु भावः स्वाशय इति गीयते तज्ज्ञैः ॥ १२ ॥**

જિનભવનનો ઉદ્દેશ :-

ગૃહસ્થીઓએ જિનભવન એક જ ભક્તિમાત્રના ઉદ્દેશથી બનાવવું જોઈએ. આ લોક કે પરલોકના સુખના ભાવથી નહિ, પરંતુ નિદાન (નિયાણું) રહિત શુભ ભાવથી જિનભવન બનાવવું જોઈએ, તેવાં શુદ્ધ અધ્યવસાયવાળાની સ્તુતિ બુદ્ધિશાળીઓ કરે છે. (શાસ્ત્રજ્ઞ પુરુષો તેમની સ્તવના કરે છે.)...૧૨.

**प्रतिदिवसमस्य वृद्धिः कृताकृतप्रत्युपेक्षणविधानात् ।**
**एवमिदं क्रियमाणं शस्तमिह निदर्शितं समये ॥ १३ ॥**

શ્રી જિનભવન બનાવવાનું ફળ :-

કરવા યોગ્ય કે ન કરવા યોગ્યની વિધિને જાણવાથી ભાવની વૃદ્ધિ થાય છે. આ પ્રમાણે બનાવેલાં મંદિરને જોઈને અનેક લોકો ધ્યાન અને ભક્તિથી પાપને દૂર કરી સુગતિને પામશે. કેટલાંક યાત્રા-સ્નાત્રાદિપૂજા મહોત્સવ કરીને મારાં બનાવેલા મંદિરનાં કારણે બોધિ-બીજને પ્રાપ્ત કરશે, સારું થયું કે મારાથી આવું સુંદર કાર્ય થયું. મંદિરમાં

ધ્યાન કરીને શ્રાવક શુભ પરિણામમાં વૃદ્ધિવાળાં થશે અને મારા સમકિતની નિર્મળતા વધશે. આ પ્રમાણે કહેલ રીતથી જિનમંદિર કરાવવાનું પ્રશંસનીય છે. તેમ સિદ્ધાંતમાં બતાવેલ છે....૧૩

**एतदिह भावयज्ञः सद्गृहिणो जन्मफलमिदं परमम् ।**
**अभ्युदयाव्युच्छित्त्या नियमादपवर्गबीजमिति ॥ १४ ॥**

તે મોક્ષનું બીજ છે :-

આ જિનભવન બનાવવું તે સદ્‌ગૃહસ્થોની ભાવપૂજા છે. તે આ જન્મનું પવિત્ર ફળ છે. પ્રધાન ફળ છે, અને સ્વર્ગાદિની પરંપરા વડે નિયમથી મોક્ષનું બીજ (મોક્ષ આપનાર) બને છે. ૧૪.

**देयं तु न साधुभ्यस्तिष्ठन्ति यथा च ते तथा कार्यम् ।**
**अक्षयनीव्या ह्येवं ज्ञेयमिदं वंशतरकाण्डम् ॥ १५ ॥**

જિનમંદિર કરાવ્યા પછીની કરવા યોગ્ય વિધિ કહે છે :-

સાધુઓને આ તમારું છે, આનો જિર્ણોદ્ધાર તમે કરજો, તેમ કહીને આપવું નહિ, પરંતુ આત્યન્તિક (વિશેષ) કારણ વિના જાતે જ રક્ષણ જેવી રીતે થાય તેવી રીતે કરવું. તે સાધુઓ સાધુપણામાં જે રીતે રહે તે રીતે કરવું. બાળ, વૃદ્ધ, ગ્લાન સાધુઓની સાથે આયતન (મકાન)માં કેવી રીતે રહેવું તે કહેતાં કહે છે કે, મૂળ ધન અક્ષય બને છે અને જે આયતન (મંદિર) સંબંધી મૂળ ધન તે સર્વ પ્રયત્નો વડે રક્ષણીય છે. (રક્ષણ કરવું જોઈએ.) આ પ્રમાણે કરવાથી પોતાનાં સંતાનને આશ્રયીને સ્વ અને પરનાં ઉપકાર વડે વંશ અને ભાવિ પુરુષનાં પ્રવાહને સદ્‌ધર્મની પ્રાપ્તિ થવાથી સંસાર સમુદ્રથી તારનાર બને છે-નૌકા બને છે ૧૫.

**यतनातो न च हिंसा यस्मादेषैव तन्निवृत्तिफला ।**
**तदधिकनिवृत्तिभावाद्विहितमतोऽदुष्टमेतदिति ॥ १६ ॥६॥**

પૃથ્વી આદિની હિંસા વિના આ મંદિર બનતું નથી, તે શંકાથી આગળ કહે છે :-

શાસ્ત્રમાં કહેલ યતનાથી અને રાગ-દ્વેષ છોડીને કરવાથી તે હિંસા બનતી નથી. ભાવથી તેની હિંસા ન હોવાથી અને સ્વરૂપ હિંસા હોવાથી તે હિંસા બનતી નથી. વળી હિંસા ભાવ વગરની અને યતનાપૂર્વકની નાની (સૂક્ષ્મ) હિંસા પરંપરાએ વધુ આરંભાદિ પાપ નિવૃત્તિના કારણે હિંસા બનતી નથી. શાસ્ત્રોમાં પણ સુંદર બુદ્ધિવાળાઓએ તે દોષ વગરનું જિનભવન બનાવવાનું કહેલ છે. અને તે મોક્ષનું કારણ છે. ૧૬

સારાંશ :-

અલ્પશ્રમથી મોટો નફો મળે ત્યારે તે શ્રમ, શ્રમ કહેવાતો નથી, તેમ અલ્પ (સ્વરૂપ) હિંસા પછી બોધિબીજ (સમ્યક્ત્વ)નો મહાન લાભ થતો હોવાથી તે હિંસા, હિંસા બનતી નથી. મુક્તિને આપવામાં સ્વરૂપ હિંસા નિમિત્ત બનતી હોવાથી અને ભાવિમાં સંપૂર્ણ હિંસાથી આત્માને મુક્ત બનાવવામાં કારણભૂત બનતી હોવાથી તે હિંસા, હિંસારૂપ બનતી નથી. ૧૬

**इति षष्ठम् षोडशकम्**

**जिनभवने तद्बिम्बं कारयितव्यं द्रुतं तु बुद्धिमता ।**
**साधिष्ठानं ह्येवं तद्भवनं वृद्धिमद्भवति ॥ १ ॥**

શ્રી જિનભવન કરાવવાનું બતાવીને તેમાં જિનબિંબનું સ્થાપન કરાવવાનું કહે છે :-

તે જિનભવનમાં જિનેશ્વર ભગવાનનું બિંબ બુદ્ધિમાન પુરુષે જલ્દી કરાવવું જોઇએ. જેથી બિંબ (પ્રતિમા)થી અધિષ્ઠાન થયેલું મંદિર પુણ્યની વૃદ્ધિ કરવાવાળું થાય છે. ૧.

**जिनबिम्बकारणविधिः काले पूजापुरस्सरं कर्तुः ।**
**विभवोचितमूल्याऽर्प्पणमनघस्य शुभेन भावेन ॥ २ ॥**

તે બિંબ કેવી રીતે બનાવવું તેની વિધિ કહે છે :-

સારા અવસરે (શુભ મુહૂર્તે) ભોજન-પત્ર-પુષ્પ-ફૂલ, પૂજા, સત્કાર કરવા પૂર્વક અવ્યસની શિલ્પીને શુભ ભાવનાથી યોગ્ય મૂલ્ય આપીને જિન બિંબ કરાવવું જોઇએ. ૨

**नार्पणमितरस्य तथा युक्त्या वक्तव्यमेव मूल्यमिति ।**
**काले च दानमुचितं शुभभावेनैव विधिपूर्वम् ॥ ३ ॥**

તે શિલ્પી પાપ રહિત કેવો તે કહે છે :-

સ્ત્રી-મદ્ય (દારૂ) જુગાર આદિવાળા શિલ્પીને ઉપર કહેલી રીત મુજબ ન આપતાં લોક ન્યાયથી જે અપાતું હોય તે મૂલ્ય કહેવું અધિક પણ નહિં અને ઓછું પણ નહિ તે પણ શુભભાવથી વિધિપૂર્વક આપવું.

**चित्तविनाशो नैवं प्रायः सञ्जायते द्वयोरपि हि ।**
**अस्मिन् व्यतिकर एष प्रतिषिद्धो धर्मतत्त्वज्ञैः ॥ ४ ॥**

ભ્રાન્તિ : જે પદાર્થમાં જે તત્ત્વ છે તેનાથી ઉલટું માનવું.

દા. ત. છીપમાં ચાંદીનો ભ્રમ થવો.

કારણ કે આ સમ્બન્ધમાં મન-દુઃખ ન થવું જોઈએ, તે ધર્મતત્ત્વને જાણનારાઓએ કહ્યું છે. (તેમ ધર્મતત્ત્વવિદ્ કહે છે.)....૪.

**एष द्वयोरपि महान् विशिष्टकार्यप्रसाधकत्त्वेन ।**
**सम्बन्ध इह क्षुण्णं न मिथः सन्तः प्रशंसन्ति ॥ ५ ॥**

ઉપર કહ્યા મુજબ કરવાથી વિશિષ્ટ કાર્ય પૂર્ણ થયે છતે બંનેને મહાન લાભ થાય છે. સંત પુરુષો આ જિનબિંબ બનાવવાનાં સંબંધમાં પરસ્પરના મનની દુઃખરૂપ વૈકલ્પતાને પ્રશંસતા નથી. અર્થાત્ મનદુઃખ થાય તેવું ઈચ્છતા નથી....૫

**यावन्तः परितोषाः कारयितुस्तत्समुद्भवाः केचित् ।**
**तद्बिम्बकारणानीह तस्य तावन्ति तत्त्वेन ॥ ६ ॥**

બિંબ બનાવનારના જેટલા સુંદર પરિણામો ચિત્તમાં ઉત્પન્ન થાય તેટલા સુંદર શબ્દાદિવડે પ્રયત્ન કરવા, જેથી તેના પરિણામો અને પ્રભાવ પરમાર્થથી (તત્ત્વથી) તે બિંબમાં આવે. ૬

**अप्रीतिरपि च तस्मिन् भगवति परमार्थनीतितो ज्ञेया ।**
**सर्वापायनिमित्तं ह्येषा पापा न कर्त्तव्या ॥ ७ ॥**

જિનબિંબ બનાવનાર ઉપરની અપ્રીતિ વાસ્તવમાં ભગવાન ઉપરની અપ્રીતિ બનતી હોવાથી અને તે સર્વ અપાયના કારણરૂપ હોવાથી ન કરવી. ૭.

**अधिकगुणस्थैर्नियमात् कारयितव्यं स्वदौर्हृदैर्युक्तम् ।**
**न्यायार्जितवित्तेन तु जिनबिम्बं भावशुद्धेन ॥ ८ ॥**

વળી શિલ્પીઓની ઇચ્છા પૂર્ણ કરવા વડે પ્રીતિ ઉત્પન્ન કરીને જિનબિંબ કરાવવું, અધિક ગુણવાળાં સ્વમનોરથ પૂર્ણવાળા શિલ્પી વડે અને ન્યાયથી મેળવેલા દ્રવ્ય વડે તેમજ શુદ્ધ ભાવથી જિનબિંબ કરાવવું...૮

**अत्रावस्थात्रयगामिनो बुधैर्दौर्हृदाः समाख्याताः ।**
**बालाद्याश्चैता यत्तत्क्रीडनकादि देयमिति ॥ ९ ॥**

શિલ્પીને પોતાના દોહલાં પૂર્ણ થવાથી જે કહ્યું છે તેનું વિવરણ કરે છે :-

જિનબિંબ કરવામાં ત્રણ અવસ્થા (બાળ-કુમાર-યુવક) લાવવા માટે બુદ્ધ પુરુષોએ મનોરથો કહ્યા છે. શિલ્પીના ચિત્તમાં જેવા ભાવ હોય તેવા ભાવ બિંબમાં આવે છે, તેથી રમકડાં વિગેરે તેની સામે મૂકવાં. જેથી તેવા ભાવ તે પ્રતિમાના નિર્માણમાં આવે.....૯

**यद्यस्य सत्कमनुचितमिह वित्ते तस्य तज्जमिह पुण्यम् ।**
**भवतु शुभाशयकरणादित्येतद्भावशुद्धं स्यात् ॥ १० ॥**

વિશેષ ભાવશુદ્ધિનું વર્ણન કરતા કહે છે કે બીજાનું ધન આવી જાય તો પણ તેનું પુણ્ય તેને થાઓ. તે પ્રમાણે જિનભવન બનાવનાર જાહેર કરે. કોઇનું પણ નહીં લેવા યોગ્ય ધન જો આ મારા ધનમાં લાગી ગયું હોય તો આ જિનબિંબ કરવાથી ઉત્પન્ન થયેલું પુણ્ય તેને થાઓ. (તે પણ પામો) આવા શુભ પરિણામથી ધન ન્યાયવાળું થાય છે અને ભાવની શુદ્ધિ વધુ વિશુદ્ધ બને છે. ૧૦

**मन्त्रन्यासश्च तथा प्रणवनमः पूर्वकं च तन्नाम ।**
**मन्त्रः परमो ज्ञेयो मननत्राणे ह्यतो नियमात् ॥ ११ ॥**

ॐ ऋषभाय नमः આદિ મન્ત્ર લખીને પ્રતિમાને મંત્ર વડે અધિષ્ઠિત કરવી. ચિન્તન કરવાથી જે રક્ષા કરે તે મન્ત્ર કહેવાય છે.

**बिम्बं महत्सुरूपं कनकादिमयं च यः खलु विशेषः ।**
**नास्मात्फलं विशिष्टं भवति तु तदिहाशयविशेषात्॥१२॥**

કનક, રત્નની પ્રતિમાના વિશેષ ભાવનું ફળ :-

અત્યન્ત સુન્દર, કનક, રત્નાદિની પ્રતિમા બાહ્ય વસ્તુ છે. તેનાથી વિશેષ ફળ નથી, પરંતુ અધ્યવસાયની વિશેષતા-શુદ્ધિ ફળને અધિક આપે છે. ભાવને વધારનાર બાહ્ય વસ્તુ સુંદર હોય તો તે ભાવને વધારી શકવામાં નિમિત્ત બને છે, માટે સોનાની, રત્નાદિની પ્રતિમા કરાવવી તે આદરણીય છે....૧૨

**आगमतन्त्रः सततं तद्भक्त्यादिलिङ्गसंसिद्धः ।**
**चेष्टायां तत्स्मृतिमान् शस्तः खल्वाशयविशेषः ॥ १३ ॥**

હવે કયો આશય પ્રશસ્ત બને છે તે કહે છે :-

આગમમાં કહેલ રીત મુજબ ભક્તિ-બહુમાન- વિનય-પૂજાદિ અનવરત (સતત્) ચાલુ હોય તે આગમની યાદીવાળો (આગમમાં જે કહ્યું છે તે કરવાના) જે પરિણામ જેને હોય તે પરિણામ પ્રશસ્ત છે, કલ્યાણકારી છે....૧૩

**एवंविधेन यद्बिम्बकारणं तद्वदन्ति समयविदः।**
**लोकोत्तरमन्यदतो लौकिकमभ्युदयसारं च ॥ १४ ॥**

એ પ્રમાણે બનાવેલા બિંબના પ્રભાવે લોકોત્તર (મોક્ષસાધક) ફળ તેમજ લૌકિક (દેવલોકાદિ) ફળ પ્રાપ્ત થાય છે આપનાર છે, તેમ શાસ્ત્ર જાણનારા મહા પ્રજ્ઞાવંતો કહે છે. ૧૪

**लोकोत्तरं तु निर्वाणसाधकं परमफलमिहाश्रित्य ।**
**अभ्युदयोऽपि हि परमो भवति त्वत्रानुषङ्गेण ॥ १५ ॥**

લોકોત્તર એવા નિર્વાણસાધક શ્રેષ્ઠ ફલને આશ્રયીને સ્વર્ગાદિ સુખ આનુષાંગિક પ્રાપ્ત થાય છે, પ્રધાનતયા તો મોક્ષ ફલ જ પ્રાપ્ત થાય છે. ૧૫

**कृषिकरण इव पलालं नियमादत्रानुषङ्गिकोऽभ्युदयः ।**
**फलमिह धान्यावाप्तिः परमं निर्वाणमिव बिम्बात् ॥१६ ॥**
**॥ ७ ॥**

ખેતી કરવાથી ઘઉંની સાથે જેમ ઘાસ આનુષાંગિક મળે છે, તેમ બિંબ (પ્રતિમા)ના કારણથી (પ્રભાવથી) પરમ નિર્વાણની સાથે સ્વર્ગાદિના સુખ આનુષાંગિક મળે છે....૧૬

-: ઈતિ સપ્તમં ષોડશકમ્ :-

**निष्पन्नस्यैवं खलु जिनबिम्बस्योदिता प्रतिष्ठाशु ।**
**दशदिवसाभ्यन्तरतः सा च त्रिविधा समासेन ॥ १ ॥**

પ્રતિષ્ઠા કેવી રીતે થાય ?

આ પ્રમાણે તૈયાર થયેલ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા શીઘ્ર દશ દિવસમાં કરવી તેના સંક્ષેપથી ત્રણ પ્રકાર છે....૧

**व्यक्त्याख्या खल्वेषका क्षेत्राख्या चापरा महाख्या च ।**
**यस्तीर्थकृद्यदा किल तस्य तदाद्येति समयविदः ॥ २ ॥**
**ऋषभाद्यानां तु तथा सर्वेषामेव मध्यमा ज्ञेया ।**
**सप्तत्यधिकशतस्य तु चरमेह महाप्रतिष्ठेति ॥ ३ ॥**

ત્રણ પ્રકાર કયા તે કહે છે :- (૧) વ્યક્ત્યાખ્યા, (૨) ક્ષેત્રાખ્યા, (૩) મહાખ્યા.

(૧) વ્યક્ત્યાખ્યા : (નામ) :- વર્તમાન તીર્થાધિપતિની તે સમયે કરેલી પ્રતિષ્ઠા તે વ્યક્ત્યાખ્યા. દા.ત. જીવંતસ્વામી (મહાવીરસ્વામી) સીમંધરસ્વામી વિગેરે એમ સિદ્ધાંતને જાણનારા કહે છે.

(૨) ક્ષેત્રાખ્યા :- ભરત, ઐરવતક્ષેત્રની અપેક્ષાએ શ્રી ઋષભાદિ જિનની પ્રતિષ્ઠા તે ક્ષેત્રાખ્યા.

(૩) મહાખ્યા :- મહાવિદેહ, ભરત, ઐરવતક્ષેત્રની અપેક્ષાએ ૧૭૦ જિનની પ્રતિષ્ઠા તે મહાખ્યા....૨....૩

**भवति खलु प्रतिष्ठा निज भावस्यैव देवतोद्देशात् ।**
**स्वात्मन्येवपरं यत्स्थापनमिह वचननीत्योच्चैः ॥ ४ ॥**

બાહ્યજિન પ્રતિમામાં આગમમાં કહેલ વિધિ પ્રમાણે પ્રતિષ્ઠા

કરનાર આચાર્ય પોતાના ભાવને પરમાત્માના ઉદ્દેશથી પોતાના આત્મામાં જે શુભભાવ પ્રગટાવે તે શુભભાવની સ્થાપના કરવી તેજ સાચી પ્રતિષ્ઠા છે. તેથી ભક્તિમાન- વિદ્વાન્ પુરુષોના દિલમાં તે પ્રતિમા પ્રતિ પૂજ્યભાવ આવે છે...૪

**बीजमिदं परमं यत्परमाया एव समरसापत्तेः ।**
**स्थाप्येन तदपि मुख्या हन्तैषैवेति विज्ञेया ॥ ५ ॥**

પોતાના આત્મામાં જ તે ભાવ સ્થાપન કરવામાં આવે છે, બીજે કેમ નહિ ? કારણ કે તે શ્રેષ્ઠ કોટીના શમરસની ઉત્પત્તિનું મુખ્ય કારણ છે, તેથી તે ભાવને સ્થાપવાથી આ જિનબિંબની પ્રતિષ્ઠા શ્રેષ્ઠ જાણવી (પ્રતિષ્ઠા મુખ્ય બને છે.)...૫

**मुक्त्यादौ तत्त्वेन प्रतिष्ठिताया न देवतायास्तु ।**
**स्थाप्ये न च मुख्येयं तदधिष्ठानाद्य भावेन ॥ ६ ॥**

મુક્તિમાં ગયેલા પરમાત્માની પ્રતિષ્ઠા શું નથી? એ પ્રમાણે શંકા કરી કહે છે :-

પ્રતિમાની અન્દર મુક્તિ વિ.માં રહેલા પરમાત્માની વાસ્તવિક પ્રતિષ્ઠા નથી. કારણ કે મંત્રાદિના સંસ્કાર પૂર્વક તે પરમાત્માનો આત્મા તો આવી શકતો ન હોવાથી તેમના વડે અધિષ્ઠિત ન થવાનો સંભવ હોવાથી, પોતાના (પ્રતિષ્ઠાપક આચાર્યના) નિર્મલ શમરસ ભાવોની બિંબ (પ્રતિમા)માં સ્થાપના કરવામાં આવે છે. ૬

**इज्यादेर्न च तस्या उपकारः कश्चिदत्र मुख्य इति ।**
**तदतत्त्वकल्पनैषा बालक्रीडासमा भवति ॥ ७ ॥**

આ પ્રતિમાની પૂજા કરવાથી (સત્કાર, સ્નાત્રપૂજા- આભરણ પૂજા, નૈવેદ્યાદિ પૂજા) મોક્ષમાં રહેલ ભગવાન ઉપર ઉપકાર થતો નથી.

છતાં જે મુક્તિગત પરમાત્મા ઉપર ઉપકાર કર્યો માને છે, તેવી અસત્કલ્પના તે બાળક્રીડા સમાન (અજ્ઞાનતા) છે....૭

**भावरसेन्द्रात्तु ततो महोदयाज्जीवतास्वरूपस्य ।**
**कालेन भवति परमाऽप्रतिबद्धा सिद्धकाञ्चनता ॥ ८ ॥**

પોતાના ભાવની પ્રતિષ્ઠા વિષે આગળ કહે છે :-

મુખ્ય જિનસ્વરૂપ આલંબનરૂપી ભાવ રસ ઇન્દ્રવડે, (શ્રેષ્ઠ ભાવ વડે) આત્માને પુણ્યાનુબંધિ પુણ્યરૂપ, વૈભવ, સંપત્તિ, રિદ્ધિ, સિદ્ધિ સ્વરૂપ આત્મભાવ પ્રાપ્ત થાય છે. અને કેટલાક કાળ પછી સંપૂર્ણ એવી શ્રેષ્ઠ કોટીની સિદ્ધ કાંચનતા (સિદ્ધાત્મા સ્વરૂપ આત્માનું નિર્મલ સ્વરૂપ) પ્રાપ્ત થાય છે.....૮.

**वचनानलक्रियातः कर्मेन्धनदाहतो यतश्चैषा ।**
**इति कर्त्तव्यतयाऽतः सफलैषाप्यत्र भावविधौ ॥ ९ ॥**

સિદ્ધકાંચનતા કેવી રીતે પ્રાપ્ત થાય ?

આગમ વચનાનુસાર ક્રિયારૂપ અગ્નિ વડે કર્મ ઇન્ધન બળવાથી આ સિદ્ધ કાંચનતા (આત્માનું મૂળ સ્વરૂપ) પ્રાપ્ત થાય છે. આથી આ શમરસભાવમાં કર્મ ઇંધન બળી જાય છે. તેથી આવા શુભ પરિણામથી કરાવેલી પ્રતિષ્ઠા સફળ (લાભકારી) બને છે....૯.

**एषा च लोकसिद्धा शिष्टजनापेक्षयाऽखिलैवेति ।**
**प्रायो नानात्वं पुनरिह मन्त्रगतं बुधाः प्राहुः ॥ १० ॥**

આ પ્રતિષ્ઠા પૂર્વ પરંપરાથી આવેલા આચાર્યોરૂપ લોક વડે અને વિશિષ્ટ ભવ્યજનરૂપ ( શિષ્ટજનની અપેક્ષાએ) સંપૂર્ણ માન્ય છે અને પ્રાયઃ કરીને ક્રિયામાં જે જુદાપણું છે. તે મંત્રવિષયક છે. એમ પંડિતો કહે છે....૧૦.

**आह्वानादि सर्व्वं वायुकुमारादिगोचरं चात्र ।**
**सम्मार्जनादिसिद्ध्यै कर्त्तव्यं मन्त्रपूर्वं तु ॥ ११ ॥**

જુદાપણાની વિવિધતા કહે છે :-

પ્રતિષ્ઠામાં વાયુકુમાર વિગેરે દેવો વિષયક સંમાર્જન વિગેરેની સિદ્ધિ માટે જે વાયુકુમાર વિગેરે દેવોને આહ્વાન આદિ જે મંત્રોવડે કરવામાં આવે છે તે મંત્રો પોતાના કુળની પરંપરા પ્રમાણે જાણવા...૧૧.

**न्याससमये तु सम्यक्सिद्धानुस्मरणपूर्वकमसङ्गम् ।**
**सिद्धौ तत्स्थापनमिव कर्त्तव्यं स्थापनं मनसा ॥ १२ ॥**

પ્રતિષ્ઠા કેવી રીતે કરવી તે કહે છે ?

મંત્રન્યાસ (સ્થાપન) સમયે સારી રીતે મોક્ષમાં રહેલા સિદ્ધોને યાદ કરવાપૂર્વક શારીરિક, માનસિક, ઉપાધિરૂપ સંગથી રહિત ભાવપૂર્વક જાણે મોક્ષમાં સ્થાપન ન કરતા હોય તેમ એકાગ્રતાપૂર્વક ભાવની જિનબિંબમાં સ્થાપના કરવી તે સમ્યક્પ્રતિષ્ઠા છે....૧૨

**बीजन्यासः सोऽयं मुक्तौ भावविनिवेशतः परमः ।**
**सकलावञ्चकयोगप्राप्तिफलोऽभ्युदयसचिवश्च ॥ १३ ॥**

પોતાનો જે બિંબમાં સ્થાપન કરવાનો આ શુભભાવ પુણ્યાનુબંધી પુણ્યરૂપ અથવા સમ્યક્ત્વરૂપ બીજને સ્થાપન કરનારો છે.

તે બીજ કેવી રીતે સ્થાપન થાય તે કહે છે :-

મોક્ષને વિષે પોતાના અન્તઃકરણને જોડવાથી શ્રેષ્ઠ કોટીના બધા અવંચક (યોગાવંચક, ક્રિયાવંચક, ફળાવંચક) યોગોની પ્રાપ્તિથી અને અભ્યુદય (સ્વઉત્થાન)ની સહાયતા વડે (પોતાના શ્રેષ્ઠભાવો વડે ) બીજ ન્યાસ થાય છે. ૧૩.

**लवमात्रमयं नियमादुचितोचितभाववृद्धिकरणेन ।**
**क्षान्त्यादियुतैर्मैत्र्यादिसङ्गतैर्बृंहणीय इति ॥ १४ ॥**

આ બીજ ન્યાસ કેવી રીતે વધારવો :-

પ્રતિષ્ઠા સંબંધી આ ભાવવાળો અલ્પપણ બીજન્યાસ નિયમા દેશ, કાળ વિગેરેરૂપ ઉચિત ભાવની વૃદ્ધિ કરવા વડે અને ક્ષમા વિગેરેથી યુક્ત મૈત્ર્યાદિ ભાવોથી એ બીજ પુષ્ટ કરવું અને વધારવું...૧૪.

**निरपायः सिद्धार्थः स्वात्मस्थो मन्त्रराडसङ्गश्च ।**
**आनन्दो ब्रह्मरसश्चिन्त्यस्तत्त्वज्ञमुष्टिरियम् ॥ १५ ॥**

આ ભાવની વિશિષ્ટ પણે સ્તુતિ કરે છે :-

આ ભાવ નિરપાય (વિઘ્નરહિત) જેના બધા અર્થો (પ્રયોજન) સિદ્ધ થયા હોવાથી સિદ્ધાર્થ છે. પોતાના આત્મામાં રહેલ હોવાથી આત્મસ્થ છે, મંત્રરાજ છે, સંગથી રહિત હોવાથી અસંગ છે. આનંદનું કારણ હોવાથી આનંદમય છે, સત્ય તપ અને જ્ઞાનરૂપ બ્રહ્મ રસ છે. આવા ભાવો હંમેશા મનમાં વારંવાર ચિંતનીય છે. તત્ત્વજ્ઞ પુરુષોનો આ હિતોપદેશ છે. ૧૫.

**अष्टौ दिवसान् यावत् पूजाऽविच्छेदतोऽस्य कर्त्तव्या ।**
**दानं च यथाविभवं दातव्यं सर्वसत्त्वेभ्यः ॥ १६ ॥**

પ્રતિષ્ઠા પછીની વિધિ કહે છે. :-

આઠ દિવસ સુધી સતત પ્રતિષ્ઠા કરેલ જિનબિંબની પૂજા કરવી જોઈએ અને શાસનની ઉન્નતિ માટે બધા જીવોને વૈભવાનુસાર ધન આપવું જોઈએ....૧૬.

-: इति अष्टमो षोडशकम् :-

# પૂજા સ્વરૂપ ષોડશક-૯

**स्नानविलेपनसुसुगन्धिपुष्पधूपादिभिः शुभैः कान्तम् ।**
**विभवानुसारतो यत्काले नियतं विधानेन ॥ १ ॥**
**अनुपकृतपरहितरतः शिवदस्त्रिदशेशपूजितो भगवान् ।**
**पूज्यो हितकामानामितिभक्त्या पूजनं पूजा ॥ २ ॥**

પૂજાનું સ્વરૂપ કહે છે :-

સુગંધી દ્રવ્યથી સંયોજિત સ્નાત્ર (જલ) ચંદન, કેસર, વિ.થી મિશ્રિત વિલેપન, સુંદર સુગંધી પુષ્પો, સુગંધી ધૂપ વિ.થી મનોહર તથા પોતાના વૈભવ અનુસાર દ્રવ્યથી પ્રભુની ત્રણે કાળ પોતાની આજીવીકાને બાધ ન આવે તે રીતે અને શાસ્ત્રના વિધાન મુજબ પૂજા કરવી. જેનામાં ઉપકારની બુદ્ધિ નથી, તેવા પર (બીજા) જીવો પર પણ જેઓ હિતની બુદ્ધિ રાખે છે, વળી નિષ્કારણ વત્સલ છે. શિવ (મોક્ષ) ને આપે છે.

ઈન્દ્રોથી જે પૂજાયેલા છે, સર્વ ઐશ્વર્યાદિ વૈભવથી સંપન્ન છે, પૂજ્ય છે. એવા હિતની ઈચ્છા ધરાવનારાઓની સુંદર પરિણામ દ્વારા ભક્તિ વડે કરાતું પૂજન તે પૂજા કહેવાય છે. ૧-૨.

**पञ्चोपचारयुक्ता काचिच्चाष्टोपचारयुक्ता स्यात् ।**
**ऋद्धिविशेषादन्या प्रोक्ता सर्वोपचारेति ॥ ३ ॥**

પૂજાના ત્રણ પ્રકાર :-

(૧) પંચાંગપ્રણિપાતરૂપ :- તે પંચોપચાર

(૨) અષ્ટાંગ પ્રણિપાતરૂપ :- તે અષ્ટોપચાર

(૩) સર્વોપચાર :- તે દર્શાણભદ્રની જેમ અન્તઃપુર-હસ્તિ-અશ્વ-રથ-વૈભવાદિ-સહિત વિનયપૂર્વકની પૂજા તે સર્વોપચાર પૂજા....૩.

**न्यायार्ज्जितेन परिशोधितेन वित्तेन निरवशेषेयम् ।**
**कर्तव्या बुद्धिमता प्रयुक्तसत्सिद्धियोगेन ॥ ४ ॥**

ન્યાયાર્જિત ધનથી, ભાવના વિશેષપણાથી અને સુંદર યોગમાં રહેલા બુદ્ધિમાન પુરુષો એ પૂજા કરવી....૪.

**शुचिनात्मसंयमपरं सितशुभवस्त्रेण वचनसारेण ।**
**आशंसारहितेन च तथा तथा भाववृद्ध्योच्चैः ॥ ५ ॥**

દ્રવ્યથી કાયાની દેશ કે સર્વ સ્નાનથી શુચિ કરવી, ભાવથી વિશુદ્ધ અધ્યવસાયથી પવિત્ર, ઈન્દ્રિયના સંયમપૂર્વક, શ્વેતાદિ વસ્ત્ર યુક્ત આશંસા રહિત અને જે જે રીતે ભાવની શુદ્ધિ થાય તે રીતે આગમાનુસાર સુન્દર-સાધન સામગ્રી વડે પૂજા કરવી. ૫.

**पिण्डक्रियागुणगतैर्गम्भीरैर्विविधवर्णसंयुक्तैः ।**
**आशयविशुद्धिजनकैः संवेगपरायणैः पुण्यैः ॥ ६ ॥**
**पापनिवेदनगर्भैः प्रणिधानपुरस्सरैर्विचित्रार्थैः ।**
**अस्खलितादिगुणयुतैः स्तोत्रैश्च महामतिग्रथितैः ॥ ७ ॥**

પુષ્પાદિ પૂજાનું વર્ણન કર્યું હવે કેવા સ્તોત્ર (સ્તવન) વડે કીર્તન (પૂજા) કરવું તે કહે છે.

૧૦૦૮ લક્ષણવાળા કાયાના સુંદર વર્ણન વડે, સુંદર એવા ચરિત્ર વડે, સુંદર આચરણ વડે, દુર્વાર પરિષહ, ઉપસર્ગોને જીતવાના ગુણવડે, કેવળજ્ઞાન, દર્શન વિ, વિશેષણો વડે, ગંભીર ગુણવડે, અર્થની ગંભીરતા જળવાય તે રીતે વિવિધ અલંકાર-છંદ-ઉપમા-અને સુંદર શબ્દોવડે, આશયને વિશુદ્ધ કરનારા શબ્દોવડે, સંવેગમાં વધારો કરે, સંસારનો ભય વધારે, પુણ્યના કારણભૂત, પાપની નિંદા અને નિવેદન કરવાવડે ઉપયોગપૂર્વક, એકાગ્રચિત્તથી, ઘણાં અર્થોવડે, અસ્ખલિત (ધારાબદ્ધ)

રચના યુક્ત, મહા બુદ્ધિશાળી, મહાપુરુષો વડે બનાવેલા સ્તોત્ર (સ્તવન) વડે ભગવાનની કીર્તનરૂપે પૂજા કરવી. ૬-૭.

**शुभभावार्थं पूजा स्तोत्रेभ्यः स च परः शुभो भवति ।**
**सद्भूतगुणोत्कीर्त्तनसंवेगात्समरसापत्त्या ॥ ८ ॥**

સ્તોત્ર વડે કેવી રીતે પૂજા થાય છે ?

શુભ ભાવને માટે પુષ્પાદિ અને સ્તોત્રવડે થતી પૂજાથી ભાવ પ્રકૃષ્ટ શુભ બને છે. સદ્‌ભૂત ગુણોના કીર્તનથી સંવેગરસ(મોક્ષનો અભિલાષી પરિણામ)ની પ્રાપ્તિ થાય છે, તેથી તે સંવેગથી શમરસની પ્રાપ્તિ થાય છે....૮

**कायादियोगसारा त्रिविधा तच्छुद्ध्युपात्तवित्तेन ।**
**या तदतिचाररहिता सा परमान्ये तु समयविदः ॥ ९ ॥**

મન, વચન અને કાયાના દોષ રહિત પ્રાપ્ત થયેલ ધન વડે અતિચાર રહિત કરાતી પૂજા પ્રધાન છે. આગમને જાણનારા બીજા આચાર્યો આ પ્રમાણે કહે છે. ૯ .

**विघ्नोपशमन्याद्या गीताभ्युदयप्रसाधनी चान्या ।**
**निर्व्वाणसाधनीति च फलदा तु यथार्थसंज्ञाभिः ॥ १० ॥**

વિઘ્નને શમન કરનારી, કાયયોગવાળી, અભ્યુદયને કરનારી, વાક્‌યોગવાળી અને નિર્વાણને આપનારી, મનયોગવાળી એ ત્રણ પ્રકારની પૂજા ત્રણ પ્રકારના જુદા જુદા ફલને આપનારી છે.પહેલી પૂજા સમ્યગ્‌દૃષ્ટિની હોય છે. વિઘ્નોપશામિની.બીજી પૂજા ઉત્તરગુણને ધારણ કરનારની હોય છે. અભ્યુદયસાધિની.ત્રીજી પૂજા શ્રાવકની અનુબંધવાલી હોય છે. નિર્વાણસાધિની. ધર્મમાત્રનું ફળ આ જ છે....૧૦.

**प्रवरं पुष्पादि सदा चाद्यायां सेवते तु तद्दाता ।**
**आनयति चान्यतोऽपि हि नियमादेव द्वितीयायाम् ॥११॥**

त्रैलोक्यसुन्दरं यन्मनसापादयति तत्तु चरमायाम् ।
अखिलगुणाधिकसद्योगसारसद्ब्राह्ययागपरः ॥ १२ ॥

**ત્રણ પ્રકારે પૂજા :-**

(૧) શ્રેષ્ઠ પૂષ્પાદિક બધા જ દેવોને આપનારો તે દાતાની જે પૂજા તે પ્રથમા.

(૨) વચન વડે બીજા ક્ષેત્રમાંથી મંગાવે તે બીજી પૂજા છે.

(૩) ત્રણે લોકમાં પ્રધાન પારિજાતિ કુસુમાદિ નંદનવનમાં રહેલા મનથી (અંતઃકરણથી) છએ ઋતુના પુષ્પો કલ્પનાથી લાવે અને પ્રભુને ચઢાવે. તે મનના સુંદર યોગવાળી નિર્વાણસાધક પરમાત્માનું પૂજન (પૂજા) તે શ્રેષ્ઠ પૂજા છે....૧૧-૧૨.

स्नानादौ कायवधो न चोपकारो जिनस्य कश्चिदपि ।
कृतकृत्यश्च स भगवान् व्यर्था पूजेति मुग्धमतिः ॥ १३ ॥

સ્નાન, વિલેપન પુષ્પાદિની પૂજાથી પાણી વનસ્પતિકાયની હિંસા પ્રત્યક્ષ દેખાય છે, સુખનો અનુભવ કરનારા કૃતકૃત્ય થયેલા અને મુક્તિમાં બિરાજમાન ભગવાનનો કોઈપણ જાતનો ઉપકાર પૂજક ઉપર થતો નથી તેથી પૂજા નિષ્પ્રયોજન-વ્યર્થ છે. મંદ-મૂઢબુદ્ધિવાળા એમ માને છે...૧૩.

कूपोदाहरणादिह कायवधोऽपि गुणवान्मतो गृहिणः ।
मन्त्रादेरिव च ततस्तदनुपकारेऽपि फलभावः ॥ १४ ॥

ગૃહસ્થોને પૂજામાં ષટ્કાયનો વધ હોવા છતાં કૂવાના ઉદાહરણથી ગુણકર્તા છે, એમ કહેવાય છે-એવો મત છે.

**કૂવાનું દૃષ્ટાંત :-**

પાણી મેળવવાની ઇચ્છાથી કૂવો ખોદનાર માણસને શ્રમ લાગે છે, શરીર ખરડાય છે, છતાં હતાશ થયા વગર ખોદીને પાણી મેળવે

છે.પાણી દ્વારા પોતાનો શ્રમ અને ખરડાયેલ શરીરને સ્વચ્છ બનાવે છે અને તે હર્ષિત (સુખ) પામે છે. તે રીતે સ્વરૂપહિંસાનો દોષ અત્યન્ત ભકિતના પુણ્ય પાસે નાશ પામે છે; ભક્તિ વડે -પૂજા વડે પ્રકૃષ્ટ પુન્ય બંધાતું હોઇ તે ઉત્તરોત્તર મોક્ષસુખને પામે છે.

જેમ મંત્ર, અગ્નિ અને વિદ્યાને અનુપકાર હોવા છતાં તેના સ્મરણ આસેવન, અભ્યાસ કરવાથી તે તે મંત્ર-વિષને, અગ્નિ, શીતને હરે છે અને વિદ્યાસિદ્ધિ આપે છે, તેમ જિનેશ્વરની પ્રતિમાની પૂજાથી પૂજકને પુન્ય (લાભ)નું ફળ પ્રાપ્ત થાય છે....૧૪

**कृतकृत्यत्वादेव च तत्पूजा फलवती गुणोत्कर्षात् ।**
**तस्माद्व्यर्थैषाऽऽरम्भवतोऽन्यत्र विमलधियः ॥ १५ ॥**

પરમાત્મા કૃતકૃત્ય હોવાથી તેમની પૂજા, ગુણનો ઉત્કર્ષ કરતી હોવાથી ફલવાન્ છે, તેથી આરંભ-સમારંભમાં રહેલા નિર્મળ બુદ્ધિવાળા પુરુષોને આ પૂજા ફલદાયક છે.... ૧૫

**इति जिनपूजां धन्यः श्रृण्वन् कुर्वंस्तदोचितां नियमात् ।**
**भवविरहकारणं खलु सदनुष्ठानं द्रुतं लभते ॥ १६ ॥ ९ ॥**

ધન્ય પુરુષ આ પ્રમાણે જિનેશ્વરની પૂજાને પરમાર્થથી સાંભળતો અને ક્રિયાથી કરતો ભવવિરહના (મોક્ષના) કારણરૂપ સદ્અનુષ્ઠાનને શીઘ્ર પામે છે.... ૧૬

**इति नवमं षोडशकम्**

**सदनुष्ठानमतः खलु बीजन्यासात्प्रशान्तवाहितया ।**
**सञ्जायते नियोगात्पुंसां पुण्योदयसहायम् ॥ १ ॥**

વળી આગળ સદ્અનુષ્ઠાન ને જ કહે છે :-

સદ્અનુષ્ઠાનથી બીજનો ન્યાસ (પુન્યાનુબંધિ પુન્યના બંધનથી) થાય છે પ્રશાંત ભાવનાં ચિત્તમાં સંસ્કાર પડવાથી મનુષ્યોને નિયમા પુન્યોદય સહિત સદ્અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે.... ૧

**तत्प्रीतिभक्तिवचनासङ्गोपपदं चतुर्विधं गीतम् ।**
**तत्त्वाभिज्ञैः परमपदसाधनं सर्वमेवैतत् ॥ २ ॥**

સદ્નુષ્ઠાન ૪ પ્રકારે છે.

૧. પ્રીતિઅનુષ્ઠાન, ૨. ભક્તિઅનુષ્ઠાન, ૩. વચનઅનુષ્ઠાન, ૪. અસંગાનુષ્ઠાન આ બધા સદ્અનુષ્ઠાનો તત્ત્વજ્ઞોએ કહ્યા છે. તે મોક્ષ પ્રાપ્તિના પરમ સાધનરૂપ છે.... ૨

**यत्रादरोऽस्ति परमः प्रीतिश्च हितोदया भवति कर्त्तुः ।**
**शेषत्यागेन करोति यच्च तत्प्रीत्यनुष्ठानम् ॥ ३ ॥**

જે અનુષ્ઠાનમાં અત્યન્ત આદર (પરમ પ્રીતિનો ભાવ) કરનારને હિત કરનારુ અને અલ્પપ્રયોજનના ત્યાગરૂપ અત્યન્ત ધર્મના આદરથી કરાતું અનુષ્ઠાન તે પ્રીતિ અનુષ્ઠાન છે.... ૩

**गौरवविशेषयोगाद्बुद्धिमतो यद्विशुद्धतरयोगम् ।**
**क्रिययेतरतुल्यमपि ज्ञेयं तद्भक्त्यनुष्ठानम् ॥ ४ ॥**

ભક્તિનું સ્વરૂપ કહે છે :-

ગૌરવપૂર્વક એટલે કે પૂજનીયપણાના વિશેષ શુદ્ધ પરિણામથી કરાતી ભક્તિ, ક્રિયાવડે પ્રીતિ અનુષ્ઠાન સરખું હોવાં છતાં તે સદ્નુષ્ઠાન બુદ્ધિમાન પુરુષોનું ભક્તિ અનુષ્ઠાન છે એમ જાણવું .... ૪

**अत्यन्तवल्लभा खलु पत्नी तद्वद्धिता च जननीति ।**
**तुल्यमपि कृत्यमनयोर्ज्ञातं स्यात्प्रीतिभक्तिगतम् ॥ ५ ॥**

પ્રીતિ અને ભક્તિમાં શું વિશેષ છે :-

અત્યન્ત વલ્લભ પત્ની ને અને હિતકરનારી માતાને જેમ ભોજન, આચ્છાદનાદિ જે આપીએ છીએ તેમાં બન્ને તુલ્ય હોવા છતાં પત્ની ઉપર પ્રીતિ કરાય છે અને માતા ઉપર ભક્તિ કરાય છે, તેટલો પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાનમાં ફરક છે.... ૫

**वचनात्मिका प्रवृत्तिः सर्वत्रौचित्ययोगतो या तु ।**
**वचनानुष्ठानमिदं चारित्रवतो नियोगेन ॥ ६ ॥**

વચન અનુષ્ઠાન કહે છે :-

આગમ વચન મુજબની જે પ્રવૃત્તિ (ક્રિયારૂપ) બધા જ ધર્મ વ્યાપારમાં શાન્તિ, પ્રત્યુપેક્ષા (પડિલેહણ) વિ.માં દેશ, કાલ, પુરુષ વ્યવહાર વિ. માં ઔચિત્ય જાળવવાપૂર્વક કરાતી પ્રવૃત્તિ તે વચન અનુષ્ઠાન સાધુઓને નિયમથી હોય છે. (પુરુષવ્યવહાર વિગેરે= આચાર્ય-ઉપાધ્યાય-સાધુ વિગેરેનું ઔચિત્ય.).... ૬

**यत्त्वभ्यासातिशयात्सात्मीभूतमिव चेष्ट्यते सद्भिः ।**
**तदसङ्गानुष्ठानं भवति त्वेतत्तदावेधात् ॥ ७ ॥**

અસંગાનુષ્ઠાન :-

વારંવાર આગમ વચનના સેવનથી ચંદન-ગંધન્યાયની જેમ તે વચન આત્મસાત્ સજ્જન પુરુષો વડે કરાય છે. જિનકલ્પી આદિને આગમવચન સંસ્કારરૂપ બની જાય છે. એટલે કે ઉપયોગ કર્યા વિનાજ સ્વાભાવિક ક્ષમાદિ ગુણો આવી જાય છે.... ૭

**चक्रभ्रमणं दण्डात्तदभावे चैव यत्परं भवति ।**
**वचनासङ्गानुष्ठानयोस्तु तज्ज्ञापकं ज्ञेयम् ॥ ८ ॥**

વચન અને અસંગમાં વિશેષપણું કહે છે :-

કુંભારનું ચક્ર જેમ દંડ થી ભમે છે. પછી દંડના અભાવમાં પણ ફરે છે. તેમ વચનાનુષ્ઠાન તે આગમના વચનરૂપ દંડના સહારે આત્મામાં પરિણામ જગાડે છે. પછી તેના સહારા વિના માત્ર સંસ્કાર ના સહારે સ્વાભાવિક પરિણામ જાગે અને ક્રિયા થયા કરે. તે અસંગાનુષ્ઠાન જાણવું. આ વાત કુંભારના ચક્રના ઉદાહરણ સાથે કહેવી.... ૮

**अभ्युदयफले चाद्ये निःश्रेयससाधने तथा चरमे ।**

**एतदनुष्ठानानां विज्ञेये इह गतापाये ॥ ९ ॥**

ચારેયના ફળના વિભાગ કહે છે :-

પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાન, અભ્યુદય (સ્વર્ગાદિ) ફલ આપનારા છે તથા વચન અને અસંગાનુષ્ઠાન મોક્ષફલને આપનારા છે... ૯

**उपकार्यपकारिविपाकवचनधर्मोत्तरा मता क्षान्तिः ।**

**आद्यद्वये त्रिभेदा चरमद्वितये द्विभेदेति ॥ १० ॥**

પાંચ પ્રકારની ક્ષમા :-

(૧) ઉપકાર, (૨) અપકાર, (૩) વિપાક, (૪) વચન અને (૫) ધર્મક્ષમા.

તેમાં પહેલા બે અનુષ્ઠાનમાં (પ્રીતિ અને ભક્તિ) પહેલી ત્રણ પ્રકારની ક્ષમા છે, પછીના બે (વચન અને અસંગાનુષ્ઠાનગમાં છેલ્લી બે પ્રકારની ક્ષમા છે.

(૧) **ઉપકારક્ષમા** :- ઉપકારીના દુર્વચનને સહન કરવા કારણ કે સંબંધનો ક્ષય ન થાય તે માટે તેના પ્રતિવચનને સહેવા.

(૨) **અપકારક્ષમા** :- મારા દુર્વચનાદિને સહન ન કરતા આ મારા ઉપર અપકાર કરશે, અર્થાત્ મારું બગાડશે મારી સામું બોલશે એમ માની અપકારી પર ક્ષમા રાખવી.

(૩) **વિપાકક્ષમા** :- ક્રોધાદિથી નરકાદિના દુઃખ આવશે, તે બીકથી ક્ષમા રાખવી તે વિપાકક્ષમા.

(૪) **વચનક્ષમા** :- આગમમાં કહ્યું છે માટે ક્ષમા રાખે આગળના કોઈપણ કારણને ધ્યાનમાં લીધા વિના ક્ષમા રાખે તે વચનક્ષમા.

(૫) **ધર્મક્ષમા** :- ચંદન-સુગંધ જેમ સંસ્કારરૂપ જ બની જાય, છેદ, દાહાદિ થવા છતાં સુગંધ જ આપે તેમ સ્વાભાવિક ક્ષમા થઈ જાય. દા. ત. : શ્રી તીર્થંકરદેવ, મેતાર્યમુનિ, ગજસુકુમાળમુનિ, ખંધકમુનિ, સુકોશળ, અવન્તિસુકુમાલાદિ.... ૧૦

**चरमाद्यायां सूक्ष्मा अतिचाराः प्रायशोऽतिविरलाश्च ।**
**आद्यत्रये त्वमी स्युः स्थूलाश्च तथा घनाश्चैव ॥ ११ ॥**

ક્ષમામાં અતિચારનો સંભવ કહે છે :-

છેલ્લી વચનક્ષમામાં ક્યારેક અતિ થોડા સૂક્ષ્મ અતિચારો લાગે છે અને પેલી ત્રણ ઉપકાર, અપકાર અને વિપાકક્ષમામાં મોટા અતિચાર સખ્ત લાગતા રહે છે.... ૧૧

**श्रुतमयमात्रापोहाच्चिन्तामयभावनामये भवतः ।**
**ज्ञाने परे यथार्हं गुरुभक्तिविधानसल्लिङ्गे ॥ १२ ॥**

ચારિત્રવાનને વચનાનુષ્ઠાન કહ્યું હવે જ્ઞાન યોજના કહે છે :-

શ્રુતથી ઉત્પન્ન થતું તે શ્રુતજ્ઞાન, તે થયા પછી ચિન્તન દ્વારા ઉત્પન્ન થતું જ્ઞાન તે ચિન્તાજ્ઞાન અને તેનાથી ભાવિત (સંસ્કારિત થયેલું) જ્ઞાન તે ભાવના જ્ઞાન છે. તે ગુરુભક્તિરૂપ વિધાન(કાર્ય) જેનામાં વિદ્યમાન હોય તેને યથાયોગ્ય રીતે પ્રધાન એવા આ ત્રણે જ્ઞાન ઉત્પન્ન (પ્રાપ્ત) થાય છે.... ૧૨

**उदकपयोऽमृतकल्पं पुंसां सज्ज्ञानमेवमाख्यातम् ।**
**विधियत्नवत्तु गुरुभिर्विषयतृडपहारि नियमेन ॥ १३ ॥**

ત્રણે જ્ઞાનના દૃષ્ટાંત આપે છે :-

૧. શ્રુતજ્ઞાન જલ સમાન, ૨. ચિન્તાજ્ઞાન ક્ષીર સમાન, ૩.ભાવનાજ્ઞાન અમૃત સમાન કહેલ છે. સ્વરૂપથી સમ્યગ્જ્ઞાન ગુરુ પાસેથી વિધિપૂર્વક લેવામાં પ્રયત્ન કરનાર વિષયરૂપી તૃષા-તૃષ્ણાને નિયમથી દૂર કરનાર બને છે.... ૧૩

**श्रृण्वन्नपि सिद्धान्तं विषयपिपासातिरेकतः पापः ।**
**प्राप्नोति न संवेगं तदापि यः सोऽचिकित्स्य इति ॥ १४ ॥**

સિદ્ધાન્તને સાંભળતી વખતે પણ જેને વિષય પિપાસાના અતિરેકથી સંક્લિષ્ટ અધ્યવસાયના યોગે સંવેગ (મોક્ષાભિલાષ) થતો નથી, તે અચિકિત્સ્ય છે. (દવાને યોગ્ય નથી) તો વિષય પિપાસાવાળા બીજાની તો વાત જ દૂર રહી.... ૧૪

**नैवंविधस्य शस्तं मण्डल्युपवेशनप्रदानमपि ।**
**कुर्वन्नेतद्गुरुरपि तदधिकदोषोऽवगन्तव्यः ॥ १५ ॥**

એવા પ્રકારના અયોગ્ય માણસને માંડલીમાં શ્રવણને માટે તેને બેસવાની રજા ન આપવી જોઈએ, છતાં કોઈ ગુરુ રજા આપે તો તે ગુરુ પણ (સિદ્ધાન્તની અવગણના કરવાથી) વધુ દોષવાળા જાણવા....૧૫

**यः श्रृण्वन्संवेगं गच्छति तस्याद्यमिह मतं ज्ञानम् ।**
**गुरुभक्त्यादिविधानात्कारणमेतद् द्वयस्येष्टम् ॥१६ ॥१० ॥**

તે બીજી રીતે કહે છે :-

જે સિદ્ધાન્તને સાંભળતાં સંવેગને પામે છે, તેને પ્રથમ જ્ઞાન શ્રુતજ્ઞાન છે. પ્રભુની ભક્તિ, બહુમાન અને આદર કરવાથી ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાનનું શ્રુતજ્ઞાન તે કારણ બને છે. તેથી ગુરુભક્તિમાં રત બનવું.... ૧૬

**-: इति दशमं षोडशकम् :-**

**शुश्रूषा चेहाद्यं लिङ्गं खलु वर्णयन्ति विद्वांसः ।**
**तदभावेऽपि श्रावणमसिरावनिकूपखननसमम् ॥ १ ॥**

શ્રુતજ્ઞાનનું લિંગ કહે છે :-

શુશ્રૂષા (સાંભળવાની ઇચ્છા) તેને વિદ્વાન પુરુષો પહેલું લિંગ કહે છે. તેનો અભાવ (સાંભળવાની ઇચ્છા નહિ) હોવા છતાં ઉપદેશ સાંભળવાની ઇચ્છા વિનાના શિષ્યને ગુરુ ઉપદેશ આપે તો તે ઉપદેશ ઝરણા વિનાની ભૂમિમાં કૂવો ખોદવા બરાબર છે..... ૧

**शुश्रूषापि द्विविधा परमेतरभेदतो बुधैरुक्ता ।**
**परमा क्षयोपशमतः परमाच्छ्रवणादिसिद्धिफला ॥ २ ॥**
**यूनो वैदग्ध्यवतः कान्तायुक्तस्य कामिनोऽपि दृढम् ।**
**किन्नरगेयश्रवणादधिको धर्मश्रुतौ रागः ॥ ३ ॥**

શુશ્રૂષાના પ્રકાર કહે છે :-

શુશ્રૂષા (શ્રવણેચ્છા) બે પ્રકારે બુદ્ધપુરુષોએ કહી છે. ક્ષયોપશમથી થતી પ્રધાન શુશ્રૂષા તે પ્રધાનશુશ્રૂષાથી ગ્રહણ ધારણાદિની સિદ્ધિરૂપ ફળ મળે છે. (સિદ્ધિ થાય છે.) ૨-૩.

પ્રધાનશુશ્રૂષાનું ફળ બતાવે છે :-

કોઇ વિચક્ષણ સર્વ કલાકુશલ રમણીય એવી પ્રિયતમા સાથે કામી હોવા છતાં એવો યુવાન કિન્નરીઓના ગાયનને સાંભળવામાં અત્યંત એક ચિત્તવાળો બને છે. તેથી અધિક રાગ ધર્મશ્રવણમાં હોય તે ધર્મશ્રવણની ઇચ્છાવાળો કહેવાય છે.

કહ્યું છે કે :-

તરૂણ સુખી સ્ત્રી પરીવર્યો રે, ચતુર સુણે સુરગીત,
તેહથી રાગે અતિ ઘણો રે, ધર્મ સુણ્યાની રીત રે.
પ્રાણી ધરિયે સમકિત રંગ.... ૨-૩

**गुरुभक्तिः परमास्यां विधौ प्रयत्नस्तथाऽऽदृतिः करणे ।**
**सद्ग्रन्थाप्तिः श्रवणं तत्त्वाभिनिवेशपरमफलम् ॥ ४ ॥**

શ્રેષ્ઠ શુશ્રૂષા હોય ત્યારે શું થાય છે. તે કહે છે.
ગુરુની ભક્તિ (શુશ્રૂષા) કરવાથી વિધિ-ક્ષેત્ર-શુદ્ધિ વિ.માં પ્રયત્ન અને આદર થાય છે અને તેથી આગમના અર્થની પ્રાપ્તિ તેમજ તત્ત્વનો આગ્રહ પ્રાપ્ત થાય છે તે તત્ત્વજ્ઞાન (શુશ્રૂષા) નું પરમ ફળ છે.....૪

**विपरिता त्वितरा स्यात्प्रायोऽनर्थाय देहिनां सा तु ।**
**या सुप्तनृपकथानकशुश्रूषावत्स्थिता लोके ॥ ५ ॥**

શ્રેષ્ઠ નહિ એવી શુશ્રૂષા બતાવે છે :-
બીજી શુશ્રૂષા પહેલાં કરતાં ઉલ્ટી છે. તે પ્રાણીઓને મોટે ભાગે અનર્થ કરનારી છે. ઉંઘ લાવવા માટે શૈયામાં પડેલો રાજા કથાને અનાદરપૂર્વક ઊંઘતો ઊંઘતો (અર્ધજાગ્રત) કાંઈક સાંભળે છે. તેને કથાનો કાંઈ ફાયદો થતો નથી તે વાત લોકમાં પ્રસિદ્ધ છે. તેમ વ્યાખ્યાન શ્રવણ ઊંઘતો ઊંઘતો અને અનાદરપૂર્વક કરનારને કાંઈ ફાયદાકારક થતું નથી.... ૫

**ऊहादिरहितमाद्यं तद्युक्तं मध्यमं भवेज्ज्ञानम् ।**
**चरमं हितकरणफलं विपर्य्ययो मोहतोऽन्य इति ॥ ६ ॥**

શ્રુતાદિ ત્રણ જ્ઞાનનો કંઈક વિભાગ બતાવે છે :-

૧. ઉહાપોહ વગરનું (ચિંતન વગરનું સીધે સીધું) જ્ઞાન તે શ્રુતજ્ઞાન.
૨. ઉહાપોહવાળું (ચિંતનવાળું) જ્ઞાન તે ચિંતાજ્ઞાન (વિતર્કથી પ્રાપ્ત થએલું)

૩. ભાવનાજ્ઞાન :- હિતને કરનારું જ્ઞાન તે ભાવનાજ્ઞાન.
(આત્માને ભાવિત કરતું જ્ઞાન તે ભાવના જ્ઞાન).
આ ત્રણ જ્ઞાનથી ભિન્ન જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે.... ૬

**वाक्यार्थमात्रविषयं कोष्ठकगतबीजसन्निभं ज्ञानम् ।**
**श्रुतमयमिह विज्ञेयं मिथ्याभिनिवेशरहितमलम् ॥ ७ ॥**

શ્રુત જ્ઞાનનું લક્ષણ કહે છે :-

પ્રમાણ અને નયથી સાબિત કર્યા વિનાના અને સકલ શાસ્ત્રમાં રહેલા વિરોધ વગરના નિર્ણય પામેલા જે વચનો છે તેનો માત્ર અર્થ આત્મા ધારી રાખે તે શ્રુતજ્ઞાન સમજવું.
દા. ત. કોઠાદિ માં રહેલાં બીજ સમાન તે નાશ પામતું નથી અને વળી તે મિથ્યા ગ્રહ (કદાગ્રહ) થી રહિત હોય છે.... ૭

**यत्तु महावाक्यार्थजमतिसूक्ष्मसुयुक्तिचिन्तयोपेतम् ।**
**उदक इव तैलबिन्दुर्विसर्प्पि चिन्तामयं तत्स्यात् ॥ ८ ॥**

ચિંતાજ્ઞાનનું લક્ષણ કહે છે :-
વળી મહાવાક્ય, અર્થજન્ય. બધા ઇતર સર્વધર્મ અને અનેકાંતવાદ વિષયના અર્થના ચિંતનથી ઉત્પન્ન થએલ અતિસૂક્ષ્મ બુદ્ધિવડે કરીને જાણવા યોગ્ય અવિસંવાદિ નયપ્રમાણાદિ દ્વારા સર્વ બાજુથી વિચાર કરી ઉત્પન્ન થયેલું જ્ઞાન તે ચિંતાજ્ઞાન.
દા. ત. પાણીમાં જેમ તેલ વિસ્તાર પામે છે. તેમ અલ્પશ્રુતજ્ઞાન પ્રાપ્તથતાં ચિંતનદ્વારા વિસ્તાર પામેલું તે ચિંતાજ્ઞાન છે. ૮.

**ऐदम्पर्य्यगतं यद्विध्यादौ यत्नवत्तथैवोच्चैः ।**
**एतत्तु भावनामयमशुद्धसद्रत्नदीप्तिसमम् ॥ ९ ॥**

ભાવનાજ્ઞાનનું લક્ષણ કહે છે :-

તાત્પર્ય સર્વ જાણવા યોગ્ય વિષયમાં સર્વજ્ઞની આજ્ઞા જ પ્રધાન

છે. એ પ્રમાણે તેમાં રહેલા વિષયનું જ્ઞાન, વિધિ, દ્રવ્ય, દાતા પાત્રાદિમાં અતિશય આદર યુક્ત ગ્રહણ કરવું તે ભાવનાથી ઉત્પન્ન થતું જ્ઞાન તે ભાવનાજ્ઞાન છે.

જેવી રીતે અશુદ્ધ જાતિરત્ન સ્વાભાવિક (સ્વભાવથી જ) ક્ષાર, માટી-પુટ-પાકાદિના અભાવે પણ દિપ્તીવડે અશુદ્ધ રત્નની દીપ્તી જેવું છે. જાતિરત્ન અશુદ્ધ હોવાં છતાં સ્વભાવથી બીજા રત્નથી અધિક દીપ્તિમાન છે. તેવીજ રીતે અશુદ્ધરત્નની સમ (સમાન) કર્મથી મલિન ભવ્યજીવ પણ થોડા જ્ઞાને કરી અધિક પ્રકાશ કરનારો થાય છે.

એથી ક્રિયા પણ ઉત્તરોત્તર મોક્ષને આપનારી બને છે.

વિશેષાર્થઃ-

બાણની ગતિની જેમ ઉત્તરોત્તર અટક્યા વિના વાક્યાદિના (શ્રુતજ્ઞાનનું) મહાવાક્યાર્થ (ચિંતાજ્ઞાન) તેમાંથી અટક્યા વિના સંસ્કારરૂપે વિરમ્યા વિના થતો મનનો વેપાર તે ભાવનાજ્ઞાન તે મોક્ષને આપે છે.

માસતુષમુનિએ એકજ આજ્ઞા પ્રધાન કરી, ભૂલ કાઢનાર છોકરાં ને ઠપકો ન આપતાં ઉપકાર કર્યો તેમ વિચારી પોતાની જાતને વારંવાર નિંદતાં, આ રીતે સમતાભાવને ભજતાં, આત્માને નિજગુણથી ભાવિત કરતાં, કેવલજ્ઞાન પામ્યા.

મનનો એક સરખો શુદ્ધ વ્યાપાર ચાલુ રાખ્યો. સાધ્ય ભૂલીને સાધનામાં જોર લગાડ્યું... સાધ્ય સિદ્ધ થયું.... ૯

**आद्य इह मनाक्पुंसस्तद्रागाद्दर्शनग्रहो भवति ।**
**न भवत्यसौ द्वितीये चिन्तायोगात् कदाचिदपि ॥ १० ॥**
**चारिचरकसञ्जीव( वि )न्यचरकचारणविधानतश्चरमे ।**
**सर्वत्र हिता वृत्तिर्गाम्भीर्यात्समरसापत्त्या ॥ ११ ॥**

શ્રુતચિંતા અને ભાવના જ્ઞાનના વિભાગને કહે છે. :-

**શ્રુતજ્ઞાન** :- પોતાના દર્શનનો કંઈક રાગ હોવાથી મારું સારું છે બીજાનું સારૂં નથી. તેવો પુરુષને (જીવને) આગ્રહ કરાવે છે.

**ચિંતાજ્ઞાન** :- સૂક્ષ્મચિંતનથી નય પ્રમાણ અધિગમથી સ્વ-પર શાસ્ત્રના ન્યાયબલથી અંગીકાર કરે છે. તેને કોઈ કાલે આગ્રહ હોતો નથી.

**ભાવનાજ્ઞાન** :- બધા જીવો પ્રત્યે હિતની બુદ્ધિથી પ્રવૃત્તિ. ગાંભીર્ય-સમતાદિ ગુણોવડે બધાનાં ઉપર ઉપકાર કરવાની જ બુદ્ધિ, ચારી સંજીવની ન્યાયે.

દા. ત. પોતાના પતિને વશ કરવા પ્રયોગ કરતાં તે બળદ થઈ ગયો. તેને ચરાવવા લાવેલી તેની પત્ની સાથે ફરતો-ફરતો એક ઝાડ પાસે આવ્યો. જતાં એવા વિદ્યાધર બોલ્યા કે, આ ભૂમિ પર એક એવું ઘાસ છે કે, જે તેને ખાય તે પશુ મટી માનવ બને. પછી તે સાંભળી તેણે તે બળદને જંગલમાં પડેલું બધું ઘાસ ખવડાવ્યું અને તે પુરુષ બની ગયો.

બળદને પુરુષ કરવા માટે કરેલી પ્રવૃત્તિની જેમ પ્રાણીઓ પર હિતબુદ્ધિથી પ્રવૃત્તિ કરવી તે ભાવના જ્ઞાન.

ભાવનાજ્ઞાનથી બધું વિચારતા આત્માની પરિણતી શુદ્ધ બને છે. ભાવનાજ્ઞાનવાળો સર્વજીવની હિતચિંતા કરતો હોય છે....૧૦-૧૧

**गुर्वादिविनयरहितस्य यस्तु मिथ्यात्त्वदोषतो वचनात् ।**
**दीप इव मण्डलगतो बोधः स विपर्य्ययः पापः ॥ १२ ॥**

વિપર્યય બોધ (વિપરીત જ્ઞાનવાળો) કેવા હોય તે કહે છે. :- ગુર્વાદિ, ઉપાધ્યાયાદિના વિનય વગરનો વળી મિથ્યાત્વના દોષથી દુષિત, તત્ત્વાર્થ નહિં જાણતો હોવાથી આગમરૂપ દીપકમાં મંડલાકાર બોધ (ઉંબાડીયાને ભમાડવાથી ગોળાકારે દેખાય છે તેવી ભ્રાન્તિ)વાળો તે સ્વરૂપથી પહેલેથી જ પાપી છે....૧૨

**दण्डीखण्डनिवसनं भस्मादिविभूषितं सतां शोच्यम् ।**
**पश्यत्यात्मानमलं ग्रही नरेन्द्रादपि ह्यधिकम् ॥ १३ ॥**
**मोहविकारसमेतः पश्यत्यात्मानमेवमकृतार्थम् ।**
**तद्व्ययलिङ्गरतं कृतार्थमिति तद्ग्रहादेव ॥ १४ ॥**

ઉલ્ટી વાતને ધારણ કરનારને દૃષ્ટાંતથી ઉપનય કરે છે.

જેમ ભિખારી જીર્ણ વસ્ત્ર વાળો, રાખ (ભસ્મ) થી ખરડાયેલો, સજ્જન પુરુષને શોચનીય, નિંદનીય, અત્યંતઆગ્રહવાન, પોતાના આત્માને ચક્રવર્તીથી પણ અધિક માને છે. તેમ વિપરીત જ્ઞાન બોધવાળો મોહ વિકારથી (મનોવિભ્રમનાં દોષથી) યુક્ત હોવાથી પોતાની જાતને અકૃતાર્થ હોવા છતાં કૃતાર્થ માને છે કૃતાર્થના ઉલ્ટા લિંગમાં (વિપરીત સ્વરૂપવાળો) રત હોવાથી વસ્તુસ્થિતિથી અકૃતાર્થ છે. આગ્રહપૂર્વક કૃતાર્થપણું પોતાની જાતને માને છે....૧૩-૧૪

**सम्यग्दर्शनयोगाज् ज्ञानं तद्ग्रन्थिभेदतः परमम् ।**
**सोऽपूर्वकरणतः स्याज्ज्ञेयं लोकोत्तरं तच्च ॥ १५ ॥**

જ્ઞાન વિપર્યયના સ્વામીને બતાવે છે. :-

અપૂર્વકરણ (અપૂર્વ પરિણામ)થી થતાં ગ્રન્થિભેદ (અર્ધપુદ્ગલ પરાવર્તથી અધિક સંસાર છેદનાર) થી ઉત્પન્ન થયેલ તત્ત્વાર્થની શ્રદ્ધાવાળા સમ્યગ્દર્શનથી થતું જે જ્ઞાન તે લોકોત્તર જ્ઞાન જાણવું. ૧૫.

**लोकोत्तरस्य तस्मान्महानुभावस्य शान्तचित्तस्य ।**
**औचित्त्यवतो ज्ञानं शेषस्य विपर्य्ययो ज्ञेयः ॥१६॥ ११ ॥**

તેથી શાંત ચિત્તવાળા અને ઔચિત્યવાળા મહાનુભાવનું જ્ઞાન તે લોકોત્તરજ્ઞાન છે. બાકી બીજા લોકોનું ગુણથી વિપરીત (વિપર્યય) જ્ઞાન છે....૧૬

**-: इति एकादशं षोडशकम् :-**

**अस्मिन्सति दीक्षाया अधिकारी तत्त्वतो भवति सत्त्वः ।**
**इतरस्य पुनर्दीक्षा वसन्तनृपसन्निभा ज्ञेया ॥ १ ॥**

તે ત્રણે જ્ઞાનના ભાવમાં અને અભાવમાં દીક્ષાની યોગ્યાયોગ્યતા કહે છે.

આ ત્રણે શ્રુત, ચિન્તા અને ભાવનાજ્ઞાનથી યુક્ત (શાસ્ત્રનયના કહેવાથી) મનુષ્ય તત્ત્વથી દીક્ષાને યોગ્ય છે. વળી તેથી વિપરીતની દીક્ષા તે વસંતનૃપ (હોળીના રાજા)ના જેવી વિડમ્બનાકારી જાણવી. ૧.

દા. ત. :- હોળી (ધૂળેટી)ના દિવસે રાજા બનાવે છે, પરંતુ લોકોને તે મશ્કરીરૂપ બને છે. લોકો તેની મશ્કરી કરી તેની વિડમ્બના કરે છે. તેની કાંઇ કિંમત હોતી નથી. તેમ અયોગ્યની દીક્ષા તેને વિડમ્બનાકારી - (દુઃખકારી) મશ્કરીરૂપ બને છે....૧

**श्रेयोदानादशिवक्षपणाच्च सतां मतेह दीक्षेति ।**
**सा ज्ञानिनो नियोगाद्यथोदितस्यैव साध्वीति ॥ २ ॥**

હવે દીક્ષાની નિરુક્તિ બતાવતાં તે દીક્ષા જ્ઞાનીઓને જ નિયમા કહે છે :- શ્રેય (કલ્યાણના) ના દાનથી, અશિવના નાશના કારણથી મુનિઓને પ્રવચનમાં આ દીક્ષા માન્ય છે. આ પ્રમાણે દીક્ષા જ્ઞાનીઓએ નિશ્ચયથી જે કહી છે તે દીક્ષા સાચી છે, સારી છે.

**સારાંશ**:-કલ્યાણને આપનારી હોવાથી અને અમંગલનો નાશ કરનારી હોવાથી. શાસ્ત્રમાં કહેલ આવી દીક્ષાને મુનિઓ યોગ્ય માને છે....૨

**यो निरनुबन्धदोषाच्छ्राद्धोऽनाभोगवान् वृजिनभीरुः ।**
**गुरुभक्तो ग्रहरहितः सोऽपि ज्ञान्येव तत्फलतः ॥ ३ ॥**

ત્રણ જ્ઞાનથી યુક્તને જ દીક્ષા કલ્યાણકારી હોય તો પછી ત્રણ જ્ઞાનથી રહિત માષતુષ મુનિને શાસ્ત્રમાં તેમની દીક્ષા કલ્યાણકારી કહી છે. તે શંકાનું નિવારણ કરતાં કહે છે :-

જ્ઞાનાવરણાદિના અનુબંધ વગરની હોવાથી શ્રદ્ધાથી યુક્ત સૂક્ષ્મ બુદ્ધિથી ગમ્ય એવા ગ્રંથના અર્થનું અલ્પમાત્ર જ્ઞાન છે. જેને તે અનાભોગવાન પાપભીરુ, (વર્જિત પાપ) ગુરુ વિગેરે પૂજ્યો પ્રતિ ભક્તિ અને બહુમાનવાળો, મિથ્યાગ્રહથી રહિત, તેવું તેમને જ્ઞાનના ફળને પ્રાપ્ત કરેલ હોવાથી જ્ઞાનવાન છે. જ્ઞાન વડે ભવ વિરક્તાદિ જે ફળ કહ્યું છે, તે જ્ઞાનનું ફલ છે. તે તેમનામાં હતું....૩

**चक्षुष्मानेकः स्यादन्धोऽन्यस्तन्मतानुवृत्तिपरः ।**
**गन्तारौ गन्तव्यं प्राप्नुत एतौ युगपदेव ॥ ४ ॥**

વળી જ્ઞાનના ફળને બતાવતાં કહે છે કે, તેવા જ્ઞાનથી વિકલ (રહિત) માષતુષમુનિ વિ.ને ગુરુ બહુમાન માત્રથી જ્ઞાનનું ફળ શી રીતે હોઈ શકે ? ફક્ત સન્માર્ગમાં ચાલવા માત્રથી જ જ્ઞાનનું ફળ મળે છે ? તેમ શંકા કરતાં કહે છે કે, અંધ માણસ આંખવાળાની પાછળ ચાલનારો થાય તો તે બંને સાથે જ જ્યાં જવાનું છે ત્યાં તે સ્થળને તે બંને જણા સાથે જ પામે છે.

**ઉપનય**:- એ પ્રમાણે જ્ઞાની ગુરુનાં વચનને અનુસરતા માષતુષ મુનિ વિ. ઈચ્છિત ફળને (સ્થાનને) પામી શક્યાં છે....૪

**यस्यास्ति सत्क्रियायामित्थं सामर्थ्ययोग्यताऽविकला ।**
**गुरुभावप्रतिबन्धाद्दीक्षोचित एव सोऽपि किल ॥ ५ ॥**

વળી પણ બહુમાન ન હોવા છતાં દીક્ષાને યોગ્યપણાની વાત કહે છે :- ઉપર પ્રમાણે જેને સત્ ક્રિયામાં શક્તિ ફોરવી છે. સમાન ફળના સાધકમાં જેનું મન લાગેલું છે અને યોગ્યતા પૂર્ણ ગુરુના વિશે

જેને અંતરમાં અત્યંત બહુમાન પેદા કર્યું છે, (થયું છે) તે દીક્ષાને યોગ્ય છે. શેષ ગુણ ન હોવા છતાં સંસારથી વિરક્ત દીક્ષાનો અધિકારી છે....૫

**देयाऽस्मै विधिपूर्वं सम्यक्तन्त्रानुसारतो दीक्षा ।**
**निर्व्वाणबीजमेषेत्यनिष्टफलदान्यथात्यन्तम् ॥ ६ ॥**

દીક્ષાને યોગ્યની વાત કરતાં અને અયોગ્યને ન આપવી તે બતાવે છેઃ- નિર્વાણનાં બીજરૂપને મોક્ષનાં હેતુભૂત યોગ્યને શાસ્ત્રાનુસાર વિધિપૂર્વક સારી રીતે દીક્ષા આપવી. અયોગ્યને આપવાથી અનિષ્ટ ફળને આપનારી સંસાર વધારનારી બને છે. ૬.

**देशसमग्राख्येयं विरतिर्न्यासोऽत्र तद्वति च सम्यक् ।**
**तन्नामादिस्थापनमविद्रुतं स्वगुरुयोजनतः ॥ ७ ॥**

વળી આટલું દીક્ષાનું મહત્ત્વ કેમ ? તે કહે છે. :- દેશવિરતિ અને સર્વવિરતિરૂપ બે પ્રકારે દીક્ષા છે. તે લેનારનું નામ ગુરુએ (પૂજ્ય) ઉપદ્રવ રહિત (શુભ) નામાદિ (ચાર)નું સ્થાપન કરવું.

**વિશેષાર્થ** :- નામથી પરિણામ વધે છે. :- પ્રશાંતવિજય આદિ.

**આકૃતિ સ્થાપના** :- કપડા, રજોહરણ આદિ.

**દ્રવ્યસ્થાપના** :- સામાન્ય રીતે રહેલા હોય ત્યારે એટલે કે, ગોચરી આદિ દ્રવ્ય ક્રિયામાં ક્રિયાન્વિત હોય ત્યારે.

**ભાવસ્થાપના** :- દેશના સમયે અને સમ્યગ્દર્શનાદિ ગુણોથી યુક્ત

સારાંશ : આ ચાર સ્થાપના નિક્ષેપાવાળી દીક્ષા એ જ દીક્ષાનું મહત્ત્વ છે. ૭.

**नामनिमित्तं तत्त्वं तथा चोद्धृतं पुरा यदिह ।**
**तत्स्थापना तु दीक्षा तत्त्वेनान्यस्तदुपचारः ॥ ८ ॥**

દીક્ષા સમયે નવીન  નામકરણનો હેતુ શો તે કહે છે :-

નામનું પ્રતિપાદન ગુણને કરનારું છે. પ્રશાન્તાદિ ભાવને જન્મ આપનારું પૂજ્યાદિથી પડાયેલું નામ પ્રશમાદિ ભાવને લાવે છે.  તે તે નામના સ્મરણથી તેવા પ્રકારની પ્રવૃત્તિ તે ગુણની સિદ્ધિ (પ્રાપ્તિ) કરે છે. તેથી તત્ત્વથી, પરમાર્થથી નામ સ્થાપના રૂપ મુખ્ય દીક્ષા બીજા સદ્ભાવોને લાવે છે. નામ, વેશ, વિ. ભાવને જન્માવે છે....૮

**कीर्त्यारोग्यध्रुवपदसम्प्राप्तेः सूचकानि नियमेन ।**
**नामादीन्याचार्या वदन्ति तत्तेषु यतितव्यम् ॥ ९ ॥**

વળી નામાદિકરણમાં મહાઆદર શા માટે તે કહે છે :-

પ્રશંસા (શ્લાઘા-કીર્તિ) આરોગ્ય -સ્થૈર્ય-સ્થાન (પદ) પ્રાપ્તિના સૂચક નામાદિને  આચાર્ય કરે છે  તેથી તેમાં  પ્રયત્ન  કરવો જોઈએ.

કેવું સુંદર તમારું નામ છે જેવું નામ તેવા જ તમારામાં ગુણો છે. વિગેરે  બોલવાથી સામા માણસને આનંદ થાય છે.  તેની કીર્તિ અને પ્રશંસા થાય તે તેને ગમે છે. ખુશ થાય છે. જેમ કે સુધર્મ-ભદ્રબાહુ-પ્રશાન્ત વિગેરે  ઉત્તમ ગુણવાળા નામો જે તે વ્યક્તિઓમાં તે તે ગુણોને લાવવા માટેનું કારણ બને છે :

આકાર (સ્થાપના), રજોહરણ, મુહપત્તિ આદિ  ભાવવૃદ્ધિનું કારણ બને છે. હું  કયાં છું ? ભગવાને આપેલા ઓઘાની કિંમત કેટલી છે ? હું સાધુ છું. મારાથી ખરાબ કામ ન થાય. મહાસુખ આપનારૂં સહુના સુખનું કારણ છે. આમ તેને આકારવાળા સાધનથી ભાવવૃદ્ધિ બને છે. તેથી તે વસ્તુઓ આત્મ આરોગ્યને અર્પણ કરવામાં નિમિત્ત બને છે. કહેવાય છે કે, જ્યારે જ્યારે રાવણે રામનો વેશ પહેર્યો (રામનું રૂપ કર્યું) અને સીતા પાસે ગયો ત્યારે ત્યારે તેનો વિકાર નષ્ટ થઇ જતો.

આ કપડા વિગેરે સાધનો (આકાર) દ્રવ્ય હોવા છતાં પણ આચારાંગ આદિ શ્રુતમાં સકલ સાધુક્રિયાનો અભ્યાસ  કરતાં વ્રતનું

સ્થૈર્યપણું આવે છે તેમ કહ્યું છે. ભાવ સ્થાપનાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સામાન્યથી નામાદિ, કીર્તિ, આરોગ્ય, મોક્ષ પ્રાપ્તિના સૂચક (કારણ) બને છે....૯

**तत्संस्कारादेषा दीक्षा सम्पद्यते महापुंसः ।**
**पापविषापगमात् खलु सम्यग्गुरुधारणायोगात् ॥ १० ॥**

દીક્ષા સમયે નામાદિ શા માટે કરવું તે કહે છે :-

મહાપુરુષને નામાદિના સંસ્કારથી બે પ્રકારે આ દીક્ષા પ્રાપ્ત થાય છે તે પાપવિષના જવાથી અને સમ્યક્ગુરુની ધારણાના સંબંધથી દેશવિરતિ અને સર્વવિરતિરૂપ બે પ્રકારે પ્રાપ્ત થાય છે....૧૦

**सम्पन्नायां चास्यां लिङ्गं व्यावर्णयन्ति समयविदः ।**
**धर्मैकनिष्ठतैव हि शेषत्यागेन विधिपूर्वम् ॥ ११ ॥**

દીક્ષાની પ્રાપ્તિથી શું થાય છે તે કહે છે :-

શાસ્ત્રના જાણકારો દીક્ષા પ્રાપ્ત થયે છતે દીક્ષાનાં લક્ષણને વર્ણવે છે કે, શાસ્ત્રકથિત વિધિપૂર્વક સર્વઅસદ્વૃત્તિના ત્યાગપૂર્વક માત્ર ધર્મમાં નિષ્ઠા (સ્થિરતા) પ્રાપ્ત થાય છે. ૧૧

**वचनक्षान्तिरिहादौ धर्मक्षान्त्यादिसाधनं भवति ।**
**शुद्धं च तपो नियमाद्यमश्च सत्यं च शौचं च ॥ १२ ॥**
**आकिञ्चन्यं मुख्यं ब्रह्मापि परं सदागमविशुद्धम् ।**
**सर्वं शुक्लमिदं खलु नियमात्संवत्सरादूर्ध्वम् ॥ १३ ॥**

દીક્ષામાં પ્રથમ વચનક્ષમા એ ધર્મક્ષમાનું સાધન બને છે. (ખંતિ, મદ્દવ-અજ્જવ વિ.) અને તેથી યમ નિયમ. વિથી તપ શુદ્ધ થાય છે.

સત્ય- શૌચ (પવિત્રતા) મુખ્ય આકિંચનપણું અને પ્રધાન બ્રહ્મચર્ય સદ્આગમથી વિશુદ્ધ આ ક્ષમા વિ. દશે પ્રકારનો ધર્મ (અતિચાર રહિત) સંવત્સર (વર્ષ) થઇ ગયેલા સંયમીને નિયમા થાય છે....૧૨-૧૩

**ध्यानाध्ययनाभिरतिः प्रथमं पश्चात्तु भवति तन्मयता ।**
**सूक्ष्मार्थालोचनया संवेगः स्पर्शयोगश्च ॥ १४ ॥**

આ દીક્ષાવાળાને પહેલાં અને પછી શું ગુણ થાય છે તે કહે છેઃ- પ્રથમ એક વસ્તુ પર સ્થિર વિચાર, તે ધ્યાનમાં અને અધ્યયન સ્વાધ્યાય, પાઠમાં અત્યંતરતિ(આસક્તિ)પછી તન્મયતા સૂક્ષ્મબંધ મોક્ષાદિ પદાર્થની વિચારણા વડે સંવેગ ( મોક્ષા ભિલાષ ) અને તત્ત્વજ્ઞાનનો સ્પર્શ થાય છે....૧૪

**स्पर्शस्तत्तत्त्वाप्तिः संवेदनमात्रमविदितं त्वन्यत् ।**
**वन्ध्यमपि स्यादेतत्स्पर्शस्त्वक्षेपतत्फलदः ॥ १५ ॥**

સ્પર્શના લક્ષણ કહે છે :-

જીવાદિનાં સ્વરૂપનું જ્ઞાન (તત્ત્વજ્ઞાન) તેની પ્રાપ્તિ તે સ્પર્શ વસ્તુનું સ્પંદન (અનુભવ) માત્ર તે કદાચ.વિફળ પણ થાય. સ્પર્શતો સ્વસાધ્ય અક્ષય ફળને આપે છે.

સ્પર્શ અને સ્પંદનમાં આટલો ફરક છે....૧૫

**व्याध्यभिभूतो यद्वन्निर्व्विण्णस्तेन तत्क्रियां यत्नात् ।**
**सम्यक्करोति तद्वद्दीक्षित इह साधुसच्चेष्टाम् ॥ १६ ॥ १२ ॥**

સંવેગ અને સ્પર્શના યોગથી (તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિથી) દીક્ષિત શું કરે છે તે કહે છે :-

' વ્યાધિ ( કુષ્ટાદિ રોગ ) થી નિર્વેદ ( કંટાળો ) પામેલો જેમ સમ્યક્ રીતે ચિકિત્સા કરે છે. તે રીતે સાધુ સાધુની સત્ક્રિયા સમ્યક્ રીતે આચરે છે....૧૬

:- इति द्वादशकं षोडशकम् :-

**गुरुविनयः स्वाध्यायो योगाभ्यासः परार्थकरणं च ।**
**इतिकर्त्तव्यतया सह विज्ञेया साधुसच्चेष्टा ॥ १ ॥**

સાધુ પ્રવૃત્તિ શુભ કરે છે તે કહીને તેને વધુ આગળ કહે છે :-

ગુરુ વિનય - સ્વાધ્યાય - ધ્યાનાભ્યાસ- પરાર્થકરણ વિગેરેમાં રત રહે છે. આ પ્રમાણે સાધુની પ્રવૃત્તિ જાણવી....૧

**औचित्याद्गुरुवृत्तिर्बहुमानस्तत्कृतज्ञताचित्तम् ।**
**आज्ञायोगस्तत्सत्यकरणता चेति गुरुविनयः ॥ २ ॥**

ગુરુના વિનયનું સ્વરૂપ કહે છે :-

ગુરુનું ઔચિત્ય (ઉભા થવું, વસ્તુ આપવી. ઇંગિત આકારથી ગુરુની ઇચ્છા જાણી લેવી તે પ્રમાણે કરવું. દા. ત. બપ્પભટ્ટસૂરિજીએ છ વિગઇનો ત્યાગ કરી દીધો. વૈયાવૃત્ય (સેવા-ભક્તિ) કરવું. દા. ત. નંદીષેણ મુનિએ સાધુની સેવા કરી કલ્યાણ સાધ્યું. આંતર બહુમાન (ખૂબ જ સદ્‌ભાવ) રાખવું. સુંદર છે તેવા મોહથી નહિ, પણ સંયમ આરાધનામાં આગળ વધારનાર છે, ઉપકારી છે એ રીતે બહુમાન થવું જોઇએ. દા. ત. મૃગાવતીજીનું, બાળ સાધુનું ચંડરુદ્રાચાર્ય ગુરુ પ્રત્યેનું. યાકીનીસૂનુ હરીભદ્રસૂરિની બાબતમાં સાધ્વીનો વિનય અને આચાર્ય પ્રત્યેનું બહુમાન પ્રશંસનીય હતું તે રીતે મારા તારક છે (મોક્ષને રોકનારા રાગથી નહિ પણ જગતમાં આના જેવા કોઇ જ તારક નથી તેવા બહુમાનથી જુએ) વળી કૃતજ્ઞતા રાખે અમારા ઉપર મહાન ઉપકાર કર્યો છે જેમને રાત્રિ દિવસ શ્રમ ઉઠાવીને (થાકને જોયા વિના) શાસ્ત્રાભ્યાસ કરાવ્યો છે, શાસ્ત્રનું જ્ઞાન આપ્યું છે વળી અલ્પઉપકારી ઉપર પણ ઘણો ઉપકાર કરનારા છે.

ગુર્વાજ્ઞાને શીરસાવંદ્ય કરે. તેનો તિરસ્કાર ન કરે. જેમ રાજાની આજ્ઞાને સહુ માન્ય કરે છે તેમ આજ્ઞાને માનવી તેને આજ્ઞાયોગ કહે છે. આ પ્રમાણે ગુરુનો વિનય કરવો....૨

**यत्तु खलु वाचनादेरासेवनमत्र भवति विधिपूर्वम् ।**
**धर्मकथान्तं क्रमशस्तत्स्वाध्यायो विनिर्दिष्टः ॥ ३ ॥**

સ્વાધ્યાય કહે છે :-

વાંચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, પરાવર્તના, ધર્મકથારૂપ પાંચ પ્રકારના સ્વાધ્યાયને શાસ્ત્ર કથિત વિધિપૂર્વક ક્રમસર કરવો તે સ્વાધ્યાય જાણવો....૩

**स्थानोर्णार्थालम्बनतदन्ययोगपरिभावनं सम्यक् ।**
**परतत्त्वयोजनमलं योगाभ्यास इति तत्त्वविदः ॥ ४ ॥**

યોગાભ્યાસ કહે છે :-

સ્થાન, કાયોત્સર્ગ, પદ્માસન વિ.માં રહીને શબ્દ પ્રતિમાદિના આલંબનથી ધ્યાન. અન્ય આલંબનથી રહિત સારી રીતે મોક્ષના સંબંધથી (ધ્યેયથી) ધ્યાન કરવું. તે પ્રમાણે તત્ત્વ જાણનારા તેને યોગાભ્યાસ કહે છે. યમ-નિયમ-આસન-પ્રાણાયામ-ધારણા-ધ્યાન સમાધિ યોગાભ્યાસનાં અંગો છે....૪

**विहितानुष्ठानपरस्य तत्त्वतो योगशुद्धिसचिवस्य ।**
**भिक्षाटनादि सर्व्वं परार्थकरणं यतेर्ज्ञेयम् ॥ ५ ॥**

પરાર્થકરણ કહે છે :-

શાસ્ત્રમાં કહેલા અનુષ્ઠાનમાં તત્પર પરમાર્થથી મન-વચન-કાયાની શુદ્ધિ સહિત વસ્ત્ર-પાત્ર- આહારની એષણાદિ સર્વ અનુષ્ઠાન પરોપકાર માટે સાધુનું જાણવું.

સાધુથી લેવાતા આહારાદિથી દાતાને પુણ્યબંધનું નિમિત્ત બનવાથી સાધુએ પરોપકાર કર્યો તે પરોપકાર....૫

**सर्वत्रानाकुलता यतिभावाव्ययपरा समासेन ।**
**कालादिग्रहणविधौ क्रियेतिकर्त्तव्यता भवति ॥६ ॥**

કર્તવ્યતા કહે છે :-

બધે સ્થળે સમભાવપૂર્વક, આકૂળતા વગર, યતિના ભાવથી જરા પણ ચલિત થયા વિના. કાલગ્રહણ, સ્વાધ્યાયાદિ જે ક્રિયા (યોગપ્રવૃત્તિ) તેને સંક્ષેપથી કર્તવ્યતા કહે છે....૬

**इति चेष्टावत उच्चैर्विशुद्धभावस्य सद्यतेः क्षिप्रम् ।**
**मैत्रीकरुणामुदितोपेक्षाः किल सिद्धिमुपयान्ति ॥७ ॥**

સાધુની વાત કરી હવે મૈત્ર્યાદિની વાત કરે છે :-
આવી પ્રવૃત્તિવાળો(સાધુ)અતિવિશુદ્ધ અધ્યવસાયયુક્ત સાધુને જલ્દી મૈત્રી-કરૂણા-પ્રમોદ-ને માધ્યસ્થ એ ચાર ભાવના પ્રાપ્ત થાય છે....૭

**एताश्चतुर्विधाः खलु भवन्ति सामान्यतश्चतस्त्रोऽपि ।**
**एतद्भावपरिणतावन्ते मुक्तिर्न तत्रैताः ।।८ ॥**

હવે તેને વધુ સ્પષ્ટ કરે છે :-

આ ચારે (મૈત્ર્યાદિ) ભાવના સામાન્યથી તે ચાર ચાર પ્રકારની છે. તેનાથી ભાવિત થતાં (પરિણામમાં આવતાં) અંતે મુક્તિ થાય છે અને સંસારનાં ભાવથી ઉત્તીર્ણ થયા હોવાથી આ ચાર ભાવના મુક્તિમાં હોતી નથી....૮

**સારાંશ** :- અને આ ભાવનાથી સંસારના કોઈપણ પદાર્થની આકાંક્ષા વગરના બનવાથી હવે તેની જરૂર ન હોવાથી. આ ચાર ભાવના મુક્તિમાં હોતી નથી કારણ કૃતકૃત્ય થયેલા છે. જેને પ્રાપ્ત કરવા માટે જરૂરી સાધન હતું હવે તે પ્રાપ્ત થઈ જવાથી તે ચાર ભાવનારૂપ સાધન

મુક્તિમાં નથી. આરોગ્ય પ્રાપ્ત થયા પછી દવાની જરૂર રહેતી નથી. કૂવો ખોદાયા પછી કોદાળીની જરૂર રહેતી નથી....૮

**उपकारिस्वजनेतरसामान्यगता चतुर्विधा मैत्री ।**
**मोहासुखसंवेगान्यहितयुता चैव करुणेति ॥ ९ ॥**

દરેક ભાવનાનું વર્ણન કરે છે :-

**મૈત્રી ચાર પ્રકારે છે.**

(૧) **ઉપકારી** : ઉપકાર કરનાર પર મૈત્રીભાવ.

(૨) **સ્વજન** : પોતાના ભાઈ ભાંડુ અને સ્વજનનો ઉપકાર ન હોવા છતાં તેમજ ઉપકારની આશા વગરનો મૈત્રીભાવ.

(૩) **ઈતર** : સ્વજન અને સંબંધ વિનાના. પૂર્વ પુરુષોએ સ્વીકારેલા અને ગુણ ગાયેલા ઉપર મૈત્રીભાવ.

(૪) **સામાન્ય** : અપરિચિત સર્વપર હિતબુદ્ધિથી મૈત્રીભાવ.

**કરૂણા ચાર પ્રકારે છે.**

(૧) **મોહઅજ્ઞાનયુત** : અપથ્ય માંગતા માંદા માણસને તે અપથ્ય આપવું તે ( એની ઇચ્છા પૂરી કરો તે માનીને આપવું. ) મોહકરુણા કહેવાય છે.

(૨) **અસુખ** : દુઃખી પ્રાણીને વસ્ત્ર, આહાર, શયન, આસન વિ. અનુકંપાની બુદ્ધિથી આપવું તે અસુખકરૂણા. (દુઃખીકરૂણા)

(૩) **સંવેગ** : મુક્તિના અભિલાષ વડે સુખી પ્રાણી પર પ્રીતિની બુદ્ધિથી સાંસારિક દુઃખથી છોડાવવાની ઇચ્છા તે સંવેગ- કરૂણા તે છદ્મસ્થોને હોય છે.

(૪) **અન્યહિતયુતા**: સામાન્યથી પ્રીતિયુક્ત સંબંધ ન હોવા છતાં અન્ય બધા જ પ્રાણી પર હિતબુદ્ધિવાળા કેવલી મહામુનિની જેમ બનવું તે અન્યહિતયુતા કરૂણા....૯

**सुखमात्रे सद्धेतावनुबन्धयुते परे च मुदिता तु ।**
**करुणानुबन्धनिर्वेदतत्त्वसारा ह्युपेक्षेत्ति ॥ १० ॥**

પ્રમોદભાવનું વર્ણન કરતાં કહે છે :-

**સુખમાત્ર** :- પરિણામે અસુંદર એવા અપથ્યાહારની જેમ સામાન્યથી વિષય સુખ ભોગવતાં પોતાના આત્માને અને બીજા જીવને વિશેષરૂપે વિષયસુખ ભોગવતાં જોઈ જે આનંદ માનવો તે સુખમાત્ર પ્રમોદભાવના.

**સદ્હેતુ** : હિતમિતાહાર જનિત સ્વપરમાં આલોકનું સુખ થવુ તે સદ્હેતુ પ્રમોદભાવના.

**અનુબંધ** : અવિચ્છિન્ન પરંપરાયુક્ત દેવમનુષ્યમાં કલ્યાણની પરંપરા વધારનારૂં આલોકને પરલોકમાં સુખ કરનાર તે અનુંબંધ પ્રમોદ ભાવના

પરં (પ્રકૃષ્ટં) પ્રકૃષ્ટ મોહનાક્ષયથી ઉત્પન્ન થતું જે શાશ્વત સુખ તે ૪ ચોથી પરં પ્રમોદ (મુદિતા) ભાવના.

માધ્યસ્થ ( ઉપેક્ષા ) ચાર પ્રકારે છે :-

**કરૂણા** - માંદો માણસ સ્વયં અપથ્ય આહાર ને જાણતો હોવા છતાં તે અપથ્ય આહાર કરે છે પણ તેનું નિવારણ ના કરે, અટકાવે નહિ તે કરૂણાભાવથી થતી ઉપેક્ષા તે પહેલી કરૂણાઉપેક્ષા.

**અનુબંધ** :- કાર્યવિષય પ્રવાહથી પરિણામ સારૂં તે અર્થાદિ ઉપાર્જનમાં આળસને કરનાર ઉપર (તૂર્ત કહેવાથી નુકસાન થાય તેમ હોવાથી) ઉપેક્ષા કરવી પણ વિવક્ષિત કાલે પરિણામ સારૂં આવે એટલે તાત્કાલિક તેની પ્રવૃત્તિને નહિ જોવી બીજી અનુબંધ સારોપેક્ષા.

**નિર્વેદ** :- નારક, તિર્યંચ, મનુષ્ય, દેવભવમાં જીવોના વિવિધ દુ:ખોને જોતો ક્યારેક મનુષ્યગતિ, દેવગતિમાં ઇંદ્રિયોનાં સુખનાં વિષયોને જોતો. તેની અસારતાને વિચારતો. તેમાંથી ચિત્તને પાછું પાડતો. તે ત્રીજી નિર્વેદ સારોપેક્ષા.

તત્ત્વ :- પરમાર્થથી વસ્તુના સ્વભાવને જોતો, સારા અને નરસા પદાર્થો તથા નરસું જીવ અને અજીવને ઉપર રાગ-દ્વેષ વગર, મોહનીયકર્મનાં વિકારથી ઉત્પન્ન થયેલાં સ્વરૂપને અને સુખ દુઃખનાં કારણને જાણતો ઉપેક્ષા રાખે તે જથી તત્ત્વ સારોપેક્ષા ભાવના નિર્વેદનાં અભાવમાં પણ તે થાય છે....૧૦

**एताः खल्वभ्यासात्क्रमेण वचनानुसारिणां पुंसाम् ।**
**सद्वृत्तानां सततं श्राद्धानां परिणमन्त्युच्चैः ॥ ११ ॥**

મૈત્રાદિ કોને પરિણમે તે કહે છે :-

આ મૈત્ર્યાદિ ચાર ભાવના આગમને અનુસરનારા સદ્ચારિત્રવાળાને અત્યંત શ્રદ્ધા ધરતાં માનવોને અભ્યાસક્રમથી (વારંવાર ભાવના ભાવતાં) પરિણમે છે. આત્મસાત્ થાય છે. ૧૧.

**एतद्रहितं तु तथा तत्त्वाभ्यासात्परार्थकार्येव ।**
**सद्बोधमात्रमेव हि चित्तं निष्पन्नयोगानाम् ॥ १२ ॥**

સંપૂર્ણ યોગવાળાને ચિત્ત આ ભાવનાથી યુક્ત હોય કે નહિ તે કહે છે:- નિષ્પન્ન યોગીઓનું ચિત્ત પરમાર્થના અભ્યાસથી પરોપકાર કરવાનાં સ્વભાવવાળું હોય છે અને તે ચિત્ત નિર્મલ જ્ઞાનમય જ છે.એટલે મૈત્ર્યાદિ ભાવનાથી રહિત ચિત્ત હોય છે....૧૨

**अभ्यासोऽपि प्रायः प्रभूतजन्मानुगो भवति शुद्धः ।**
**कुलयोग्यादीनामिह तन्मूलाधानयुक्तानाम् ॥ १३ ॥**

આ ચાર ભાવના અભ્યાસક્રમથી પરિણમે છે. તે અભ્યાસ કોને અને કેવી રીતે શુદ્ધ થાય છે તે કહે છે :-

પ્રાયઃ કરીને ઘણા જન્મોની પરંપરાથી કુલયોગી વિ.ને મૈત્ર્યાદિના બીજ જેમનામાં આરોપીત થયેલાં છે. તેમને અભ્યાસ શુદ્ધ થાય છે જે યોગીઓનાં કુલમાં ઉત્પન્ન થયેલાં છે અને તે યોગીઓનાં ધર્મથી યુક્ત છે. અને જેઓ યોગી ગોત્રવાલા છે. તે કુલયોગી કહેવાય છે. સામાન્યથી

ગોત્રાદિ બીજા નામ યુક્ત યોગીઓ નહિ. સામાન્યથી ગોત્ર યોગીઓ ઉત્તમ, ભવ્ય, સર્વત્ર, અદ્વેષી, ગુરુદેવ અને બ્રાહ્મણ પર પ્રેમ રાખનારા દયાળુ, વિનયી બોધવાળા અને જીતેંદ્રિય હોય છે....૧૩

**अविराधनया यतते यस्तस्यायमिह सिद्धिमुपयाति ।**
**गुरुविनयः श्रुतगर्भो मूलं चास्या अपि ज्ञेयः ॥ १४ ॥**

જે વિરાધના વગર આ અભ્યાસ માટે પ્રયત્ન કરે છે. તેમને આ અભ્યાસ પ્રાપ્ત થાય છે. અને અવિરાધનાનું ફળ ગુરુવિનય અને શ્રુતગર્ભ (આગમનું રહસ્ય) પ્રાપ્ત થાય છે... અને તેજ મોક્ષનું મૂળ છે....૧૪

**सिद्धान्तकथा सत्सङ्गमश्च मृत्युपरिभावनं चैव ।**
**दुष्कृतसुकृतविपाकालोचनमथ मूलमस्यापि ॥ १५ ॥**

ગુરુના વિનયનું મૂળ શું છે તે કહે છે :-

સિદ્ધાંતકથા, સાધુ પુરૂષોનો સમાગમ, મૃત્યુની વારંવાર વિચારણા. દુષ્કૃત અને સુકૃત (પાપ-પુણ્ય)ની આલોચના (વિચારણા)એ ગુરુ વિનયનું મૂળ છે....૧૫

**एतस्मिन् खलु यत्नो विदुषा सम्यक् सदैव कर्त्तव्यः ।**
**आमूलमिदं परमं सर्वस्य हि योगमार्गस्य ॥ १६ ॥ १३ ॥**

ગુરુના વિનયના મૂળની ઉપયોગીતા કહે છે. :-

ઉપર કહેલાં સિદ્ધાંત, કથા વગેરે મૂળ (કારણ)માં વિદ્વાન પુરુષોએ સારી રીતે પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે આ બધા કારણો સંપૂર્ણ યોગ માર્ગના જ પ્રધાન (શ્રેષ્ઠ) કારણ છે....૧૬

**:- इति त्रयोदशकं षोडशकम् :-**

## -: યોગભેદ ષોડશક-૧૪ :-

**सालम्बनो निरालम्बनश्च योगः परो द्विधा ज्ञेयः ।**
**जिनरूपध्यानं खल्वाद्यस्तत्तत्त्वगस्त्वपरः ॥ १ ॥**

યોગ ૨ - પ્રકારે છે. સાલંબન અને નિરાલંબન.

સાલંબન-સમોસરણમાં બિરાજમાન અરિહંત પરમાત્માનું ધ્યાન તે સાલંબન ધ્યાન છે.

નિરાલંબન - સિદ્ધ પરમાત્મા અથવા સિદ્ધ પરમાત્માનાં ગુણોનું ધ્યાન તે વિશેષાર્થ :-

સિદ્ધ પરમાત્માનું આઠ કર્મના ક્ષયથી ઉત્પન્ન (પ્રાપ્ત) થતાં આઠ ગુણોનું ધ્યાન તે નિરાલંબન ધ્યાન છે....૧

**अष्टपृथग्जनचित्तत्त्यागाद्योगिकुलचित्तयोगेन ।**
**जिनरूपं ध्यातव्यं योगविधावन्यथा दोषः ॥ २ ॥**

જિનેશ્વર પરમાત્માનું ધ્યાન કેવી રીતે કરવું તે કહે છે :-

પૃથક્જન (સામાન્ય માણસો)નાં આઠ પ્રકારનાં ચિત્તને છોડીને યોગીકુળના ચિત્તની પરંપરાવાળા ચિત્તપૂર્વક, યોગક્રિયામાં જિનેશ્વરનું ધ્યાન કરવું. બીજી રીતે કરે તો દોષ લાગે છે....૨

**खेदोद्वेगक्षेपोत्थानभ्रान्त्यन्यमुद्रुगासङ्गैः ।**
**युक्तानि हि चित्तानि प्रबन्धतो वर्जयेन्मतिमान् ॥ ३ ॥**

આઠ પ્રકારનાં ચિત્ત આ પ્રમાણે છે. :-

(૧) ખેદ - કામ કરતાં થાક લાગવો.

(૨) ઉદ્વેગ - બેઠાં બેઠાં પણ કંટાળો આવવો.

(૩) ક્ષેપ- મનને જુદી જુદી જગ્યાએ જોડવું (મનની ચંચળતા)

(૪) **ઉત્થાન**- અશાન્ત મન

(૫) **ભ્રાન્તિ** - સંશય આ ગાડી બેંગલોરની છે કે, અમદાવાદની એવી શંકા.

(૬) **અન્યમુદ્**- એક કાર્ય કરતાં-કરતાં બીજામાં લક્ષ્ય જાય. ધ્યાન કરતાં આનંદ આવે. દર્શન કરતાં બીજાને જોવાનું મન થાય. અડધું મૂકી દે.

(૭) **રુગ્ (રોગ)** -રોગ આવવો. શરીરમાં બાધા થવી. શરીરનાં અવયવોનો ભંગ થવો.

(૮) **આસંગરાગ**- સંસારનાં પદાર્થ પર રાગ. જે ક્રિયા ચાલતી હોય તેનાં રાગને છોડીને બીજી ક્રિયા પર રાગ કરવો.

આ સંગાદિદોષથી યુક્ત ચિત્તને બુદ્ધિમાન પુરુષો પ્રયત્નપૂર્વક છોડી દે....૩

**खेदे दार्ढ्याभावान्न प्रणिधानमिह सुन्दरं भवति ।**
**एतच्चेह प्रवरं कृषिकर्मणि सलिलवज्ज्ञेयम् ॥४ ॥**

ખેદના દોષથી ધ્યાનમાં દૃઢતા થતી નથી. માટે તે ધ્યાન સુંદર બનતું નથી. જેમ ખેતરમાં બધી સામગ્રી હોય પણ પાણી ન હોય તેમ....૪

**उद्वेगे विद्वेषाद्विष्टिसमंकरणमस्य पापेन ।**
**योगिकुलजन्मबाधकमलमेतत्तद्विदामिष्टम् ॥५ ॥**

ઉદ્વેગમાં દ્વેષ હોવાથી જે કામ કરે એ વેઠરૂપ લાગે (દર્શનાદિ શરમથી કરવા) તેથી પરભવમાં યોગીકુળમાં જન્મ પામવામાં બાધક બને છે તેમ યોગને જાણનારાઓ કહે છે....૫

**क्षेपेऽपि चाप्रबन्धादिष्टफलसमृद्धये न जात्वेतत् ।**
**नासकृदुत्पाटनतः शालिरपि फलावहः पुंसः ॥ ६ ॥**

ક્ષેપ નામના દોષથી ચિત્ત (મન)ની લીનતા વચ્ચે વચ્ચે અટકી

જાય છે તેનાથી ધાર્યા મુજબ ફળની સિદ્ધિ થતી નથી. જેમ કે ડાંગરનો છોડ અનેક જગ્યાએ ઉખેડી ઉખેડીને વાવવાથી પૂર્ણ પાક (ફલ)ને આપતો નથી....૬

**उत्थाने निर्वेदात्करणमकरणोदयं सदैवास्य ।**
**अत्यागत्यागोचितमेतत्तु स्वसमयेऽपि मतम् ॥ ७ ॥**

ઉત્થાનમાં ચિત્ત અશાંત હોવાથી ધ્યાન કરતાં ભવિષ્યકાળમાં જે ફળ મળવું જોઇએ તે મળતું નથી. અથવા તે ધ્યાનાદિ ધર્મક્રિયા કર્યા ન કર્યા બરાબર થાય છે. જેમકે દીક્ષા લીધા પછી ત્યાગ કરેલ માતા-પિતાદિનો વિચાર કરવો તે પૂર્ણ ફળથી વંચિત રાખનાર છે. ખરેખર તે ત્યાગ તે ત્યાગ નથી. આ હકીકત સિદ્ધાંતમાં કહી છે....૭

**भ्रान्तौ विभ्रमयोगान्न हि संस्कारः कृतेतरादिगतः ।**
**तदभावे तत् करणं प्रक्रान्तविरोध्यनिष्टफलम् ॥ ८ ॥**

વિભ્રમ ચિત્તના કારણે ધર્મક્રિયા કર્યાનો સંસ્કાર આત્મામાં પડતો નથી. આથી સંસ્કારનાં અભાવે તે કરેલી ક્રિયા વસ્તુત : (ધ્યાનાદિ ધર્મક્રિયા) યોગરૂપ ન બનવાથી ઇષ્ટફળને આપનારી બનતી નથી....૮

**अन्यमुदि तत्र रागात्तदनादरताऽर्थतो महापाया ।**
**सर्वानर्थनिमित्तं मुद्विषयाङ्गारवृष्ट्याभा ॥ ९ ॥**

**અન્યમુદ** - જે ક્રિયા ચાલતી હોય તેનાથી બીજી ક્રિયામાં આનંદ થવો તે અન્યમુદ્ કહેવાય છે. બીજી ક્રિયામાં રાગરૂપ ઇચ્છાવડે ચાલુક્રિયામાં અનાદર થવાથી વાસ્તવિકરૂપે તે દોષ મહા અપાય (દુઃખ)ને કરનારો છે. તે બધા અનર્થનું કારણ છે. કારણ કે ચાલુ ક્રિયાનાં આનંદ વિષે અંગારાની વૃષ્ટિ સમાન છે. ૯

**रुजिनिजजात्युच्छेदात्करणमपिहि नेष्टसिद्धयेनियमात् ।**
**अस्येत्यननुष्ठानं तेनैतद्वन्ध्य फलमेव ॥१०॥**

રુક્ (રોગ)માં અથવા સદંતર છોડવામાં ધ્યાનની પરંપરારૂપ સ્વજાતિનો (અખંડતા)નાશ થવાથી કટકે કટકે કરેલું કાર્ય ઈષ્ટ ફળને નિયમા આપનારૂં બનતું નથી. આથી તે અનુષ્ઠાન (એ ક્રિયા) ઈષ્ટફળનાં અભાવવાળું છે અર્થાત્ ઈષ્ટફળની સિદ્ધિ (પ્રાપ્તિ) માટે થતું નથી....૧૦

**आसङ्गेऽप्यविधानादसङ्गशक्त्युचितमित्यफलमेतत् ।**
**भवतीष्टफलदमुच्चैस्तदप्यसङ्गं यतः परमम् ॥ ११ ॥**

આસંગ નામના દોષથી ચાલુ અનુષ્ઠાનમાં " આજ સુંદર છે " એવો રાગ ન કરવાથી અથવા ન આવવાથી અનવરત પ્રવૃત્તિ ન થવાથી ઉચિત એવા ફળને કરનારૂં અનુષ્ઠાન થતું નથી. અથવા તે અનુષ્ઠાન નિષ્ફળ જાય છે. આજ ધ્યાન ઈષ્ટફળને આપનારૂં બને છે. એવું સારી રીતે ધ્યાન ન રહેવાથી ધાર્યા મુજબનું ફળ મળતું નથી.... ૧૧

**एतद्दोषविमुक्तं शान्तोदात्तादिभावसंयुक्तम् ।**
**सततं परार्थनियतं सङ्क्लेशविवर्जितं चैव ॥ १२ ॥**
**सुस्वप्नदर्शनपरं समुल्लसद्गुणगणौघमत्यन्तम् ।**
**कल्पतरुबीजकल्पं शुभोदयं योगिनां चित्तम् ॥ १३ ॥**

યોગીઓનું ચિત્ત કયું હોય ? તે કહે છે :-

આ આઠદોષોથી રહિત શાંત, ઉદાર વિ. ભાવોથી યુક્ત સતત પરોપકારવાળું, સંકલેશરહિત, શુભ સ્વપ્ન જોનારૂં, ગુણ સમૂહ સારી રીતે પામતો હોય તેવું. કલ્પવૃક્ષના બીજ સમાન, શુભોદયવાળુ યોગીઓનું ચિત્ત હોય છે....૧૨-૧૩

**एवंविधमिह चित्तं भवति प्रायः प्रवृत्तचक्रस्य ।**
**ध्यानमपि शस्तमस्य त्वधिकृतमित्याहुराचार्याः ॥ १४ ॥**

સવારથી સાંજ સુધી યોગ્ય અનુષ્ઠાન આચરનારા યોગીઓને પ્રાય: કરીને આવા પ્રકારનું ચિત્ત હોય છે અને તેનું જ ધ્યાન પ્રશંસનીય છે. ધ્યાનનો અધિકાર તેઓને જ છે. તેમ આચાર્યો કહે છે....૧૪

**शुद्धे विविक्त देशे सम्यक्संयमितकाययोगस्य ।**
**कायोत्सर्गेण दृढं यद्वा पर्यङ्कबन्धेन ॥ १५ ॥**
**साध्वागमानुसाराच्चेतो विन्यस्य भगवति विशुद्धम् ।**
**स्पर्शावेधात्तत्सिद्धयोगिसंस्मरणयोगेन ॥ १६ ॥ १४ ॥**

ધર્મ ધ્યાન માટે અગત્યની બાબતો :- ૧. ભાવના ૨. દેશ ૩. કાલ ૪. આસન, ૫. આલંબન, ૬. ક્રમ, ૭. ધ્યાતવ્ય, ૮. ધ્યાતા, ૯. અનુપ્રેક્ષા, ૧૦. લેશ્યા ૧૧. લિંગ અને ૧૨. ધ્યાનનું ફળ શું છે તે કહે છે. નિર્મલ અને એકાંત પ્રદેશમાં સારી રીતે સંયમીત કર્યો છે. કાયયોગ જેને એવા ઉભા રહેવા રૂપ કાયોત્સર્ગ વડે અથવા પદ્માસન વિ. આસન વડે સાધુઓના આગમાનુસાર સ્વચિત્તને જેણે ભગવાનને વિષે વિશુદ્ધ કર્યું છે. તથા તે વિશુદ્ધ ચિત્તને તત્ત્વજ્ઞાનના સ્પર્શના સંસ્કારથી જેમણે આત્મલાભને પ્રાપ્ત કર્યો છે એવા સિદ્ધ યોગીઓનાં સ્મરણ વડે ઈષ્ટફલની પ્રાપ્તિ થાય છે.... ૧૫-૧૬

**:- इति चतुर्दश षोडशकम् -:**

**सर्वजगद्धितमनुपममतिशयसन्दोहमृद्धिसंयुक्तम् ।**
**ध्येयं जिनेन्द्ररूपं सदसि गदत्तत्परं चैव ॥ १ ॥**

ધ્યાન કોનું કરવું તે કહે છે :-

ધ્યાન કરવા યોગ્ય જિનેશ્વર ભગવાનનું રૂપ છે. જે સર્વજગત્‌ના પ્રાણીને હિતકારી છે. અનુપમ છે. ૩૪ અતિશયોથીયુક્ત છે અને જિનેશ્વર ભ.નું રૂપ સમોસરણમાં દેશના આપવામાં તત્પર છે.... ૧

**सिंहासनोपविष्टं छत्रत्रयकल्पपादपस्याधः ।**
**सत्त्वार्थसम्प्रवृत्तं देशनया कान्तमत्यन्तम् ॥ २ ॥**

વળી જે સિંહાસન પર બેઠેલું છે. ત્રણ છત્ર અને કલ્પવૃક્ષની નીચે રહેલું છે. પ્રાણીઓનાં ઉપકાર માટે દેશનાં આપતું અત્યંત રમણીય છે... ૨

**आधीनां परमौषधमव्याहतमखिलसम्पदां बीजम् ।**
**चक्रादिलक्षणयुतं सर्वोत्तमपुण्यनिर्म्माणम् ॥ ३ ॥**

વળી જે રૂપ શરીર અને મનની પીડાને માટે પરમ ઔષધ છે. સર્વ સંપત્તિનું અવ્યાહત (સફલ) બીજ (કારણ) છે. ચક્ર-સ્વસ્તિક-કમલ-વજ્રાદિ લાંછનથી યુક્ત છે. સર્વોત્તમ પુણ્યથી નિર્માણ થએલું છે...૩

**निर्वाणसाधनं भुवि भव्यानामग्र्यमतुलमाहात्म्यम् ।**
**सुरसिद्धयोगिवन्द्यं वरेण्यशब्दाभिधेयं च ॥ ४ ॥**

પૃથ્વી ઉપર યોગ્ય ભવ્ય જીવોને માટે નિર્વાણના સાધન રૂપ અતુલ મહિમાવાન્ દેવતાઓ અને વિદ્યા મંત્ર સિદ્ધ એવા યોગીઓને વાંદવા લાયક એવું જિનેન્દ્ર ભગવંતનું સ્વરૂપ શ્રેષ્ઠ શબ્દ વડે પ્રશંસા કરવા લાયક છે....૪

**परिणत एतस्मिन् सति सद्ध्याने क्षीणकिल्बिषो जीवः ।**
**निर्वाणपदासन्नः शुक्लाभोगो विगतमोहः ॥५ ॥**

આ પ્રમાણે સ્વાલંબન ધ્યાનમાં પરિણતથી થયેલો જીવ પાપના ક્ષય વાળો, મોહથી રહિત બનેલો નિર્વાણપદની નજીક થયેલો અને શુકૂલધ્યાનના ઉપયોગવાળો છે....૫

**चरमावञ्चकयोगात्प्रातिभसञ्जाततत्त्वसन्दृष्टिः ।**
**इदमपरं तत्त्वं तद्यद्वशतस्त्वस्त्यतोऽप्यन्यत् ॥६ ॥**

ફલાવંચક (ફલની સફળતા)ના યોગથી પ્રાતિભજ્ઞાન (કેવલજ્ઞાન ઉત્પન્ન થતાં પહેલાનું પ્રભા જેવું જ્ઞાન)થી ઉત્પન્ન થયેલ છે દષ્ટિ જેને આ શ્રેષ્ઠ તત્ત્વ છે અને તે ધ્યાન કરતાં કરતાં યોગીને બીજી શ્રેષ્ઠ સંદષ્ટિ જન્મે છે. (જિનેશ્વર ભગવાનનું સરૂપ ધ્યાન કરતાં કરતાં મુક્તિમાં રહેલું નિરૂપ- ધ્યાન પ્રગટ થાય છે.)

આ સાલંબન ધ્યાન દ્વારા પ્રત્યક્ષ કહેલ જિનેન્દ્રરૂપની પૂર્વે ધ્યાન કરવા યોગ્ય પરમાર્થરૂપ તત્ત્વ છે. જે કારણથી મોક્ષમાં રહેલ અન્ય પરતત્વ (નિરાલંબન) ધ્યાન પ્રગટે છે....૬

**तस्मिन् दृष्टे दृष्टं तद्भूतं तत्परं मतं ब्रह्म ।**
**तद्योगादस्यापि ह्येषा त्रैलोक्यसुन्दरता ॥७ ॥**

તે નિરૂપ (નિરાલંબન) ધ્યાન પ્રગટ થયા પછી જગતના સર્વ પદાર્થનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. તે જ ખરેખર સત્ય છે. તે પરબ્રહ્મ છે. તે પરતત્ત્વનાં યોગથી જ અનાલંબન યોગ પેદા થાય છે અને તેથી લૌકિક અને લોકોત્તર ત્રણે જગતમાં તે પરતત્ત્વ (અનાલંબન અથવા મોક્ષ) યોગની સુંદરતા (મહત્તા) છે.... ૭

**सामर्थ्ययोगतो या तत्र दिदृक्षेत्यसङ्गशक्त्याढ्या ।**
**सानालम्बनयोगः प्रोक्तस्तद्दर्शनं यावत् ॥ ८ ॥**

નિરાલંબન યોગ એટલે શું ? અને તેનો કાળ કેટલો ?

સામર્થ્ય યોગથી એટલે શાસ્ત્રમાં કહેલ ક્ષપકશ્રેણીનાં બીજા અપૂર્વકરણથી ઉત્પન્ન થાય છે. અને શ્રેષ્ઠ તત્ત્વને જોવાની ઇચ્છા થાય છે. અને તે અસંગતા નામની શક્તિથી યુક્ત છે. તે જ નિરાલંબન ધ્યાન (નામ)નો યોગ છે. અને તેનો કાળ કેવલ જ્ઞાન ઉત્પન્ન થતાં પહેલાનો છે.... ૮

**तत्राप्रतिष्ठितोऽयं यतः प्रवृत्तश्च तत्त्वतस्तत्र ।**
**सर्वोत्तमानुजः खलु तेनानालम्बनो गीतः ॥ ९ ॥**

આ યોગ નિરાલંબન કેમ છે ?

તે નિરાલંબન યોગ શ્રેષ્ઠ તત્ત્વમાં રહેતો નથી. સર્વોત્તમ જે યોગ છે. તેની પહેલા રહે છે. તેથી તે નિરાલંબન યોગ છે.... ૯

**द्रागस्मात्तद्दर्शनमिषुपातज्ञातमात्रतो ज्ञेयम् ।**
**एतच्च केवलं तज्ज्ञानं यत्तत्परं ज्योतिः ॥ १० ॥**

નિરાલંબન યોગથી શું બને છે ? તે કહે છે :-

તે નિરાલંબન યોગ (ધ્યાન)થી ધનુષ્યમાંથી છોડેલા બાણે વિંધેલા લક્ષ્યની જેમ પરતત્ત્વ (મોક્ષ)નું જ્ઞાન શીઘ્ર થાય છે. અને તે જ જ્ઞાન કેવલજ્ઞાન છે. તે જ પરમ જ્યોતિ છે.

**વિશેષાર્થ** :- જેવી રીતે બાણ છોડનાર લક્ષ્યને નક્કી કરીને ધનુષ્યમાંથી બાણ છોડે છે. તે લક્ષ્યનું લક્ષ્ય છે. માટે તે સાલંબન છે. તે બાણ છોડ્યા પછી લક્ષ્યને વિંધ્યા પછી તેને બીજું કાંઇ વિંધવાનું નથી તેથી તે નિરાલંબન યોગ છે.

સાલંબન યોગ (ધ્યાન)થી નિરાલંબન ધ્યાન સાધવાનું છે અને નિરાલંબન ધ્યાનથી કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે.... ૧૦

**आत्मस्थं त्रैलोक्यप्रकाशकं निष्क्रियं परानन्दम् ।**
**तीतादिपरिच्छेदकमलं ध्रुवं चेति समयज्ञाः ॥ ११ ॥**

નિરાલંબન ધ્યાનથી સાધવા યોગ્ય (સાધ્ય) કેવળ જ્ઞાન છે તે કેવું છે:-

આત્મામાં રહેલું છે. ત્રણે જગતને ઉદ્યોત (પ્રકાશમય) કરનારૂં, અક્રિય (ગતિવિનાનું), શ્રેષ્ઠ આનંદવાળું, અતીત-અનાગત-વર્તમાન એ ત્રણે કાળ જાણવામાં સમર્થ છે. ભાવોને જાણવામાં સમર્થ છે અને ધ્રુવ(શાશ્વત) છે. તે સિદ્ધાંતના જાણનારાઓએ આવા પ્રકારનું કેવલજ્ઞાન કહ્યું છે. ૧૧.

**एतद्योगफलं तत्परापरं दृश्यते परमनेन ।**
**तत्तत्त्वं यद्दृष्ट्वा निवर्त्तते दर्शनाकाङ्क्षा ॥ १२ ॥**

પર (સાલંબન) યોગનું અને અપર (નિરાલંબન) યોગનું ફળ કેવલજ્ઞાન છે. અને તે કેવલજ્ઞાન વડે પરમ એટલે પરમાત્મસ્વરૂપ દેખાય છે. તે પરમાત્મતત્ત્વને જોઈને દર્શન (જોવા)ની ઈચ્છા અટકી જાય છે. કારણ કે બધી વસ્તુ કેવલજ્ઞાન વડે જોવાઈ ગયેલ હોવાથી જોવાની ઈચ્છા રહેતી નથી....૧૨

**तनुकरणादिविरहितं तच्चाचिन्त्यगुणसमुदयं सूक्ष्मम् ।**
**त्रैलोक्यमस्तकस्थं निवृत्तजन्मादिसङ्क्लेशम् ॥ १३ ॥**

પરતત્ત્વ (મોક્ષ)નું સ્વરૂપ કહે છે :-

(૧) મન, વચન, અને કાયાના ત્રણે યોગથી રહિત છે.

(૨) અચિંત્ય ગુણોનો સમૂહ છે, (૩) સૂક્ષ્મ-અમૂર્ત-અરૂપી છે.

(૪) ત્રણ જગતનાં મસ્તક પર (ચૌદ રાજલોકે) રહેલું છે.

(૫) જન્મ-જીવન-મરણનાં સંકલેશ વિનાનું છે.... ૧૩

**ज्योतिः परं परस्तात्तमसो यद्गीयते महामुनिभिः ।**
**आदित्यवर्णममलं ब्रह्माद्यैरक्षरं ब्रह्म ॥ १४ ॥**

(૬) અંધકાર વિનાનું છે, (૭) શ્રેષ્ઠ જ્યોતિરૂપ છે. તેને મહામુનિઓ સૂર્યના તેજ જેવું નિર્મલ કહે છે અને બ્રહ્મ વિગેરે અક્ષરોથી મહાન કહે છે.... ૧૪

**नित्यं प्रकृतिवियुक्तं लोकालोकावलोकनाभोगम् ।**
**स्तिमिततरङ्गोदधिसममवर्णमस्पर्शमगुरुलघु ॥ १५ ॥**

તે નિત્ય છે. જ્ઞાનાવરણ વિ. કર્મપ્રકૃતિથી રહિત છે. અથવા સત્ત્વ. રજસ્ અને તમો રૂપ પ્રકૃતિથી રહિત છે. લોક અને અલોકને જોવા માટે ઉપયોગશીલ છે. તરંગ રહિત શાંત દરિયા સમાન છે. જે વર્ણ સ્પર્શ રહિત અને અગુરુલઘુ છે.... ૧૫

**सर्वाबाधारहितं परमानन्दसुखसङ्गतमसङ्गम् ।**
**निःशेषकलातीतं सदाशिवाद्यादिपदवाच्यम् ॥१६ ॥१५ ॥**

શારીરિક અને માનસિકરૂપ સર્વ બાધા (પીડા)થી રહિત શ્રેષ્ઠ આનંદ અને સુખથી સંગત (યુક્ત) છે. અસંગ છે. કર્મની સર્વકલાથી દૂર છે. (સર્વકર્મથી રહિત છે.) સદાશિવ-પરબ્રહ્મ-સચ્ચિદાનંદ ઘન વિગેરે શબ્દોથી વર્ણન કરવા યોગ્ય છે અને તે પરતત્ત્વ (મોક્ષ)નું સ્વરૂપ છે.... ૧૬

**-: इति पंचदशकं षोडशकम् :-**

**एतद्दृष्ट्वा तत्त्वं परममनेनैव समरसापत्तिः ।**
**सञ्जायतेऽस्य परमा परमानन्द इति यामाहुः ॥ १ ॥**

પરતત્ત્વનું દર્શન કર્યા પછી તે પરતત્ત્વની સાથે જે સમરસાપત્તિ (ઐક્યભાવ-એક્તા) થાય છે તેને વેદાંતવાદીઓ પરમાનંદ કહે છે... ૧

**सैषाऽविद्यारहितावस्थापरमात्मशब्दवाच्येति ।**
**एषैव च विज्ञेया रागादिविवर्जिता तथता ॥ २ ॥**

તે પરતત્ત્વ (મોક્ષ)ના જુદા જુદા નામો કહે છે :-

અવિદ્યારહિતાવસ્થા તે પરમાત્મા શબ્દ વડે કહેવાય છે. તે જ પરમાત્મ અવસ્થા રાગાદિથીરહિત હોય તે સત્ય સ્વરૂપે જાણવી.... ૨

**वैशेषिकगुणरहितः पुरुषोऽस्यामेव भवति तत्त्वेन ।**
**विध्यातदीपकल्पस्य हन्त जात्यन्तराप्राप्तेः ॥ ३ ॥**

આજ અવસ્થાને વૈશેષિક દશર્નવાળા વાસ્તવિક રીતે આત્માને વિશેષ ગુણોથી રહિત માને છે. ત્યારે તે આત્મામાં બુદ્ધિ, સુખ દુઃખ ઈચ્છા દ્વેષ અને પ્રયત્ન હોતા નથી.

મુક્તાવસ્થાને બૌદ્ધો બીજી જાતિ પ્રાપ્ત થતી ન હોવાથી બુઝાયેલા દિપક સમાન માને છે.

**વિશેષાર્થ** :- પરંતુ તે બૌદ્ધમત બરાબર નથી. કારણ કે તે મુક્તાવસ્થા અભાવરૂપ નથી. પરંતુ સંસાર જાતિનો નાશ કરી મુક્ત જાતિ રૂપે ઉત્પન્ન થાય છે.... ૩

**एवं पशुत्त्वविगमो दुःखान्तो भूतविगम इत्यादि ।**
**अन्यदपि तन्त्रसिद्धं सर्वमवस्थान्तरेऽत्रैव ॥ ४ ॥**

એ જ મુક્તાવસ્થાને જુદા જુદા દર્શનકારો પશુ (અજ્ઞાન) પણાનો

વિગમ (નાશ) બતાવે છે. બીજા કેટલાક દુઃખનો અંત માને છે. (દુઃખનો અંત થવાથી સુખની પ્રાપ્તિ સ્વયં થાય છે.) બીજા કેટલાક પંચભૂત (પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ અને આકાશ)નો વિગમ (નાશ) માને છે.... ૪

**परिणामिन्यात्मनि सति तत्तध्वनिवाच्यमेतदखिलं स्यात् ।**
**अर्थान्तरे च तत्त्वेऽविद्यादौ वस्तुसत्येव ॥५ ॥**

જ્યારે આત્મા પરિણામી (પર્યાયવાન્) હોય ત્યારે જ જે આગળ અવિદ્યારહિતા વસ્થા (મોક્ષ) સત્ત્વ- રજો-તમોગુણ રહિતપણું. પશુત્વ વિગમ (અજ્ઞાનનો નાશ) દુઃખાંત વિ. શબ્દો સંપૂર્ણ રીતે તો જ ઘટી શકે. આત્મ ભિન્ન (આત્મા સિવાયના બીજા પદાર્થો) એટલે અવિદ્યા. અદૃષ્ટ સંસ્કાર વ. પદાર્થો પણ પરિણામી માનવાથી જ ઘટે છે. નહિ તો તે કલ્પનારૂપ થઇ જાય છે.

**વિશેષાર્થ** :- બૌદ્ધ મતે આત્મા એકાન્તે અનિત્ય છે. નૈયાયિકમતે નિત્ય છે. આવા એકાંતમાં સંસાર અને મોક્ષ ઘટી શકતા નથી. તે માટે અનેકાન્તવાળું તત્ત્વ જોઇએ. એટલે આત્મા દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય છે. દ્રવ્યથી આત્મતત્ત્વ સ્થિર રહીને તેમાં જુદા જુદા પર્યાયો ફરતાં રહે છે આ રીતે વસ્તુસ્થિતિ માનવાથી સંસાર અને મોક્ષ બંને બાબતો ઘટી શકે છે. નહિ તો તે બંને કાલ્પનિક થઇ જાય છે. ૫.

**तद्योगयोग्यतायां चित्रायां चैव नान्यथा नियमात् ।**
**परिभावनीयमेतद्विद्वद्भिस्तत्त्वदृष्ट्योच्चैः ॥६ ॥**

અવિદ્યા વગેરે તત્ત્વાંતર વડે એટલે કે આત્માની સાથે કર્મના બંધરૂપ યોગ (સંબંધ), જીવનો કર્મવર્ગણા ગ્રહણ કરવાનો સ્વભાવ, અનાદિ પારિણામિક ભવ્યત્ત્વ સ્વભાવ, મોક્ષાવસ્થા વખતે સહજમલ નિવૃત્તિરૂપ પ્રાપ્તિમાં જુદા જુદા પ્રકારની સ્વભાવરૂપ યોગ્યતાની

વિવિધતાથી જ આત્મામાં પડેલા બીજનું સિદ્ધ ફળ નિયમા હોય છે. એક સ્વભાવરૂપમાં કદી હોતું નથી. આ હકીકત તત્ત્વ દૃષ્ટિવાળા વિદ્વાનોએ સારી રીતે બુદ્ધિપૂર્વક વિચારવી.... ૬

**पुरुषाद्वैतं तु यदा भवति विशिष्टमथ च बोधमात्रं वा ।**
**भवभवविगमविभेदस्तदा कथं युज्यते मुख्यः ॥७ ॥**

જે પુરુષ અદ્વૈત અથવા વિશિષ્ટ બોધ માત્રરૂપ અદ્વૈત હોય તો સંસાર અને મોક્ષનો ભેદ કેવી રીતે ઘટી શકે ?.

સારાંશ :- આત્માનેજ એક સત્ય માનવું અને જગતના પદાર્થને માયાસમ સમજવું. તે સમજવાથી સંસાર અને મોક્ષ ઘટી શકતા નથી....૭.

**अग्निजलभूमयो यत्परितापकरा भवेऽनुभवसिद्धाः ।**
**रागादयश्च रौद्रा असत्प्रवृत्त्यास्पदं लोके ॥८ ॥**

કેમ કે સંસારમાં અગ્નિ-પાણી-ભૂમિ-ઉપદ્રવ કરનારા છે તે અનુભવસિદ્ધ છે. તે અસદ્ પ્રવૃત્તિના કારણરૂપ રાગ-દ્વેષ-મોહ તેના પર કરવાથી લોકમાં દારૂણ ફળ આપનારા છે.... ૮

**परिकल्पिता यदि ततो न सन्ति तत्त्वेन कथममी स्युरिति ।**
**तन्मात्र एव तत्त्वे भवभवविगमौ कथं युक्तौ ॥ ९ ॥**

આ બધા બાહ્યઅભ્યંતર પદાર્થો કલ્પનારૂપે છે. પણ વાસ્તવિક રૂપે નથી અને ફક્ત વાસ્તવિકરૂપે તો તન્માત્ર એ જ તત્ત્વ છે. એટલે કે પુરુષ રૂપ અથવા બોધ (જ્ઞાન) રૂપ અદ્વૈત (બીજું કોઇ જ તત્ત્વ નથી) એક જ તત્ત્વ છે તેમ માનવું તે અદ્વૈત માનીએ તો સંસાર અને મોક્ષ કેવી રીતે ઘટે ? ન ઘટી શકે.... ૯

**परिकल्पनापि चैषा हन्त विकल्पात्मिका न सम्भवति ।**
**तन्मात्र एव तत्त्वे यदि वाऽभावो न जात्वस्याः ॥ १० ॥**

બાહ્ય અભ્યંતર પદાર્થરૂપ જે પરિકલ્પના છે. એ ઘટતી નથી. કારણ કે જો તન્માત્ર (પુરુષ અથવા જ્ઞાન) તત્ત્વ હોય તો પછી તે વિકલ્પરૂપ પરિકલ્પનાનો ત્યારે પણ અભાવ ન થાય ? અર્થાત્ થાય છે.... ૧૦

**ऐदम्पर्यं शुद्ध्यति यत्रासावागमः सुपरिशुद्धः ।**
**तदभावे तद्देशः कश्चित्स्यादन्यथाग्रहणात् ॥ ११ ॥**

તેથી આ ત્રણ (જીવ-કર્મ અને તથા ભવ્યત્વ)ને બુદ્ધિમાન પુરુષોએ શાંત ચિત્તપૂર્વક સંસાર અને મોક્ષનાં કારણને વિચારવા યોગ્ય છે.... ૧૧

**तस्माद्यथोक्तमेतत्त्रितयं नियमेन धीधनैः पुम्भिः ।**
**भवभयविगमनिबन्धनमालोच्यं शान्तचेतोभिः ॥ १२ ॥**

જે આગમનું ઐદંપર્ય (તાત્પર્ય) શુદ્ધ હોય તે આગમ પરિશુદ્ધ (સંપૂર્ણ શુદ્ધ) છે. ઐદંપર્ય શુદ્ધ નથી તો તે આગમ તે શુદ્ધ આગમ એક ભાગ રૂપે છે. કારણ કે વિપરીત રૂપ ઐંદપર્ય (તાત્પર્ય)ને ગ્રહણ કર્યું હોવાથી તે આગમ એકભાગ રૂપે હોવાથી અશુદ્ધ છે.... ૧૨

**तत्रापि च न द्वेषः कार्यो विषयस्तु यत्नतो मृग्यः ।**
**तस्यापि न सद्वचनं सर्वं यत्प्रवचनादन्यत् ॥ १३ ॥**

તે એક દેશ (ભાગ) રૂપ આગમાંન્તરનો પણ દ્વેષ ન કરવો. પરંતુ તેના વિષયનું પ્રયત્નપૂર્વક સંશોધન કરવું. કારણ કે તે આગમાન્તરના બધાય વચનો સુંદર (ઐંદપર્ય) વાળા નથી. કારણ કે મૂળ આગમથી અલગ હોવાનાં કારણે અથવા મૂળ આગમના એક દેશરૂપ હોવાનાં કારણે, દ્વેષ ન કરવો.

વિશેષાર્થ :- આગમના એક દેશમાં (ભાગમાં) પણ દ્વેષ ન કરવો. પરંતુ તેનો વિષય શું છે તે પ્રયત્નપૂર્વક શોધવું જોઇએ. કારણ કે જે જે સારૂં વચન છે તે જીનપ્રવચન (શાસન)થી જુદું નથી, તત્ત્વની પ્રવૃત્તિમાં અદ્વેષ એ પહેલું અંગ બતાવેલું છે. ત્યારબાદ જીનાજ્ઞા વિ. બતાવેલાં છે..... ૧૩

**अद्वेषो जिज्ञासा शुश्रूषा श्रवणबोधमीमांसाः ।**
**परिशुद्धा प्रतिपत्तिः प्रवृत्तिरष्टाङ्गिकी तत्त्वे ॥ १४ ॥**

આગમાન્તરમાં અદ્વેષ (અપ્રીતિ) તિરસ્કાર ન થવો જોઇએ. તે અદ્વેષ વગેરે આઠ અંગો આ પ્રમાણે છે.

૧) અદ્વેષ- તત્ત્વ ઉપર અપ્રીતિનો ત્યાગ.

૨) જીજ્ઞાસા- તત્ત્વ (પદાર્થ) જાણવાની ઇચ્છા તે જીજ્ઞાસા.

૩) શુશ્રૂષા- તત્ત્વ સાંભળવાની ઇચ્છા તે શુશ્રૂષા.

૪) શ્રવણ- તત્ત્વ સાંભળવું તે શ્રવણ.

૫) બોધ - તત્ત્વ સાંભળ્યા પછી જે જાણવું તે બોધ.

૬) મિમાંસા- બોધ પર ચિંતન કરવું તે મિમાંસા.

૭) પરિશુદ્ધ પ્રતિપત્તિ - ચિંતન કરાયેલા તત્ત્વનો નિઃશંક નિશ્ચય. -આ પદાર્થ આ પ્રમાણે જ છે. એવો નિશ્ચય કરવો તે પરિશુદ્ધ પ્રતિપત્તિ.

૮) પ્રવૃત્તિ અને તે તત્ત્વનો સ્વીકાર કર્યા પછી તે પ્રમાણે તે વૃત્તિ (ક્રિયા-અનુષ્ઠાન) કરવું આ આઠ અંગ વડે તત્ત્વને વિષે અદ્વેષ રહે છે. ૧૪.

**गर्भार्थं खल्वेषां भावानां यत्नतः समालोच्य ।**
**पुंसा प्रवर्त्तितव्यं कुशले न्यायः सतामेष : ॥ १५ ॥**

આ પદાર્થો (ભાવો)નાં રહસ્યાર્થને સજ્જન પુરુષોએ વિચારીને પ્રયત્નપૂર્વક કુશલ (કલ્યાણ) માર્ગમાં પ્રવર્તવું એવો સજ્જન પુરુષોનો ન્યાય (નીતિમાર્ગ) છે....૧૫

**एते प्रवचनतः खलु समुद्धृता मन्दमतिहितार्थं तु ।**
**आत्मानुस्मरणाय च भावा भवविरहसिद्धिफलाः ॥ १६ ॥**

ભવવિરહ (મુક્તિ) રૂપ ફળને આપનારા આ ભાવો (પદાર્થ) આત્માના (પોતાના) સ્મરણ (યાદી) માટે તથા મંદ બુદ્ધિવાળાનાં હિત માટે પ્રવચન (સિદ્ધાંત)માંથી ઉદ્ધર્યા (લીધા-ગ્રહણ કર્યા) છે....૧૬

**धर्म्मश्रवणे यत्नः सततं कार्यो बहुश्रुतसमीपे ।**
**हितकाङ्क्षिभिर्नृसिंहैर्वचनं ननु हारिभद्रमिदम् ॥ १७ ॥**

આચાર્ય હરીભદ્રસૂરિજીના વચનોને હિત (કલ્યાણ)ને ઇચ્છનારા સિંહ જેવા પુરુષોએ બહુશ્રુતોની પાસે ધર્મ શ્રવણમાં સાંભળવાનો સતત (નિરંતર- હંમેશ) પ્રયત્ન કરવો જોઇએ....૧૭

**-: इति षोडशं षोडशकं :-**

# हारिभद्री वाणी

**पञ्चैतानि पवित्राणि, सर्वेषां धर्मचारिणाम् ।**
**अहिंसा सत्यमस्तेयं, त्यागो मैथुनवर्जनम् ॥**

**अष्टक-१३, श्लो. २**

અહિંસા, સત્યવચન, અચૌર્યભાવ, બ્રહ્મચર્ય અને પરિગ્રહનો ત્યાગ. આ પાંચનું પાલન ધર્મને આચરનારા સર્વને પવિત્ર કરનારું છે. અથવા આ પાંચે ધર્મનું સેવન કરનારાઓને મંગલ-પવિત્ર કરનાર છે....

**धनदो धनार्थिनां प्रोक्तः कामिनां सर्वकामदः ।**
**धर्म एववापवर्गस्य पारम्पर्येण साधकः ॥**

**धर्मबिन्दुः अ० १**

ધનના અર્થિઓને ધન આપનાર, કામીઓની સર્વકામના પૂરનાર અને પરંપરાએ સાધકને અપવર્ગ એટલે મોક્ષ આપનાર ધર્મને કહ્યો છે....

**दुःखं पापात् सुखं धर्मात्, सर्व शास्त्रेषु संस्थितिः ।**
**न कर्तव्यमतः पापं, कर्तव्यो धर्म संचयः ॥**

**शास्त्रवार्तासमुच्चयः स्त० १, श्लो. ३**

પાપથી દુઃખ, ધર્મથી સુખ બધાજ શાસ્ત્રમાં આ વાત રહેલી છે તેથી સુખની ઈચ્છાવાળાએ પાપ કરવું યોગ્ય નથી. ધર્મ (સંચય) કરવો જ યોગ્ય છે....

जिनशासनस्य सारो, जीवदया निग्रहःकषायाणाम् ।
साधर्मिकवात्सल्यं, भक्तिश्च तथा जिनेन्द्राणाम् ॥

धर्मबिन्दु०

જીવદયાનું પાલન, કષાયોનો નિગ્રહ, સાધર્મિકવાત્સલ્ય અને જિનેશ્વરની ભક્તિ એજ જિનશાસનનો સાર છે.

विषयप्रतिभासं चात्मपरिणतिमत्तथा ।
तत्व संवेदनं चैव, ज्ञानमाहुर्महर्षयः ॥

अष्टक, ज्ञानाष्टक० श्लो. १

પદાર્થોના પરિચય રૂપ, આત્મપરિણતિ (આત્મરમણતા) રૂપ અને તત્ત્વ સંવેદન (અનુભવ) રૂપ મહર્ષિઓએ આમ ત્રણ પ્રકારે જ્ઞાન કહ્યું છે....

यथावस्थिततत्त्वानां, संक्षेपाद्विस्तरेण वा ।
योऽवबोधस्तमत्राहुः, सम्यग्ज्ञानं मनीषिणः ॥

यो. पृ. ३६, श्लो. १६

જે પ્રમાણે તત્ત્વો છે. તે તત્વોનો વિસ્તાર થી અથવા સંક્ષેપથી જે બોધ થવો તેને બુદ્ધિમાનો (પંડિતો) એ સમ્યગ્જ્ઞાન કહ્યું છે....

दया भूतेषु वैराग्यं, विधिवत् गुरुपूजनम् ।
विशुद्धा शीलवृत्तिश्च पुण्यं पुण्यानुबन्ध्यदः ॥

हारिभद्रीय अष्टकम्

પ્રાણિઓ પર દયા, અંતરમાં વૈરાગ્યભાવ, વિધિપૂર્વક ગુરુનું પૂજન યાને ગુરુ સેવા અને નિર્મલ શીલભાવ પુણ્યાનુબંધી પુણ્યનું કારણ છે.....

मेहुणसन्नारूढो, नव लक्खं हणेइ सुहुमजीवाणं ।
तित्थयरेणं भणियं, सद्दहियव्वं पयत्तेणं ॥
सयसहस्साण नारीणं, पिट्टं फाडेइ निग्घिणो ।
सत्तट्ठमासिए गम्भे तण्फडंते निफंत्तइ ॥
तं तस्स जत्तियं पावं, तं नवगुणियमेलियं हुज्जा ।
एगित्थियजोगेणं, साहू बंधिज्ज मेहुणओ ॥

संबोधसत्तरि०

મૈથુન સંજ્ઞાને આધિન થયેલો જીવ, સૂક્ષ્મ નવલાખ જીવોને હણે છે. એ પ્રમાણે તીર્થંકર ભગવંતે કહ્યું છે કે તેની પ્રયત્ન પૂર્વક શ્રદ્ધા કરવી...

એક લાખ નારીઓના પેટને નિર્દયતાપૂર્વક ફાડી સાતથી આઠ મહિનાના તરફડતા ગર્ભને કાઢીને કાપે તે કરવાથી જે પાપ લાગે તેનાથી નવગણું પાપ સાધુ મૈથુનસંજ્ઞાને આધિન થઈ એક સ્ત્રી સાથે મૈથુન સેવે તેને ઉપર કહ્યા મુજબનું પાપ કર્મ લાગે છે. અર્થાત્ તે પાપકર્મ બાંધે છે.....

कल्याणमस्तु किल विश्वशरीरभाजां,
जीवाः सदा परहिते निरता भवन्तु ।
दोषा क्षणेन सकला विलयं प्रयान्तु,
सर्वत्र भूत निवहाः सुखिनो भवन्तु ॥

